કેરળના કોઝિકોડ જિલ્લાના એક નાના ગામ થોટીલપાલમના રહેવાસી ૨૪ વર્ષીય અજય આર. રાજે UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫માં ઓલ ઈન્ડિયા ૧૦૯ રેંક મેળવ્યો. હાલમાં ઈરિંજલકુડામાં ક્રાઈસ્ટ કોલેજમાં અંગ્રેજી લેક્ચરર તરીકે કાર્યરત અજયે UPSC ઈન્ટરવ્યુ બોર્ડને તેમની પ્રામાણિકતા, સ્મિત અને આત્મવિશ્વાસથી પ્રભાવિત કર્યા. બાળપણની ઈજાએ તેમની દૃષ્ટિ નબળી કરી દીધી હતી, પરંતુ તે તેને નબળાઈ માનતો નથી. ઓન મનોરમાના એક અહેવાલ મુજબ, અજય આર. રાજ તેમની સિદ્ધિ માટે કોઈ વ્યક્તિગત નિષ્ફળતાને જવાબદાર માનતા નથી અને તેની ચર્ચા કરવાનું ટાળવાનું પસંદ કરે છે. UPSCમાં ૭૩૦ રેંક મેળવ્યા પછી અને ભારતીય રેલ્વે મેનેજમેન્ટ સર્વિસમાં જોડાયા પછી પણ, તેમણે IAS અધિકારી બનવાનું સ્વપ્ન છોડ્યું નહીં અને પાંચમા પ્રયાસમાં મોટી સફળતા મેળવી. અજયની સફર એક નાના શહેરથી દિલ્હી સુધી ફેલાયેલી છે - CBSE ધોરણ ૧૨મા ઓલ ઈન્ડિયા રેંક ૮, સેન્ટ સ્ટીફન કોલેજમાંથી અંગ્રેજીમાં અનુસ્નાતક અને હવે સિવિલ સર્વિસીસમાં પ્રવેશ. તેમની સફળતાની વાર્તા વાંચો.

**સફળતાની વાર્તા એક ઓટો ડ્રાઈવરના પુત્ર દ્વારા લખાયેલ :** મીડિયા અહેવાલો અનુસાર, અજય આર. રાજના પિતા, એન.કે. રાજ, ઓટો-રિક્ષા ચલાવે છે.



તેમની માતા, રાધા, ગૃહિણી છે. તેમના મોટા ભાઈ, રેનોજ એન.કે., કેરળ યુનિવર્સિટીમાં રાજકીય વિજ્ઞાનના સહાયક પ્રોફેસર છે. અજય જ્યારે પણ નર્વસ અથવા તણાવ અનુભવે છે ત્યારે તેમના મોટા ભાઈની સલાહ લે છે. તેઓ તેમને પોતાનો પ્રેરક-ઈન-ચીફ માને છે. અજય આર. રાજનો પ્રિય શોખ તરવું અને યુકુલેલ વગાડવું છે. UPSC CSEની તૈયારીમાં તેમના પરિવારે ખૂબ જ સહયોગ આપ્યો હતો. અજય આર. રાજે યુપીએસસીમાં સમાજશાસ્ત્રને વૈકલ્પિક વિષય તરીકે પસંદ કર્યું હતું. સાંસ્કૃતિક અધ્યયનમાં તેમનો અભ્યાસ આ વિષય સાથે સંબંધિત છે. અજય આર. રાજે તિરૂવનંતપુરમમાં લીડઆઈએએસ એકેડેમીમાંથી યુપીએસસી કોચિંગ મેળવ્યું હતું. ૨૦૨૪ ની યુપીએસસી પરીક્ષામાં, તેઓ ૭૩૦ રેંક સાથે રેલ્વે સેવામાં જોડાયા. જોકે, તેમનું સ્વપ્ન આઈએએસ અધિકારી બનવાનું હતું. તેથી, તેમણે દૃઢતાથી કામ કર્યું. આખરે, યોગ્ય વ્યૂહરચના, પરિવારના સમર્થન અને દૃઢ નિશ્ચય સાથે, તેઓ તેમના સ્વપ્નને પ્રાપ્ત કરવામાં સફળ થયા.

**યુપીએસસી ઈન્ટરવ્યુમાં અજયને શું પૂછવામાં આવ્યું? :** યુપીએસસી ઈન્ટરવ્યુમાં, અજય આર. રાજે ક્રિકેટ શોટ જેવી જ વ્યૂહરચના અપનાવીઃ તેમણે કેઝ્યુઅલ પ્રશ્નો (તરવું, યુક્યુલે) ના વિગતવાર જવાબ આપ્યા, જ્યારે શૈક્ષણિક પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપ્યા. યુપીએસસી બોર્ડે તેમને સાહિત્ય, અનુવાદ વલણો, નેતૃત્વ, ભારતીય રેલ્વે અને લશ્કરી વિરૂદ્ધ કોર્પોરેટ નેતૃત્વ જેવા વિષયો પર ચર્ચા કરવા પણ કહ્યું. અજય આર. રાજ કહે છે કે તેમની પ્રામાણિકતા અને સ્મિતે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન ઈન્ટરવ્યુ બોર્ડ પર ઊંડી છાપ પાડી.

**આ મહિલા IAS અધિકારી પાસેથી પ્રેરણા :** UPSC CSE ૨૦૨૫માં ઓલ ઈન્ડિયા રેંક ૧૦૯ મેળવનાર અજય આર. રાજ કહે છે કે તેમના માતાપિતા અને મોટા ભાઈ રેનોજે તેમને સિવિલ સર્વિસીસમાં જોડાવા માટે પ્રેરણા આપી હતી. તેઓ મલબારની પ્રથમ મુસ્લિમ મહિલા IAS અધિકારી ડૉ. આદિલા અબ્દુલ્લાને પોતાની પ્રેરણા માને છે. વધુમાં, સેન્ટ સ્ટીફનના ભૂતપૂર્વ સિવિલ સેવકોએ પણ તેમના સ્વપ્નને મજબૂત બનાવ્યું. અજયની સફળતા સખત મહેનત, ધ્યાન અને સકારાત્મક વલણનો પુરાવો છે. તેઓ તેમની સિદ્ધિ માટે કોઈ અપંગતાને જવાબદાર માનતા નથી.

# આ રીતે તે કેનેડા અને જર્મનીમાં પોતાની નોકરી છોડીને IPS અધિકારી બની, UPSC પરીક્ષાનો ખર્ચ ઉઠાવવા માટે તેણે રિસેપ્શનિસ્ટની નોકરી અપનાવી

(એજન્સી) તા.૨૯

IPS પૂજા યાદવઃ આજે, મહિલાઓ દરેક જગ્યાએ ટોચના હોદ્દા પ્રાપ્ત કરી રહી છે, પછી ભલે તે કોઈ પણ ક્ષેત્ર હોય. તેઓ દેશ અને વિદેશમાં પોતાની જવાબદારીઓ નિભાવીને પોતાની છાપ છોડી રહી છે. સફળતાની મહત્વાકાંક્ષાથી તે પ્રાપ્ત કરવા સુધીનો માર્ગ સરળ નથી. આ યાત્રામાં દરેકની એક વાર્તા હોય છે, પરંતુ કેટલીક વાર્તાઓ તમને વિચારવા અને પ્રેરણા આપવા માટે મજબૂર કરે છે. તેઓ દર્શાવે છે કે તમારા ઈચ્છિત લક્ષ્યને પ્રાપ્ત કરવા અને તે માર્ગ પર આગળ વધવા માટે ઉંમર અને સંજોગો અપ્રસ્તુત છે. આવી જ એક વાર્તા IPS અધિકારી પૂજા યાદવની છે. આ અધિકારી તેના હૃદય જેટલી સુંદર છે. તેથી જ તેણે દેશ અને વંચિતોની સેવા કરવા માટે વિદેશમાં એક આશાસ્પદ કારકિર્દી છોડી દીધી. ચાલો તેની વાર્તા જાણીએ. UPSC સિવિલ સર્વિસ પરીક્ષા વિશ્વની સૌથી મુશ્કેલ પરીક્ષાઓમાંની એક છે. સ્પર્ધા ઉગ્ર છે, કારણ કે લાખો યુવાનો દર વર્ષે તેમાં ભાગ લે છે. ફક્ત થોડા જ લોકો સફળતા મેળવે છે, અને તેમાંથી એક પૂજા યાદવ છે. પૂજા યાદવ ૨૦૧૮ બેચની IPS અધિકારી છે.



તે દેશના શ્રેષ્ઠ અધિકારીઓમાંની એક છે. પૂજા યાદવનો જન્મ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૮૮ના રોજ થયો હતો. તેણીએ પ્રારંભિક શિક્ષણ હરિયાણાની એક શાળામાં મેળવ્યું હતું. બાદમાં, તેણીએ ફૂડ અને બાયોટેકનોલોજીમાં એમ.ટેક. ડિગ્રી મેળવી. અભ્યાસ પૂર્ણ કર્યા પછી, પૂજા કામ કરવા માટે કેનેડા ગઈ. થોડા વર્ષો ત્યાં કામ કર્યા પછી, તે જર્મની ગઈ.

**પોતાની વિદેશી નોકરી છોડી :** ઉચ્ચ હોદ્દા અને આકર્ષક પગાર ધરાવતી પૂજા તેનાથી સંતુષ્ટ ન હતી. તેણીને બીજા કોઈ વસ્તુનો શોખ હતો, તો તે ત્યાં કેવી રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકે ? તે હંમેશા જરૂરિયાતમંદ પરિવારોને મદદ કરવા માટે ઉત્સુક રહેતી હતી જેથી તેમના બાળકો સારી રીતે જીવી શકે. આ કારણોસર, તે ભારત પરત ફરી અને સિવિલ સર્વિસીસ પરીક્ષા આપવાનું નક્કી કર્યું. પૂજાના પરિવારે હંમેશા તેણીને ટેકો આપ્યો, પરંતુ તેમની આર્થિક સ્થિતિ ખૂબ સારી ન હતી. તેણી એમ.ટેક કરતી વખતે અને યુપીએસસી પરીક્ષાની તૈયારી કરતી વખતે, તેણી બાળકોને ટ્યુશન આપતી હતી અને તેના ખર્ચાઓને પહોંચી વળવા માટે રિસેપ્શનિસ્ટ તરીકે પણ કામ કરતી હતી.

**બીજા પ્રયાસમાં સફળતા :** પૂજા તેના પહેલા પ્રયાસમાં નિષ્ફળ ગઈ હોવા છતાં તેણીએ સતત પ્રયાસ કર્યો અને તેના બીજા પ્રયાસમાં તેણીએ માત્ર પરીક્ષા પાસ કરી નહીં પરંતુ સમગ્ર ભારતમાં ૧૭૪મો રેંક પણ મેળવ્યો. હાલમાં, IPS પૂજા યાદવ ગુજરાત કેડરમાં અધિકારી છે.

**અંગત જીવન :** IPS પૂજા યાદવે ૨૦૨૧માં ૨૦૧૬ બેચના IAS અધિકારી વિકલ્પ ભારદ્વાજ સાથે લગ્ન કર્યા. તેઓ મસૂરીમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશનમાં મળ્યા, ત્યારબાદ તેઓએ સાથે જીવન વિતાવવાનું નક્કી કર્યું.

### મિશન સ્માઈલ-સ્પર્શની સમજ

# અમરેલી પોલીસ સ્કોચ સ્ટેટ ગવર્નન્સ એવોર્ડ ૨૦૨૫થી સન્માનિત

(સંવાદદાતા દ્વારા)

અમરેલી તા.૨૯

ગુજરાત સરકારના મહિલા અને બાળ સુરક્ષાને મહત્ત્વની પહેલ હેઠળ છેલ્લા ૧ વર્ષથી કાર્યરત મિશન સ્માઈલ-સ્પર્શની સમજ-ને રાષ્ટ્રીય સ્તરનું સ્ટેટ ગવર્નન્સ એવોર્ડ-૨૦૨૫થી સમ્માનિત કરવામાં આવેલ છે. દિલ્લી સ્થિત સમ્માનમાં અમરેલી પોલીસ વડા સંજય ખરાત તથા ડીવાયએસપી નયના ગોરડિયાએ આ પુરસ્કાર સ્વીકાર્યા હતા.



જિલ્લામાં બનતા બાળ લૈંગિક ગુનાને અટકાવવા માટે પોલીસ વડાએ ૨૦૨૫માં mission smile (safe moments in loving environment) સુરૂ કરવામાં આવેલ હતો. જેમાં જિલ્લા પોલીસના ડીવાયએસપી નયના ગોરડિયાના સીધા સુપેરવીજન હેઠળ અલગ-અલગ પોલીસ સ્ટેશન હેઠળ ૨૦ ટીમો બનાવી, આ ટીમોને un કમિટી ઓન ચાઈલ્ડ સેફ્ટી અંતર્ગત ટ્રેનિંગ આપી, જિલ્લાના તમામ સ્કૂલ્સ, બાળકો, વાલી તથા પેરેન્ટ્સને બાળ લૈંગિક અધિકાર અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.દેશભરમાંથી ૩૦૦ કરતા વધારે સંસ્થા તથા સરકારી વિભાગમાંથી નામાંકન કરેલ અને એમાંથી અમરેલી જિલ્લા પોલીસને મળેલ આ સમ્માન જિલ્લા પોલીસ માટે ગર્વની બાબત છે.

મિશન સ્માઈલ અંતર્ગત જિલ્લામાં બનતા બાળ લૈંગિક ગુના અટકાવવા માટે બાળકો વાલી અને શિક્ષકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આજ દિન સુધી ૧.૫ લાખ કરતા વધારે બાળકો સુધી પોલીસ આવા ગુના, રોકવા માટે, ગુના બન્યા પછી જરૂરી કાર્યવાહી માટે આવી તથા સમાજ અને પરિવાર અને બાળક સાથે પરિવારને એવી બાબતમાં જાગૃત કરવામાં સફળ પ્રયાસ કર્યા છે.

### હિંમતનગરમાં કલેક્ટરની હાજરીમાં બેઠક મળી

# ઈંધણ અને અનાજની સંગ્રહખોરી કરનારા સામે કડક કાર્યવાહી કરાશે

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના નાગરિકોને પેટ્રોલ, ડીઝલ, પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો કોઈપણ અવરોધ વગર સતત મળતો રહે તે હેતુથી ૨૯ માર્ચ ૨૦૨૬ના રોજ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્તરીય સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને તેલ કંપનીઓના પ્રતિનિધિઓએ વર્તમાન પરિસ્થિતિ અને ભાવિ આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં પુરવઠાની સાંકળ જાળવી રાખવાનો અને કોઈપણ પ્રકારની કૃત્રિમ અછત ઊભી ન થાય તે સુનિશ્ચિત કરવાનો છે.

બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારીએ હાલમાં જિલ્લામાં ઉપલબ્ધ જથ્થાની વિગતો આપતા જણાવ્યું હતું કે, સાબરકાંઠામાં ૨૫ સીએનજી પંપ અને ૧૧૯ પેટ્રોલ-ડીઝલ પંપ કાર્યરત છે. તારીખ ૨૯-૦૩-૨૦૨૬ની સ્થિતિએ જિલ્લામાં કુલ ૧૩૬૫ કિલો લિટર પેટ્રોલ અને ૨૧૨૬ કિલો લિટર ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે, જે દૈનિક સરેરાશ વેચાણ સામે પૂરતો હોવાનું જણાય છે.

આ ઉપરાંત જિલ્લાની ૨૧ ગેસ એજન્સીઓ પાસે વિવિધ કંપનીઓનો કુલ ૧૦,૭૬૧ એલપીજી સિલિન્ડરનો જથ્થો હાજર છે. ગેસ એજન્સીઓને પણ સૂચના આપવામાં આવી છે કે તેઓ ઘરગથ્થુ અને કોમર્શિયલ ગેસના વિતરણમાં પારદર્શિતા જાળવે અને ગ્રાહકોને સમયસર ડિલિવરી મળે તે બાબત સુનિશ્ચિત કરે.

ખાદ્ય સુરક્ષાના ભાગરૂપે સમિતિ દ્વારા ઘઉં, ચોખા, તુવેર દાળ, મીઠું અને ખાંડ જેવી ચીજવસ્તુઓના વિતરણ પર પણ દેખરેખ રાખવામાં આવી રહી છે. માર્ચ ૨૦૨૬ના કોમોડિટી વાઈઝ રિપોર્ટ મુજબ ખેડબ્રહ્મા, વિજયનગર, વડાલી, ઈડર અને હિંમતનગર સહિતના તાલુકાઓમાં વિતરણની પ્રક્રિયા સુચારુ રીતે ચાલી રહી છે. કલેક્ટર દ્વારા કડક સૂચના આપવામાં આવી છે કે કોઈપણ વેપારી કે સંસ્થા દ્વારા અનાજ કે ઈંધણની સંગ્રહખોરી કરવામાં આવશે અથવા કાળાબજારના પ્રયાસો થશે તો તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ક્ષેત્રે પણ જિલ્લામાં નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા નવા કનેક્શન આપવાની પ્રક્રિયા વેગવંતી બનાવવામાં આવી છે. ડોમેસ્ટિક પીએનજી ક્ષેત્રે ૯૦૫ જેટલી અરજીઓ પ્રક્રિયા હેઠળ છે અને આગામી ત્રણ અઠવાડિયામાં નવા વિસ્તારોમાં જોડાણ આપવાની ક્ષમતામાં વધારો કરવાનું આયોજન છે.આ ઉપરાંત જે વિસ્તારોમાં પીએનજી લાઈન ઉપલબ્ધ છે તેવા વિસ્તારના નાગરિકો તેમજ હોટલ રેસ્ટોરન્ટ અને અન્ય સંસ્થાઓને પીએનજી કનેક્શન વસાવવા માટે પ્રોત્સાહિત કરવા સમિતિ દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું.

વહીવટી તંત્ર દ્વારા જનતાને અપીલ કરવામાં આવી છે કે તેઓ ખોટી અફવાઓથી દૂર રહે અને ઈંધણ કે અનાજની પેનિક બાઈંગ એટલે કે બિનજરૂરી ખરીદી ન કરે.

# સુરેન્દ્રનગર : રૂમીનબાનુનું મુખ્યમંત્રીના હસ્તે બહુમાન

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૯

ગાંધીનગર ખાતે students startup and innovation policy ( Ssip 2.0) નમો લક્ષ્મી યોજના સરસ્વતિ વિજ્ઞાન સાધના કાર્યક્રમ અંતર્ગત ગુજરાત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા તેમજ શિક્ષણ મંત્રી પ્રદ્યુમ્નભાઈ વાંઝા, રિવાબા જાડેજાના હસ્તે પાટડી તાલુકા પંથકનું ગૌરવ શ્રી નારાયણ ગુરૂ વિદ્યાલય અમદાવાદ ( SNGV) ખાતે અભ્યાસ કરતી ૧૧ સાયન્સની વિદ્યાર્થી રૂમીનબાનુ સોયબમહંમદ જુણેજાને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

રૂમીનબાનુ સોયબમહંમદ જુણેજા જે પાટડીના પૂર્વ જાણીતા શિક્ષક રહી ચુકેલા અબ્દુલભાઈ જુણેજા (ચાચા સાહેબ)થી જાણીતા તેમની પૌત્રી છે. ચાચા સાહેબ એ પાટડી પંથકમા શિક્ષણની જ્યોત પ્રગટાવી તેમણે પણ શિક્ષણ જગતમાં યોગદાન આપ્યું છે.

રૂમીનબાનુ જુણેજા એ એવું કાર્ય કર્યું છે કે જે ટેક્નોલોજીને એ કાર્યથી સફળતા મળે જ્યારે વરસાદ આવતો હોય અને તમારા કપડાં સેડની બહાર સુકાતા હોય અને જે તે સમયે તમે ઘરે હાજર ના પણ હોય ત્યારે તે કપડાં આપોઆપ તે સેડની અંદર આવી જાય તેવું ટેક્નોલોજી પારદર્શકતાનો ઉપયોગ કરી ખુબ ઉંડાણ પૂર્વક કાર્ય કર્યું છે.

દસાડા, પાટડી તાલુકા પંથક પણ રુમીનબાનુ સોયબમહંમદ જુણેજા માટે ખુબ ગૌરવની લાગણી અનુભવે છે. આ બાબતે રૂમીનબાનુ જુણેજાને ઠેરઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે. આ પહેલા પણ આ દિકરી એ સુરેન્દ્રનગર જિલ્લા તેમજ સમગ્ર ગુજરાતને સ્પર્ધાત્મકમા પણ ઉચ્ચ સ્થાન મેળવ્યું હતું.

### રાજ્યમંત્રી પ્રવીણ માળીના હસ્તે

# નવીન ડીસા તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરાયું

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૯

ડીસા તાલુકાના વિકાસમાં એક નવું સીમાચિહ્ન ઉમેરાયું છે. શહેરના મધ્યમાં રૂા.૪.૩૮ કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન સુવિધાઓથી સજ્જ તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ડીસાના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી પ્રવિણ માળીના હસ્તે આ કચેરી વિધિવત રીતે ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ પક્ષના અગ્રણીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરપંચો, તાલુકા વિકાસ અધિકારી, પૂર્વ પ્રમુખો અને જિલ્લા પંચાયતના સભ્યો સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી પ્રવિણ માળીએ તાલુકા પંચાયત કચેરી પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. મંત્રી



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

પ્રવિણ માળીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, તમામ સરપંચો અને અગ્રણીઓએ એક મહત્ત્વનો નિર્ધાર કર્યો છે. આવનારા સમયમાં ડીસા તાલુકાની તમામ આંગણવાડીઓને 'સ્માર્ટ આંગણવાડી' તરીકે વિકસાવવામાં આવશે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, નવી કચેરીના નિર્માણથી સામાન્ય જનતાના વહીવટી કામોમાં સરળતા રહેશે. આ સાથે જ તાલુકામાં શિક્ષણ, આરોગ્ય અને રમતગમત જેવા પાયાના ક્ષેત્રોમાં વધુ સુધારા લાવવા માટે સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર કટિબદ્ધ છે.

### આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે

# હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસની મીટિંગ મળી



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૯

હિંમતનગર ખાતે રવિવારના રોજ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આવનારી જિલ્લા - તાલુકા અને નગરપાલિકાની ચૂંટણીઓને લઈને સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સંકલન સમિતિની મીટિંગ ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતા અને ખેડબ્રહ્માના ધારાસભ્ય તુષારભાઈ ચૌધરી, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામભાઈ સોલંકી, જિલ્લા પ્રભારી દિનેશભાઈ ગઢવી, સાબરકાંઠા જિલ્લા પૂર્વ કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ પટેલ, બાબુજી ઠાકોર તેમજ વિધાનસભા પ્રભારી અને જિલ્લાના આગેવાનો વિવિધ સેલ, તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

# ભેરસમ ગામે ચાલુ મોપેડમાં અચાનક આગ લાગતા બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૨૯

વાગરાના ભેરસમ ગામે ચાલુ મોપેડમાં અચાનક આગ લાગતા બળીને ખાખ થઈ જવા પામી હતી. રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતાની સાથે જ આગ લાગવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. આવી જ એક ઘટના વાગરા તાલુકાના ભેરસમ ગામના મંદિર નજીકથી પસાર થઈ રહેલા એક મોપેડમાં બનવા પામી હતી. વાહનમાં અચાનક ટેક્નિકલ ખામીના કારણે આગ ફાટી નીકળતા જોતજોતામાં આખે આખુ મોપેડ આગની જવાળાઓમાં લપેટાઈ ગયું હતું.? ઘટના સમયે હાજર લોકો અને વાહનચાલકે આગ બૂઝાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વધુ પડતી આગની જવાળાને પગલે થોડીક જ ક્ષણોમાં મોપેડ બળીને ખાખ થઈ ગયું હતું. સદનસીબે આગ લાગવાની જાણ થતા જ ચાલક સમય સૂચકતા વાપરી મોપેડ પરથી નીચે ઉતરી ગયો હતો. જેના કારણે કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી. મંદિર જેવા ગીચ વિસ્તારમાં અકસ્માત સર્જાતા સ્થાનિક લોકોમાં ચિંતા જોવા મળી હતી.

### તંત્રની ઘોર બેદરકારી સામે નગરજનોમાં ભારે રોષ

# નડિયાદ : પીજ ભાગોળ પાસે ખાડામાં એક્ટિવા પટકાતા ચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૯

નડિયાદના છાંટીયાવડ ગાઝીપુરવાડા વિસ્તારમાં રહેતા ૪૯ વર્ષીય મહમદ સલીમ ખાલિદમિયા મલેક પોતાના કામ અર્થે એક્ટિવા લઈને પીજ ભાગોળ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન માર્ગ પર ઉભરાતી ગટરના ગંદા પાણીથી ભરેલા એક ખાડામાં તેમનું એક્ટિવા અચાનક પટકાયું હતું. વ્હીલ ખાડામાં પડતા જ સલીમભાઈએ વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તેઓ આરસીસી રોડ પર જોરભેર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગયા હતા.

સ્થાનિક તુરંત મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે ગંભીર ઈજાગ્રત સલીમભાઈને સારવાર મળે તે પહેલા ફરજ પરના ડોક્ટરોએ તપાસી મૃત જાહેર કર્યા હતા. દરમિયાન આ સંદર્ભે નડિયાદ શહેર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અંજાર ખાતે શોભાયાત્રામાં કોમી એકતાના અનુપમ દૃશ્યો સર્જાયા



(તસવીર : દિનેશ દૈયા, અંજાર)

(સંવાદદાતા દ્વારા) અંજાર, તા.૨૯

અંજાર નગરના દેવળીયા નાકા થી પસાર થયેલ ભવ્ય, દિવ્યને વિરાટ રામ ધન્શયામ જન્મોત્સવની રથયાત્રાના ટ્રસ્ટીઓને સયોંજક તથા સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યવાહ મહેશભાઈ હરીલાલ ઓઝાનું તથા અન્ય અગ્રણીઓ આયોજકોનું શાલ ઓઢાડી, હારારોપણથી સન્માન કરાયું ને રથયાત્રાના રથને ફુલડે વધાવ્યાને સ્વાગત કરી આવકાર અપાયો હતો. અંજાર સમસ્ત મુસ્લિમ સમાજના અગ્રણીઓને મુસ્લિમ લઘુમતી મોરચા દ્વારા આયોજન કરાયેલ હતું. કુંભાર કાસમ ભાઈ, અઝીજ ભાઈ સરાણી, સંધી સમાજના કરીમ ચોહાણ સહિત આગેવાનો જોડાયેલ હતા. નગરની કોમી એખલાસનો પ્રસંગ ગણાવ્યો જે કોમી એકતા મોહબ્બતનો સંદેશ બતાવી દાખલો બેસાડયો.

### ધાર્મિક કાર્યક્રમ

# ધાનેરા : સાંચોર રોડ પર અંબાશા પીરના ઉર્સમાં શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા

સાંચોર રોડ ઉપર કોમી એકતાના પ્રતીક દાદા અબનશા શાહ પીરનો ઉર્સ ચાલી રહ્યો છે. પીર કી જાલના નામે પ્રચલિત સમગ્ર પશ્ચિમ રાજસ્થાન ઉત્તર ગુજરાત અને દેશમાંથી મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ અકીદતમંદો ઉમટી પડે છે. ૭૦૦ વર્ષ અગાઉ સાચોર પાસે આવેલ પ્રતાપપુરા ગામ નજીક તે સમયે ગીચ જંગલમાં દાદા અંબાશા ઓલિયા અહીંયા આવીને રહેતા હતા તેઓએ ઝાળ (પીલુનો ઝાડ)નું દાતણ કરી દાતણ જમીન ઉપર રોપી દીધેલ આજે તે ઝાળ મોટો વટ વૃક્ષ તરીકે જોવા મળે છે. આ ઝાળ ઉપરથી સ્થળનું નામ પીરકી ઝાળ પાડવામાં આવેલ. કોમી એકતાના પ્રતીક એવા આ દરગાહની જિયારત માટે મોટી સંખ્યામાં હિન્દુઓ આવે છે. હાલ પીરકી ઝાળનો ઉર્સ ૨૦ માર્ચથી ૩૦ માર્ચ સુધી શરૂ થતા ખૂબ જ મોટી સંખ્યામાં અકિદતમંદો ત્યાં પહોંચી રહ્યા છે. કહેવાય છે કે થરાદી મેમણ સમાજ મોટી સંખ્યામાં તેઓના અનુયાયી છે. જાહેર રોડ ઉપર સાચોર પોલીસ દ્વારા ખૂબ જ સુંદર ટ્રાફિક વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમજ દરગાહ કમિટી દ્વારા લંગરનું આયોજન કરવામાં આવે છે.

### "ઓપરેશનલ એફિશિયન્સી અને ઓર્ગેનાઈઝેશનલ ડેવલપમેન્ટ" પર

# ISTD ભરૂચ ચેપ્ટર દ્વારા BICON-૨૬ કોન્ફરન્સનું આયોજન કરાયું

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૯

ભારતીય સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ (ISTD), ભરૂચ ચેપ્ટરે ૨૮ માર્ચ, ૨૦૨૬ના રોજ શ્રી સ'દ વિદ્યા મંડળ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ભરૂચ ખાતે એક દિવસીય કોન્ફરન્સ BICON-૨૬નું સફળતાપૂર્વક આયોજન કર્યું. આ કોન્ફરન્સમાં શિક્ષણવિદો, ઉદ્યોગ વ્યાવસાયિકો, HR નેતાઓ અને મેનેજમેન્ટ વિચારકો "ઓપરેશનલ એફિશિયન્સી અને ઓર્ગેનાઈઝેશનલ ડેવલપમેન્ટ" થીમ પર ચર્ચા કરવા માટે ભેગા થયા હતા.



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

આ કાર્યક્રમ ISTD ભરૂચ ચેપ્ટરના અધ્યક્ષ અને ONGC અંકલેશ્વરના એસેટ મેનેજર જે.એન. સુકનંદનના સક્ષમ નેતૃત્વ હેઠળ યોજાયો હતો, જેમના માર્ગદર્શન અને દ્રષ્ટિકોણથી કોન્ફરન્સને અર્થપૂર્ણ જ્ઞાન-શેરિંગ પ્લેટફોર્મ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ISTD ભરૂચ ચેપ્ટરના કોન્ફરન્સ ડિરેક્ટર અને વાઈસ ચેરપર્સન ડૉ.તૃપ્તિ એસ. અલમૌલાએ મેનેજિંગ કાઉન્સિલના તમામ સભ્યો અને વિદ્યાર્થી સભ્યો તરફથી ભારે સમર્થન સાથે કોન્ફરન્સનું આયોજન અને અમલીકરણ કર્યું. તેમના માર્ગદર્શન હેઠળ, BICON-૨૬ને સમકાલીન સંગઠનાત્મક પડકારો, કાર્યકારી શ્રેષ્ઠતામાં શ્રેષ્ઠ પ્રથાઓ અને ટકાઉ સંગઠનાત્મક વિકાસ માટેની વ્યૂહરચનાઓનો સામનો કરવા માટે તૈયાર કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં મુખ્ય અતિથિ તરીકે પ્રખ્યાત લીડરશીપ કોચ અને લીડરશીપ ઈન્ક્યુબેટર હિમાંશુ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સદ વિદ્યા મંડળ એન્જિનિયરિંગ કોલેજના કેમ્પસ ડિરેક્ટર શ્રી જીવરાજ પટેલે આ પહેલને પોતાનો ટેકો આપ્યો અને ભવિષ્ય માટે તૈયાર સંગઠનોના નિર્માણ માટે શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે સહયોગના મહત્ત્વ પર ભાર મૂક્યો.BICON-૨૬માં નીચેની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરતી સમજદાર ચર્ચાઓ અને વાર્તાલાપ દર્શાવવામાં આવ્યા હતા.

વ્યૂહાત્મક નેતૃત્વ દ્વારા કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો, વ્યવસાયિક લક્ષ્યો સાથે સંગઠનાત્મક વિકાસ પહેલનું સંરેખણ, એઆઈ યુગમાં જ્યાં ટેક્નોલોજી, માનવ પ્રણાલીઓ અને ESG ભેગા થાય છે ત્યાં સ્થિતિસ્થાપક, ચપળ અને ઉચ્ચ-પ્રદર્શન સંગઠનોનું નિર્માણ. અત્યંત પ્રખ્યાત નિષ્ણાત વક્તાઓએ પરિષદની સફળતામાં ફાળો આપ્યો. અમારી સાથે હતા - આકાશ ઠાકુર (સ્થાપક અને મેનેજિંગ પાર્ટનર, HRBP ગ્લોબલ), ડૉ.રાજીવ કુરૂલકર (કન્સલ્ટન્ટ અને બિઝનેસ એક્સેલન્સ ફેસિલિટેટર), શ્રી મયુર પટેલ (CEO, Proflex), ડૉ.શીતલ નાયર (સ્થાપક, બેટર માઈન્ડ વેઝ) અને પિનલ પટેલ (ડિરેક્ટર-EHS, અલ્સ્ટોમ ટ્રાન્સપોર્ટ ઈન્ડિયા લિમિટેડ).

આ કોન્ફરન્સે શીખવા, નેટવર્કિંગ અને પ્રગતિશીલ વિચારોના આદાનપ્રદાન માટે એક આકર્ષક પ્લેટફોર્મ પૂરૂં પાડ્યું, જે ISTD ભરૂચ ચેપ્ટરની વ્યાવસાયિક વિકાસ અને સંગઠનાત્મક શ્રેષ્ઠતાને આગળ વધારવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે.

### સુરેન્દ્રનગર મનપા દ્વારા

# ભોગાવો નદીનું શુદ્ધિકરણ કરવા એક કરોડનો ખર્ચ કરાશે

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૯

સુરેન્દ્રનગરની ભોગાવો નદી ગુજરાત રાજ્યની સૌથી પ્રદૂષિત નદીઓ સામેલ થઈ ગઈ છે ત્યારે સુરેન્દ્રનગર ની ભોગાવો નદીમાં સતત દૂષિત પાણી છોડવામાં આવી રહ્યું છે મહાનગરપાલિકા અને ઔદ્યોગિક એકમો દ્વારા પણ વપરાશ થયેલું પાણી ભોગાવો નદીમાં છોડવામાં આવી રહ્યું છે જેની રજૂઆત વારંવાર કરવામાં આવી છે અને અંતે હવે મહાનગરપાલિકા દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ ત્રણ સ્થળો ઉપરથી દૂષિત પાણી ભોગાવો નદીમાં છોડવામાં આવી રહ્યું છે ત્યારે આ પ્લાનમાં ફેરફાર કરી અને ભોગાવો નદીમાં જે પાણી છોડવામાં આવી રહ્યું છે તે બંધ કરવા અંગેનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જેમાં મહાનગરપાલિકા દ્વારા અંદાજિત એક કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે અને ટૂંક સમયમાં તેનું ટેન્ડર પણ બહાર પાડવામાં આવશે. ભોગાવો નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે તેની પાઈપ લાઈનનું નેટવર્ક બદલાવી અને આ પાઈપલાઈનનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા દૂષિત પાણી એકત્રિત કરવાના ટાંકાઓમાં ઠાલવવામાં આવશે અને તેનો યોગ્ય નિકાલ થાય તે અંગેની વ્યવસ્થા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે શહેરની નદી અને શહેરીજનોનું આરોગ્ય પણ જોખમમાં ન મુકાય તે અંગે પ્રથમ વખત મહાનગરપાલિકા દ્વારા આ મુહિમ ફેલાવવામાં આવશે. હાલના તબક્કામાં ભોગાવો નદી આજુબાજુ રહેતા લોકોનું આરોગ્ય પણ જોખમમાં મુકાઈ રહ્યું છે તેવા પણ અનેક પ્રકારની ફરિયાદો તંત્ર અને મહાનગરપાલિકાને મળી છે લોકોને ભોગાવો નદી ઉપર થી પસાર થવું હોય તો મોઢે રૂમાલ રાખવો પડી રહ્યો છે ત્યારે હવે ભોગાવો નદી શુદ્ધિકરણ પાછળનું પ્રથમ તબક્કાનું પગલું મહાનગરપાલિકા ભરવા જઈ રહી છે.

## ડીસામાં મિસ ફાયરિંગ મામલે સિક્યુરિટી ગાર્ડ સામે ગુનો દાખલ

ડીસા, તા.૨૯

બેંકના સિક્યુરિટી ગાર્ડ જીતેન્દ્રસિંહ યદુસિંહ રાજપૂતની બંદૂકમાંથી અચાનક એક રાઉન્ડ ફાયર થયો હતો. ગોળી રિક્ષાના પાછળના લોખંડના ભાગને ચીરીને સીધી શકરીબેનની કમરના ભાગે વાગી હતી. પાલનપુર સિવિલના સુપ્રિટેન્ડેન્ટ ડો. સુનિલભાઈ જોશીએ જણાવ્યું હતું કે, 'સીટી સ્કેન રિપોર્ટ મુજબ મહિલાના લિવર, આંતરડા અને કિડની પર ગંભીર ઈજાઓ થઈ છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા તેમને વધુ સારવાર માટે રાત્રે જ અમદાવાદ રિફર કરવામાં આવ્યા છે.' આ ઘટના અંગે મથુરજી સ્વરૂપજી ખાડેડીયાએ ફરિયાદ નોંધાવતા ડીસા શહેર દક્ષિણ પોલીસે સિક્યુરિટી ગાર્ડ જીતેન્દ્રસિંહ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસે બંદૂક કબજે કરી આ ફાયરિંગ બેદરકારીથી થયું હતું કે અન્ય કોઈ કારણસર, તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# ભાવનગર નજીક વાળુકડ ગામે યુવાનની કરપીણ હત્યા

ભાવનગર, તા.૨૯

ભાવનગરના નજીકના વાળુકડ ગામે ગત રાત્રે એક યુવાનની અજાણ્યા શખ્સોએ છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. હુમલાખોરોએ પેટના ભાગે ઉપરાઉપરી ઘા માર્યા હતા, જેના કારણે ગંભીર રીતે ઘાવાયેલ યુવકનું હોસ્પિટલ પહોંચતા જ મોત નીપજ્યું હતું.

આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર સીદસર નજીક આવેલા વાળુંકડ ગામમાં ગત રાત્રે યુવાનની કરપીણ હત્યાનો બનાવ બન્યો હતો. જેમાં અજાણ્યા શખ્સોએ રવિભાઈ અનિલભાઈ ક્લોતરા (ઉં.વ.૨૯)ને પેટના ભાગે આડેધડ છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો હતો. બનાવની જાણ થતાં જ ASP, સિટી Dy.SP તેમજ વરતેજ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. મૃતદેહને ભાવનગરની સર ટી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં પ્રાથમિક માહિતી મુજબ હત્યાના કારણો અંગે હજી સ્પષ્ટતા થઈ નથી અને પોલીસે ત્રણ અજાણ્યા શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

હત્યાની સંપૂર્ણ ઘટના ત્યાંથી પસાર થઈ રહેલા એક કારચાલકે પોતાના મોબાઈલમાં કેદ કરી હતી. હાલ પોલીસે હત્યાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ દિશામાં તપાસના આદેશ અપાયા છે.

## વિલાયત ચોકડી પાસે ઈજાગ્રસ્ત નીલગાયનું વન વિભાગે રેસ્ક્યુ કર્યું

વાગરા, તા.૨૯

વાગરા તાલુકાની અરગામા સ્થિત વિલાયત ચોકડી પર ગત રાત્રીએ નીલ ગાય અને ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં નીલગાયને ગંભીર ઈજાઓ થતા લોહીલુહાણ થઈ જવા પામી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ અબોલ જીવને બચાવવા માટે સમયસર વન વિભાગનો સંપર્ક કર્યો હતો.બનાવની ગંભીરતા જોઈ વન વિભાગની ટીમ પણ મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વન વિભાગના અધિકારીએ પોતે સ્થળ પર હાજર રહી નીલગાયનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરાવ્યુ હતુ.લોહીલુહાણ હાલતમાં તરફડતી નીલગાયને વન વિભાગે સારવાર અર્થે ખસેડી હતી.

### દિયોદરના રૈયા ગામની

# આશા ચૌધરીએ ૪૦૦ મીટરની દોડમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો

(સંવાદદાતા દ્વારા)ડીસા, તા.૨૯

દિયોદર તાલુકાના રૈયા ગામની ખેડૂત પુત્રી આશા ચૌધરીએ મર્યાદિત સુવિધાઓ વચ્ચે કઠોર મહેનત કરી રાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ બનાવી છે.

કેરળના ત્રિવેન્દ્રમ ખાતે ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાયેલી ૭મી ઈન્ડિયન ઓપન દોડ સ્પર્ધામાં તેણે અંડર-૧૮ કેટેગરીમાં ૫૯.૬૨ સેકન્ડમાં દોડ પૂર્ણ કરી બ્રોન્ઝ મેડલ જીત્યો છે, જેનાથી સમગ્ર જિલ્લામાં આનંદની લાગણી પ્રસરી છે.





વર્ષ ૨૦૧૯થી પોતાની રમતગમતની યાત્રા શરૂ કરનાર આશાએ અનેક પડકારોનો સામનો કર્યો છે. ખાસ કરીને, આ સ્પર્ધાના માત્ર ૧૫ દિવસ પહેલા જ પ્રેક્ટિસ દરમિયાન તેને પગમાં સ્નાયુ ખેંચાવાની ગંભીર ઈજા થઈ હતી અને હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી.તેમ છતાં, હિંમત હાર્યા વગર તેણે ટૂંકા ગાળામાં સ્વસ્થ થઈ નેશનલ સ્પર્ધામાં ભાગ લીધો અને મેડલ જીતીને પોતાની દૃઢ ઈચ્છાશક્તિનો પરિચય આપ્યો છે. આશા તેની સફળતા માટે દરરોજ સવારે અને સાંજે એમ કુલ ૪ કલાકથી વધુ સમય ડીએલએલએસ ગ્રાઉન્ડમાં કોચના માર્ગદર્શન હેઠળ પ્રેક્ટિસ કરે છે.

## સીદી સૈયદની જાળી આગળ નવો હેરિટેજ લુક : બેઠક વ્યવસ્થા અને બગીચા માટે કામગીરી શરૂ



અમદાવાદની ઐતિહાસિક ઓળખ ગણાતી સીદી સૈયદની જાળી હવે નવા રૂપમાં ઝળહળી ઉઠશે. મુલાકાતીઓ માટે આરામદાયક બેઠક અને હરિયાળો બગીચો ઉભો કરવાની તૈયારી જોરશોરથી ચાલી રહી છે. આ માટે આગળની દીવાલ તોડી કામગીરીને વેગ અપાયો છે, જેથી વિસ્તાર વધુ ખુલ્લો અને આકર્ષક બની શકે.સ્થળ પર હાલ કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે. શહેરના હેરિટેજ લુકને જાળવી રાખતાં આધુનિક સુવિધાઓ ઉમેરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.સીદી સૈયદની જાળી અમદાવાદની ઓળખ સમાન છે. અહીં થતી આ નવી સુવિધાઓથી સ્થાનિકો અને પ્રવાસીઓ માટે આ સ્થળ વધુ આકર્ષણનું કેન્દ્ર બનશે.

### કોર કમિટીની બેઠકમાં આગામી રણનીતિ અને ભાવિ કાર્યક્રમો નક્કી કરાયા

# UCCના વિરોધમાં ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિ જનજાગૃતિ અભિયાનથી લઈને સંવૈધાનિક-કાનૂની પગલાં લેશે

**● જુમ્માના દિવસે વિરોધ વ્યક્ત કરાશે, રાજ્યના ગવર્નર અને દરેક જિલ્લાના કલેક્ટરને આવેદન અપાશે ● વિવિધ ધાર્મિક સમુદાય સાથે સંવાદ કરાશે**

અમદાવાદ, તા.૨૯

ગુજરાત સરકારે બહુમતીના જોરે વિધાનસભામાં પસાર કરેલા મુસ્લિમ વિરોધી "સમાન નાગરિક સંહિતા (UCC)ની વિરૂદ્ધમાં ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિની કોર ગ્રુપની યોજાયેલી બેઠકમાં આગામી રણનીતિ અને ભાવી કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજયના ગવર્નરને આવેદન પત્ર : ગુજરાત સરકાર દ્વારા બહુમતીના જોરે વિધાનસભામાં પસાર કરવામાં આવેલ "સમાન નાગરિક સંહિતા"ને રદ કરવા માટે આ કાયદાની વિરૂદ્ધમાં રાજયના ગવર્નરને મળીને એક આવેદન આપવાનું નક્કી કરવામાં આવેલ છે. રાજયપાલની મુલાકાત માટે પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને જવાબદારી સોંપવામાં આવી હતી.

જુમ્માના દિવસે વિરોધ : ૩ એપ્રિલ, ૨૦૨૬ જુમ્માની નમાઝમાં દરેક મુસ્લિમ જમણા હાથે કાળી પટ્ટી બાંધીને UCC વિરૂદ્ધ પોતાનો વિરોધ વ્યક્ત કરશે. ઉલેમાએ કિરામ UCC વિરૂદ્ધ યવમે દુઆ કરાવશે. તેમજ UCC વિરૂદ્ધ જુમ્માનો ખિતાબ કરવામાં આવશે. જે માટે મુફ્તી એહમદ દેવલા દ્વારા તૈયાર કરવામાં આવેલ જુમ્માનો ખુતબો લેખિતમાં સાઉન ખતીબ ને મોકલવામાં આવશે. તેમનો વિડીયો સંદેશ પણ વાઈરલ કરવામાં આવશે.

● ગુજરાત રાજયના દરેક જિલ્લામાં કલેકટરને મેમોરેન્ડમ : મુસ્લિમ સમુદાયના ધાર્મિક, સામાજીક, રાજકીય આગેવાનો, વકીલો, મુસ્લિમ જમાઅતો અને સંગઠનોના હોદ્દેદારો પર આધારિત પ્રતિનિધિમંડળ દ્વારા ૬ એપ્રિલ, ૨૦૨૬ સોમવારના રોજ દરેક જિલ્લાના કલેકટરને એક આવેદન પત્ર આપવા અને કલેકટર ઓફિસની બહાર પ્લે કાર્ડ સાથે મૌન ધરણા યોજવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જે માટે દરેક જિલ્લામાં જવાબદારોની નિયુક્તિ કરવામાં આવે છે.

મુસ્લિમ હિત રક્ષક સમિતિ દ્વારા ૩૦મી માર્ચ સોમવારે હોટેલ અર્ટિલા ઈન એલિસબ્રિજ ખાતે બપોરે ૩:૦૦ વાગ્યે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવશે. સંવૈધાનિક અને કાનૂની પગલાં : બિલના કાનૂની પાસાઓનો અભ્યાસ કરવા માટે નિષ્ણાત વકીલોની ટીમ બનાવવી, જો જરૂરી લાગે તો મામલો સુપ્રીમ કોર્ટ અથવા ગુજરાત હાઈકોર્ટમાં બંધારણીય પડકાર તરીકે લઈ જવો. બંધારણમાં આપવામાં આવેલી ધાર્મિક સ્વતંત્રતા અને વ્યક્તિગત કાયદા અંગેના અધિકારોને આધાર બનાવી રજૂઆત કરવી. જનજાગૃતિ અભિયાન : સમાન નાગરિક સંહિતા (UCC) કાયદો શું છે, મુસ્લિમ સમુદાયના શરિયત કાયદાઓ ઉપર કેવી અસર થશે. તે માટે જાગૃતિ લાવવાના હેતુસર મુસ્લિમ સમુદાય માટે સેમિનાર, વર્કશોપ અને મિટિંગોનુ આયોજન કરવું. સરળ ભાષામાં પેમ્ફલેટ, લેખ અને સોશિયલ મીડિયા દ્વારા લોકો સુધી માહિતી પહોંચાડવી. બિલની સંભવિત અસર વિશે તથ્ય આધારિત માહિતી આપવી. વિવિધ ધાર્મિક સમુદાય સાથે સંવાદ : અન્ય ધાર્મિક અને સામાજિક સંગઠનો સાથે ચર્ચા કરીને સહમતિ અને સહયોગ મેળવવા પ્રયત્નો કરવા. મુદ્દાને માત્ર એક સમુદાયનો નહીં પરંતુ બંધારણીય અને નાગરિક અધિકારોના મુદ્દા તરીકે રજૂ કરવો. સમાન નાગરિક સંહિતા (UCC) : આ બિલને નિરર્થક કેવી રીતે બનાવી શકાય, શરિયત ઉપર અમલ કરવાના ઉપાયો. જે માટે ઉલેમાએ કિરામ અને વકીલોની એક ટિમ બનાવવી અને તેમને આ સંશોધન કાર્ય સોંપવું. દા. ત. શું વસિયત દ્વારા વારસાને નિરર્થક બનાવી શકાય? એકથી વધુ અથવા વિધવા વિવાહને લિવ ઈનમાં રજિસ્ટર્ડ કરાવી શકાય ? તલાક માટે શરઈ પંચાયત, દારૂલ કઝાનું નેટવર્ક બનાવી શકાય. બેઠકમાં સમિતિના કન્વીનર ખાદિમ લાલપુરી, મુફ્તી અહેમદ દેવલા (જંબુસર), પ્રોફેસર નિસાર એહમદ અન્સારી, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, જમાઅતે ઈસ્લામીના ઈકબાલ એહમદ મિરઝા, વડોદરાથી આવેલા મુફ્તી ઈમરાન, સગીર અન્સારી (વડોદરા), એડવોકેટ ઈકબાલ શેખ, એડવોકેટ ખાલીદ શેખ, મજલિસે મુશાવેરતના ઈકબાલ લાકડાવાલા, પત્રકાર હબીબ શેખ, સમિતિના કન્વીનર વાસિફ હુસેન, શિક્ષણ જગત સાથે સંકળાયેલા મુનાફ પઠાણ, જમીઅત ઉલમા, ગુજરાતના સેક્રેટરી અસલમ કુરૈશી, અબરાર શેખ વગેરે હાજર રહ્યા હતા. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### ખુશીનો પ્રસંગ શોકમાં ફેરવાયો

# મામાની દીકરીના લગ્નમાં લીંબડી આવેલા અમદાવાદના યુવકની હત્યા

### પોલીસે ગણતરીની કલાકોમાં હત્યારાની કરી ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૯

લીંબડીમાં મામાની દીકરીના લગ્નમાં આવેલા અમદાવાદના યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવતા ખુશીનો પ્રસંગ શોકમાં ગરકાવ થઈ ગયો છે. પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીએ અંગત અદાવતમાં યુવકની હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ હત્યાનો બીજો બનાવ સામે આવ્યો હતો. વઢવાણ તાલુકાના ફુલગ્રામમાં પુત્રવધૂએ સસરાની હત્યા કર્યાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં લીંબડીમાં યુવકની હત્યાનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદના રબારી કોલોની વિસ્તારમાં રહેતો ૨૭ વર્ષીય દીપક સોલંકી લીંબડી ઉટડીના પુલ પાસે આવેલા ખોડિયાર નગરમાં રહેતા કૌટુંબિક મામા જયંતિ છગનભાઈ ચાવડાની મામાની દીકરીના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવ્યો હતો. જમણવાર પતાવીને દીપક ગામમાં આંટો મારવા નીકળ્યો હતો, ત્યારે અમન ચાવડા નામના શખ્સે તેને આંતરીને ગળાના ભાગે છરીના જીવલેણ ઘા ઝીંકી દીધા હતા.

લોહીલુહાણ હાલતમાં દીપકને તાત્કાલિક લીંબડી સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર મેડિકલ કોલેજ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા જ ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. યુવાન પુત્રના મોતના સમાચાર મળતા જ પરિવાર પર આભ ફાટી પડયું હતું અને હોસ્પિટલ પરિસરમાં હૃદયદ્રાવક રોકકળના દશ્યો સર્જાયા હતા. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં આરોપી અમન ચાવડાની અટકાયત કરી લીધી છે. પ્રાથમિક તપાસમાં હત્યા પાછળ અંગત અદાવત હોવાનું બહાર આવ્યું છે.

### સાંસદ શક્તિસિંહ ગોહિલે ચિંતા વ્યક્ત કરી

# શ્વસન દવા વિભાગ દૂર કરાતા ટીબીના દર્દીઓને અસર થશે

અમદાવાદ, તા.૨૯

આજે રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ૨૦૨૩માં રાષ્ટ્રીય તબીબી આયોગે નવી એમબીબીએસ કોલેજો માટે નવા ધોરણો, યુજીએમએસઆર ૨૦૨૩ બહાર પાડ્યા.આમાં શ્વસન દવા, ટીબી અને છાતીનો ફરજિયાત વિભાગોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. પરિણામે નવી મેડિકલ કોલેજોમાં શ્વસન દવા વિભાગ રાખવાની જરૂર રહેશે નહીં. એમબીબીએસ વિદ્યાર્થીઓને ટીબી અને અસ્થમા જેવા રોગો માટે



પરીક્ષણો મળશે નહીં.

આપણા દેશમાં ટીબીના દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે. આ વિભાગને દૂર કરવાથી ટીબી નાબૂદીના ધ્યયને નબળી પડે છે. તેથી સરકારે આ મુદ્દા પર ધ્યાન આપવું જોઈએ.

### આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ (AI) ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા મહત્વપૂર્ણ પહેલ

# રાજ્યમાં AI ક્રાંતિને વેગ આપવા માટે ગુજરાત ૧૦૦થી વધુ GPU પુરા પાડશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૯

AI સ્ટાર્ટઅપ સંવાદ"ના સફળ આયોજન બાદ, ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકાર હેઠળ, રાજયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે, ભારત સરકારની ઈન્ડિયા AI મિશન હેઠળ આધુનિક છૈં કમ્પ્યુટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં કાર્યરત કરવામાં આવી રહ્યું છે. તેમાં ૧૦૦ થી વધુ હાઈ-પરફોર્મન્સ GPUs ઉપલબ્ધ કરવામાં આવશે, જે રાજયના સરકારી વિભાગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ માટે ઉપયોગી બનશે. આ સંયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા વિવિધ હિતધારકોને AI આધારિત મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓ જેમ કે મોડલ ટ્રેનિંગ, નવીન એપ્લિકેશન્સનો વિકાસ અને સ્કેલેબલ સોલ્યુશન્સના અમલીકરણ માટે સક્ષમ બનાવશે, જે જાહેર સેવા પ્રદાનમાં સુધારો અને ઔદ્યોગિક નવીનતા પ્રોત્સાહિત કરશે. આ પહેલથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોક્યોરમેન્ટમાં લાગતો સમય અને ખર્ચ નોંધપાત્ર રીતે ઘટશે તેમજ AI આધારિત ઉકેલોના વિકાસ અને અમલીકરણની પ્રક્રિયા ઝડપી બનશે. સાથે સાથે, રાજયમાં સ્થાનિક AI સોલ્યુશન્સના વિકાસને પ્રોત્સાહન મળશે અને શાસન ક્ષેત્રે અસરકારક ઉપયોગ માટે ઝડપી અમલીકરણ શક્ય બનશે.આવા આગાહીભર્યા પ્રયત્નો દ્વારા ગુજરાત સરકાર રાજયને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, નવીનતા અને ડિજિટલ ગવર્નન્સ ક્ષેત્રે દેશના અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા પ્રતિબદ્ધ છે.

# ભાજપના નેતા સામે ૧.૫૯ કરોડની ખનીજ ચોરીની ફરિયાદથી ખળભળાટ

### સહદેવસિંહ જાડેજા સહિત ૯ લોકો સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

રાજકોટમાં ભાજપના નેતા સામે રૂા.૧.૫૯ કરોડની ખનીજ ચોરીની ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી ગયો છે. જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ સહદેવસિંહ જાડેજા સહિત ૯ લોકો સામે ખનીજ ચોરીના આરોપ હેઠળ ખાણ ખનીજ વિભાગે ગોંડલ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ કેસમાં ભૂણાવા ગામની સરકારી જમીનમાંથી ગેરકાયદે ખનીજ ચોરી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ સહદેવસિંહ જાડેજાએ વિપક્ષી નેતા પર નાણાં માંગવાના આક્ષેપ કર્યા હતા પરંતુ હવે તેમની પોતાની સામે જ ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી ગયો છે. રાજકોટમાં ખનીજ ચોરીની ફરિયાદ બાદ સહદેવસિંહ જાડેજાએ પોતાના પર લાગેલા તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, વિપક્ષી નેતા વિક્રમસિંહ જાડેજાના ઈશારે અને રાજકીય કિન્નાખોરી રાખીને આ ફરિયાદ કરવામાં આવી છે.

સહદેવસિંહ જાડેજાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, તેમની પાસે કોઈ જેસીબી (JCB) કે ડમ્પર જ નથી. તેમણે વધુમાં ઉમેર્યું કે, તેઓ પોલીસને તપાસમાં પૂર્ણ સહયોગ આપવા તૈયાર છે અને આગામી દિવસોમાં આ મામલે કાયદાકીય લડત લડશે.

# વડાલા પાટિયા પાસે સર્જાયેલા અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ જીવ ગુમાવ્યા

### આઈશર અને બાઈક વચ્ચે અકસ્માતમાં અમદાવાદના પિતા અને બે પુત્રોનાં મોત

(સંવાદદાતા દ્વારા)

ખેડા, તા.૨૯

ખેડા-ધોળકા હાઈવે પર આવેલા વડાલા પાટિયા પાસે આઈશર ટ્રક અને મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા ભીષણ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓનાં મોત નિપજ્યા છે. આ અકસ્માતમાં બાઈક સવાર પિતા અને તેમના બે પુત્રોના મોત થતા સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદમાં વાસણા સ્વામિનારાયણ પાર્કમાં રહેતા નવલભાઈ મણીભાઈ શાહની લીંબાસીમાં કાપડની દુકાન આવેલી છે. જેથી તેઓ તથા તેમના બે પુત્રો જયકુમાર અને જીગ્નેશ કુમાર મોટરસાયકલ (નંબર GJ-23-DJ-2245) પર સવાર થઈને કાયમ અપડાઉન કરે છે આજે પણ નિયમ મુજબ તેઓ અમદાવાદથી લીંબાસી જવા નીકળ્યા હતા . આ દરમિયાન વડાલા પાટીયા કટ પાસે રોડ ક્રોસ કરતી વખતે વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહેલા આઈશર ટ્રક (નંબર GJ-01-HT-3553)ના ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં જયકુમાર નવલભાઈ શાહને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે નવલભાઈ શાહ અને જીનેશકુમારને ગંભીર હાલતમાં પ્રથમ ખેડા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું છે. અકસ્માત સર્જી આઈશર ચાલક પોતાનું વાહન મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આઈશર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# અમરેલીમાં પવન સાથે કમોસમી વરસાદ; ખેડૂતોના જીવ અધ્ધર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૯

રાજયમાં ઉનાળાની ઋતુમાં કચ્છ-સૌરાષ્ટ્ર સહિતના અનેક જિલ્લામાં ૩ એપ્રિલ સુધી ગાજવીજ સાથે કમોસમી વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે, ત્યારે રવિવારે સાંજે અમરેલી જિલ્લાના વાતાવરણમાં પલટો આવતા સાવરકુંડલા, ખાંભા, ગીર સહિતના પંથકમાં માવઠું

### ઉનાળુ પાક પર માવઠાની ગંભીર અસર

થયું હતું. અમરેલીના ગીર, ખાંભા, સાવરકુંડલા સહિતના ગ્રામીણ પંથકમાં કમોસમી વરસાદ થતાં ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. જેમાં સાવરકુંડલાના જાબાળ, બાઢડા, મોટા ઝીંઝુડા સહિત સાકરપરા, અભરામપરા ગામમાં માવઠું થયું છે. આ ઉપરાંત, ખાંભાના જીક્યાળી, ધજડી સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે વરસાદી માહોલ જોવા મળ્યો છે. ગરમીની સિઝનમાં અમરેલીના અનેક તાલુકામાં કમોસમી વરસાદ થતાં ખેડૂતોના આંબા સહિતના પાકને નુકસાની જવાની ભીતિ વર્તાઈ રહી છે. તેમજ તલ, બાજરી, મગફળી સહિતના ઉનાળુ પાકમાં પણ માવઠાની અસર પડી છે.

# વડોદરાની ફેક્ટરીમાંથી ૧૪ કરોડની ઉચાપત કરી ફરાર થયેલો એકાઉન્ટન્ટ અરવલ્લીથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વડોદરા શહેરની એક ફેક્ટરીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતી વખતે અંદાજે ૧૪.૦૯ કરોડ રૂપિયાની માતબર રકમની ઉચાપત કરી ફરાર થયેલા આરોપીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે અરવલ્લી જિલ્લામાંથી ઝડપી પાડ્યો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આરોપી રાકેશ પ્રભાતસિંહ પરમાર (ઉંમર ૪૦ વર્ષ, રહે. વડોદરા) આજવા રોડ પર આવેલી સરદાર એસ્ટેટની એક ફેક્ટરીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો હતો. તેણે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ દરમિયાન સત્તાનો દુરુપયોગ કરીને ખોટી પાર્ટીઓના નામે ખરીદી બતાવી ફેક્ટરીના રેકોર્ડમાં છેડછાડ કરી હતી અને ૧૪,૦૯,૪૮,૨૩૦ જેટલી રકમ પોતાના અંગત એચ.ડી.એફ.સી. અને બેંક ઓફ બરોડાના ખાતામાં ટ્રાન્સફર કરીને વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે ગત ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ બાપોદ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને ઉચાપતની ફરિયાદ નોંધાઈ હતી, જેથી આરોપી ધરપકડ ટાળવા માટે વડોદરા શહેર છોડીને ફરાર થઈ ગયો હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપી અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ચોપડા ગામે છુપાયો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્યાં વોચ ગોઠવી આરોપી રાકેશ પરમારને દબોચી લીધો હતો. હાલ આરોપીનો કબજો મેળવીને આગળની તપાસ માટે તેને બાપોદ પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### અમદાવાદમાં ઓલ ઈન્ડિયા ફિડે રેટેડ રેપિડ ચેસ ટુર્નામેન્ટનું સમાપન

અમદાવાદ, તા.૨૯

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાની 'ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ ચેસ ટુર્નામેન્ટ'નું આયોજન અમદાવાદના નારણપુરા સ્થિત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે કરવામાં આવ્યું હતું. રેપિડ ચેસ ટુર્નામેન્ટમાં સમગ્ર દેશમાંથી ૯૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં ઈન્ટરનેશનલ માસ્ટર, ફિડે માસ્ટર સહિતના ચેસ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# સરખેજમાં પાર્સલની આડમાં ચાલતું દારૂનું નેટવર્ક ઝડપાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં ચુસ્ત દારૂબંધી હોવા છતાં બુટલેગરો અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે નરીમનપુરા કેનાલ નજીક પાર્સલની આડમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા એક રીક્ષાચાલકને ઝડપી પાડ્યો છે. પોલીસે તપાસ કરતા રીક્ષામાંથી મોટી સંખ્યામાં સંખ્યામાં દારૂની બોટલો મળી આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સરખેજ પોલીસની ટીમ જ્યારે પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેને ચોક્કસ બાતમી મળી હતી કે એક લોડિંગ રીક્ષામાં પાર્સલની આડમાં દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે નરીમનપુરા ગામની કેનાલ નજીક નાકાબંધી કરી હતી. શંકાસ્પદ રીક્ષા આવતા જ તેને અટકાવી તલાસી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. રીક્ષામાં ઉપરના ભાગે પાર્સલ હતા, પરંતુ તેની નીચે વિદેશી દારૂની કુલ ૪,૪૦૧ બોટલો છુપાવેલી હતી.

### રાજસ્થાનના શખ્સની ધરપકડ

ઝડપાયેલા આરોપીની પૂછપરછમાં તેનું નામ કાલુરામ બિશ્નોઈ હોવાનું બહાર આવ્યું છે. મૂળ રાજસ્થાનનો અને હાલ અમદાવાદના સીટીએમ વિસ્તારમાં રહેતો કાલુરામ આ દારૂનો જથ્થો છેક ગોવાથી મંગાવતો હતો. પોલીસને છેતરવા માટે તે રીક્ષામાં પાર્સલ રાખતો અને પૂછપરછ દરમિયાન પુરાવા તરીકે ખોટી બિલ્ટીઓ તથા બોગસ બિલો બતાવતો હતો, જેથી પોલીસ તેને કુરિયર કે પાર્સલ સર્વિસ સમજી જવા દે. પોલીસે આ દરોડા દરમિયાન કુલ ૫,૮૩,૨૨૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં ૪.૭૮ લાખનો દારૂ, ૧ લાખની કિંમતનો લોડિંગ ટેમ્પો અને મોબાઈલ ફોન સામેલ છે. પકડાયેલ આરોપી કાલુરામ વિશ્નોઈ અગાઉ વર્ષ ૨૦૧૭માં ઓઢવ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાઈ ચૂક્યો છે. હાલ સરખેજ પોલીસે આ મામલે ગુનો નોંધી દારૂ મંગાવનાર અને મોકલનાર અન્ય શખ્સો સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

# NCPUL દ્વારા ગુલશને મહેર સ્કૂલ ખાતે ઉર્દૂ, અરબી, ફારસી ભાષાનો ઉદ્દ્ઘાટન સમારોહ યોજાયો

અમદાવાદ,તા.૨૯

રવિવારે ગુલશને મહેર હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે NCPUL દ્વારા ચલાવવામાં આવતા કોર્સ ઉર્દૂ, અરબી અને ફારસી ભાષાનું ઉદઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુલામ ફરીદભાઈ શેખ (શૈક્ષણિક ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડઠ ગાંધીનગર) અને જનાબ સિરાજુદ્દીન કાદરી (ચેરમેન, સિનિયર સિટિઝન એસોસિએશન અમદાવાદ)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી ડો. પ્રા. ચાંદબીબીબેન તેમજ કમિટી મેમ્બર ઝૈદ સૈયદ, કો-ઓર્ડિનેટર ઈરફાનાબેને પણ હાજરી આપી તેમના વકતવ્યો રજુ કર્યા તેમજ શાળાના પ્રાથમિક અને હાઈસ્કૂલના અંગ્રેજી ગુજરાતી માધ્યમના આચાર્યો તેમજ શિક્ષકો તેમજ આશરે ૨૦૦ જેટલા (NCPUL)ના પૂર્વ અને



હાલના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા તેઓએ કહ્યું કે, આ ભાષાઓ કોઈ એક ધર્મની નહી પરંતુ આપણા ભારત દેશની સાંસ્કૃતિક ભાષાઓ છે. મહેમાનો દ્વારા વિવિધ ભાષાઓની અગત્યતા પણ દર્શાવવામાં આવી NCPUL કોર્સમાં LIC મેનેજર, બેંક મેનેજર સરકારી કર્મચારી ડોકટર, પ્રોફેસર, એન્જિનિયર રિટાયર્ડ કલાસ 1-2 ઓફિસર, શિક્ષક, તેમજ કોલેજ વિદ્યાર્થીઓ પણ જોડાઈ આ મહત્વની ભાષાઓ શીખી દેશને સમાજને ઉપયોગી બને છે આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાયમરી અંગ્રેજી વિભાગના આચાર્ય શીરીનબેન અન્સારી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમ એક અખબારી યાદીમાં શાળાના આચાર્ય હારૂનભાઈ ધાનાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિકસિત ભારત
# વિકસિત ગુજરાત





## સેમિકંડક્ટર મિશન

- **ધોલેરા** અને **સાણંદ** ખાતે વિકસી રહેલા સેમિકોન હબથી **Chip** ઉત્પાદન ક્ષેત્રે **વિશ્વના નકશામાં ગુજરાત**ને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું
- ગુજરાત **સેમિકંડક્ટર પૉલિસી** હેઠળ **₹1100 કરોડ**ની જોગવાઇ
- ધોલેરા **Special Investment Region**ને પાણીનો પ્રવાહ અવિરત મળી રહે તે માટે નવીન **100 એમ.એલ.ડી બલ્ક પાઇપલાઇન નેટવર્ક** સ્થપાશે
- ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બને તે માટે બજેટમાં **વિકસિત ગુજરાત** ફંડ સહિત કુલ **₹610 કરોડ**ની જોગવાઇ



## શહેરી વિકાસ

- અમદાવાદ બનશે **'ઑલિમ્પિક રેડી સિટી'**
- અમદાવાદ અને સુરતના સેટેલાઇટ ટાઉનને જોડતી **રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ** શરૂ કરાશે
- **"ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન"** હેઠળ શહેરોમાં હયાત **ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલ**માં રુપાંતરિત કરાશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0** હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા બજેટમાં **₹1420 કરોડ**ની જોગવાઇ
- ગાંધીનગર ખાતે **નમો સેન્ટ્રલ લાઇબ્રેરી** બનશે
- દરેક મહાનગરપાલિકામાં **સ્પૉર્ટ્સ કૉમ્પ્લેક્સ** અને **ફ્લાયઓવર નીચે સ્પૉર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**નો વિકાસ થશે



## ગ્રામીણ વિકાસ

- **VB-G RAM G યોજના** હેઠળ **કામના દિવસો 100થી વધારી 125 કરતાં** રોજગારી વધશે
- **સ્વ-સહાય જૂથોની બહેનો**ને ઉત્પાદનોના વેચાણ માટે કાયમી સ્થળ મળી રહે માટે **ગ્રામ હાટ**ની સ્થાપના કરવામાં આવશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના** થકી ગ્રામીણ વિસ્તારમાં આશરે **1 લાખ 60 હજારથી વધુ આવાસો**નું આ વર્ષે નિર્માણ થશે



"સ્માર્ટ સિટીથી લઈને સમૃદ્ધ ગામડાઓ અને હવે વૈશ્વિક સેમિકંડક્ટર હબ સુધી, ગુજરાતનો વિકાસ અવિરત છે. શહેરી માળખાકીય સુવિધાઓ, ગ્રામીણ રોજગારી અને અત્યાધુનિકે ટકનૉલૉજીના ત્રિવેણી સંગમ થકી અમે **આત્મનિર્ભર** અને **વિકસિત ગુજરાત**નું નિર્માણ કરી રહ્યા છીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ગંદા શૌચાલયો હોય તો દેશની 'બેટી'ઓ ભણે કઈ રીતે ?

ક્યારેક તો એવું લાગે છે કે આપણી સુપ્રીમકોર્ટે તેના રાબેતા મુજબના કાર્યો ઉપરાંત દેશને પણ સરખી રીતે ચલાવવા માટે કામ કરવું પડી રહ્યું છે. કારણ કે નિંભર તંત્ર કે સરકારો પોતાના કામકાજમાં એટલી બેદરકારી અને લાલિયાવાડી ચલાવે છે કે ડગલેને પગલે સુપ્રીમકોર્ટને દખલ દેવી પડે છે. જ્યાં સુધી સુપ્રીમકોર્ટની ચાબુક ન લાગે ત્યાં સુધી સરકારો સીધી ચાલતી નથી.. મોટા મોટા અને જટિલ મુદ્દાઓ પર તો દેશની આ સર્વોચ્ચ દેવડી ન્યાય કરતી રહે છે પરંતુ હવે તો તેને રખડતા કૂતરાં તેમજ શૌચાલયો જેવી બાબતોમાં પણ સરકારોના કાન આમળવા પડે છે કારણ કે આમાં પ્રજાનું હિત સમાયેલુ હોય છે. બાકી સરકાર તો ભારતમાં વિકાસનું ગુલાબી ચિત્ર દેખાડતી રહે છે પણ શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ ચિંતાનું કારણ છે. આવાં પ્રશ્નો સ્વચ્છ ભારત અને સ્વચ્છ વિદ્યાલય અભિયાનના લક્ષ્યાંકો પર પણ શંકા પેદા કરે છે.

ઉલ્લેખનીય છે કે આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૨-૨૩ માં છોકરીઓ માટે અલગ શૌચાલયની ઉપલબ્ધતામાં પાછલા વર્ષોની તુલનામાં ઘટાડો થયો છે. વધવાને બદલે ઘટાડો થયો છે ત્યારે શાળાઓમાં લિંગ સમાનતા જાળવવા અને દીકરીઓ માટે અલગ શૌચાલય પૂરા પાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઘણી સરકારી શાળાઓમાં શૌચાલય દયનીય સ્થિતિમાં છે. તેમને ન તો સાફ કરવામાં આવે છે કે ન તો પાણી પૂરૂં પાડવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે એટલે જ પછી આ વર્ષે જાન્યુઆરીમાં સુપ્રીમકોર્ટે કેન્દ્ર સરકાર અને તમામ રાજ્યોને શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલય પૂરા પાડવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં પાણી અને સાબુનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમકોર્ટના આ આદેશ બાદ પણ ચિત્ર કેટલું બદલાયું છે તે કહેવું અશક્ય છે, પરંતુ પરિસ્થિતિની ગંભીરતા સમજી શકાય તેવી છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયનો અહેવાલ પણ સાબિત કરે છે કે શાળાઓમાં શૌચાલયની ખરાબ સ્થિતિ માટે વહીવટી નિષ્ક્રિયતા ભારે જવાબદાર છે. આશ્ચર્યજનક રીતે છેલ્લા ત્રણ વર્ષમાં શાળાઓમાં ફક્ત ૦.૩ ટકા સુવિધાઓમાં વધારો થયો છે.

જો શૌચાલયના અભાવે દેશની દીકરીઓ શિક્ષણથી વંચિત રહી છે તો આજના આધુનિક સમયના શિક્ષણ ક્ષેત્રમાં આનાથી વધુ દુ:ખદ શું હોઈ શકે ? શાળાના અધિકારીઓને આ માટે જવાબદાર ઠેરવવા જોઈએ. એમાંય કોઈ શંકા નથી કે ગંદા શૌચાલયો અને પાણીનો અભાવ છોકરીઓના સ્વાસ્થ્યને અસર કરે છે. ઘણી શાળાઓમાં શૌચાલયના અભાવે છોકરીઓ શાળાએ જતી નથી, જે તેમના શિક્ષણને પણ ગંભીર અસર કરે છે. પ્રશ્ન એ છે કે સ્વચ્છ વિદ્યાલય અભિયાનના ધ્યેયો સ્વચ્છ શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓના અભાવની વાસ્તવિકતા સાથે કેટલા અર્થહીન છે ? જ્યાં માત્ર શૌચાલય સ્વચ્છ નથી હોતા ત્યાં સમગ્ર વિદ્યાલય સ્વચ્છ હોય એવા લક્ષ્યાંકો કઈ રીતે પ્રાપ્ત થવાના ??

# ગુજરાત અશાંત વિસ્તાર કાયદામાં સુધારો કરીને કલેક્ટરોને મિલકત જપ્ત કરવાની પણ વ્યાપક સત્તા અપાઈ

ગુજરાત વિધાનસભાએ ૨૫ માર્ચ બુધવારે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) શાસિત રાજ્યના વિવાદાસ્પદ 'અશાંત વિસ્તાર'ના કાયદામાં બહુમતીથી સુધારો કર્યો છે.

ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, નવા સુધારા હેઠળ, આ વિસ્તારોને હવે 'નિર્દિષ્ટ વિસ્તારો' કહેવામાં આવશે અને જિલ્લા કલેક્ટરોને અહીંની મિલકતનો કબજો લેવાની પણ સત્તા આપવામાં આવી છે.

રાજ્યકક્ષાના મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું હતું કે, આ પગલું 'ચોક્કસ વિસ્તારોમાં મિલકતોના અનૈચ્છિક ટ્રાન્સફરને રોકવા અને કાયદેસર માલિકોના હિતોનું રક્ષણ કરવા' માટે લેવામાં આવ્યું છે.

ગુજરાત સ્થાવર મિલકતના ટ્રાન્સફર પર પ્રતિબંધ અને અશાંત વિસ્તારોમાં જગ્યાઓમાંથી ભાડૂતોને ખાલી કરાવવાથી બચાવવા માટેની જોગવાઈ (સુધારા) બિલ, ૨૦૨૬, 'પીડિત પક્ષ'ની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે, જે કલેક્ટરને 'પીડિત' પક્ષની ફરિયાદના આધારે મિલકત ટ્રાન્સફરની તપાસ કરવા અને સ્વત: નોંધ લેવા માટે સશક્ત બનાવે છે.

મહિડાના મતે, જો મિલકતનું ટ્રાન્સફર 'વાંધાજનક' જણાય, તો કલેક્ટરને પણ આવી મિલકત પર કબજો કરવાનો અધિકાર રહેશે.

આ સુધારામાં એક દેખરેખ અને સલાહકાર સમિતિની સ્થાપના કરવાની પણ જોગવાઈ છે જે કોઈ વિસ્તારમાં સંભવિત સાંપ્રદાયિક તણાવ અને તેના પરિણામે થતા 'અનૈચ્છિક વિસ્થાપન' અંગે સરકારને સલાહ આપશે. 'પીડિત'ની વ્યાખ્યા પણ વિસ્તૃત કરવામાં આવી છે.

અખબારના જણાવ્યા અનુસાર, હાલના કાયદામાં કોઈ વિસ્તારને 'અશાંત વિસ્તાર' જાહેર કરવાની જોગવાઈને નવી જોગવાઈ દ્વારા બદલવામાં આવી છે. જે વિસ્તારોમાં સાંપ્રદાયિક તણાવને કારણે જાહેર વ્યવસ્થા પ્રભાવિત થવાની સંભાવના હોય તેવી પરિસ્થિતિઓનો પણ સમાવેશ થશે.




ગુજરાત વિધાનસભાએ બુધવારે રાજ્યના 'અશાંત વિસ્તાર' કાયદામાં સુધારો કર્યો છે. આ સુધારા હેઠળ, આવા વિસ્તારો હવે 'નિર્દિષ્ટ વિસ્તારો' તરીકે ઓળખાશે અને જિલ્લા કલેક્ટરો અપાયેલી સત્તા હેઠળ ત્યાં મિલકત જપ્ત કરી શકશે

ચર્ચા દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના મતવિસ્તાર વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે સહિત ભાજપના ધારાસભ્યોએ દાવો કર્યો હતો કે, મુસ્લિમોને તેમની મિલકતો વેચીને હિન્દુઓને 'બળજબરી'થી સ્થળાંતર કરવું પડી રહ્યું છે અને આ અમદાવાદની વસ્તીવિષયકતાને બદલવાનું એક 'ષડયંત્ર' છે.

વિધાનસભાના એકમાત્ર મુસ્લિમ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ બિલનો વિરોધ કરતા કહ્યું કે, ભાજપના ધારાસભ્યો મત ગુમાવવાના ડરથી આવા મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે. તેમણે રાજ્ય સરકાર પાસે લઘુમતી સમુદાયોને તેમની વસ્તીના પ્રમાણમાં જમીન ફાળવવાની માંગ કરી હતી.

જમાલપુર-ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય ખેડાવાલાએ કહ્યું, ''જો ભાજપના ૩૦ વર્ષના શાસન દરમિયાન ગુજરાતમાં શાંતિ રહી છે, તો પછી અશાંત વિસ્તાર કાયદામાં નવા વિસ્તાર કેમ ઉમેરવામાં આવી રહ્યા છે? છેલ્લા કેટલાક વર્ષોમાં, આ કાયદા હેઠળ ૪૪ નવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.''

ગુજરાતના હાલના 'અશાંત વિસ્તાર' કાયદા પર લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમોને ઘેટ્ટો કરવા બદલ વારંવાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે.

ધ વાયરના એક અહેવાલ મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૫માં ગુજરાતની એક ૧૫ વર્ષની મુસ્લિમ છોકરીએ આત્મહત્યા કરી હતી. આ કાયદાની પૃષ્ઠભૂમિ સામે, તેના પોતાના વિસ્તારમાં ઘર ખરીદ્યા પછી, તેના પરિવારને મહિનાઓ સુધી હેરાનગતિ, હિંસા અને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો.

પરિવારના જણાવ્યા મુજબ, પડોશીઓએ ડિસ્ટર્બ્ડ એરિયાઝ એક્ટ હેઠળ કાનૂની કાર્યવાહીની ધમકી આપી હતી, જે તેમની ખરીદીને અમાન્ય કરી શકે છે. આનાથી પરિવાર પોલીસ કાર્યવાહી કરવામાં અચકાયો અને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

(સૌ. : ધ વાયર હિન્દી.કોમ)

---

કોયલી માંડવી ગામે ટિફીન બેઠકમાં સાંસદ મનસુખભાઈ વસાવાએ રોષ ઠાલવ્યો

## કરજણ-ઉદભવન સિંચાઈ યોજનાની કામગીરી અધુરી છતાં ઉદ્‌ઘાટન કરાયું

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૯

નેત્રંગ તાલુકાના કોયલીમાંડવી ગામના રાયસીંગભાઈ વસાવાના નિવાસસ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મનકી બાતકે સાથે ટિફિન બેઠક યોજાઈ હતી.ભરૂચ જીલ્લા ચુંટણીના સંયોજક યોગેશભાઈ પટેલે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની તૈયારી બાબતે વિસ્તૃત માહિતિ આપી હતી. જેમાં ભરૂચ લોકસભા સાંસદ મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, કરજણ જળાશયમાંથી લિફ્ટીંગ કરીને પાઈપલાઈન મારફતે ખેડુતોના ખેતરમાં જ સીધું સિંચાઈ માટેનું પાણી આપવાની યોજના હતી. પરંતુ કામગીરી કરનાર કોન્ટ્રાક્ટર અને સ્થાનિક નેતાગીરીની મિલીભગતના કારણે વર્કઓર્ડરના જણાવ્યા મુજબ કામગીરી કરવામાં આવી નથી.રાજ્ય સરકારના જળસંચય કેબીનેટ મંત્રી કુંવરજી બાવળીયાને જવાબદાર કોન્ટ્રાક્ટર-ભાજપની નેતાગીરીએ રાતોરાત બોલાવીને તેનું ઉદ્‌ઘાટન કરી નાખ્યું હતું. જવાબદાર કોન્ટ્રાક્ટરે નદી-નાળા અને કોતરોમાં કરજણ જળાશયનું પાણી છોડીને કામગીરી પુરી કરીને લાખો-કરોડો રૂપિયા રાજ્ય સરકાર પાસે લઈ લીધા છે. પરંતુ ખેડુતોના ખેતરમાં જ સીધું સિંચાઈ માટેનું પાણી આપવાનું હતું તે પ્રકારની કામગીરી કરવામાં આવી નથી. જેમાં મુખ્યત્વે નર્મદા ડેમનું પાણી કચ્છ-સૌરાષ્ટ્ર-કાઠીયાવાડ સુધી પહોંચ્યું તેનો વાંધો નથી. પરંતુ નર્મદા નદીના પાણીના સાચા હકદાર આદિવાસીઓને પાણી આપવામાં આવતું નથી. નર્મદા નદીમાંથી લિફ્ટીંગ કરીને કરજણ ડેમ અને ત્યારબાદ ગંગાપુર ડેમમાં પાણી આપવામાં આવે તો સમગ્ર આદિવાસી વિસ્તારમાં સિંચાઈનું પાણી પહોંચી શકે તેમ છે. ભરૂચ જીલ્લા ભાજપ સંગઠનની રચના કરવામાં આવી હતી. જેમાં વર્ષોથી ભાજપનું કામ કરી રહેલા ભાજપના આદિવાસી કાર્યકરોનો સમાવેશ કરાયો નથી અને આજકાલ ભાજપમાં આવેલા નેતા-કાર્યકરોને સંગઠનમાં સ્થાન આપવામાં આવી રહ્યું છે. જે યોગ્ય નથી. ભાજપના પાયાના કાર્યકરોની કદર ભરૂચ ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ કરવી પડશે. ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તેવામાં ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવાના નિવેદનથી ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે.આદિવાસી વિસ્તારમાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના વધતા પ્રભુત્વના કરણે ચુંટણીજંગ રસપ્રદ રહેવાની પુરીપુરી શક્યતાઓ જણાઈ રહી છે.



(તસવીર : વાહીદ મશહદી, ભરૂચ)

હીટ એન્ડ રનનો બનાવ

## જુના ડીસા-વાસણા-સમી હાઈવે પર પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધનું મોત

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૯

ડીસાના જૂના ડીસા-વાસણા સમૌ હાઈવે રોડ પર આજે એક હૃદયદ્રાવક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલી એક સ્વિફ્ટ કારે રોડ પરથી પસાર થઈ રહેલા ૭૫ વર્ષીય વૃદ્ધને અડફેટે લેતા તેમનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માતને પગલે માળી સમાજ સહિત સમગ્ર પંથકમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. વાસણા સંતોષી ગોળિયા ગામના રહેવાસી ગીગાજી હેમાજી માળી (ઉં.વ. ૭૫) પોતે પ્રજ્ઞાચક્ષુ (સુરદાસ) હોવા છતાં છેલ્લા ૪૦ વર્ષથી નિ:સ્વાર્થ ભાવે પાણીની પરબ ચલાવી સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા હતા. આજે અકસ્માતનો ભોગ બનતા સેવાનું એક ઘરેણું છીનવાઈ ગયું છે. સ્થાનિકો દ્વારા ૧૦૮ને જાણ કરાતા એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પરિવારજનોએ ૧૧૨ પર સંપર્ક કરતા પોલીસની પીસીઆર વાન પણ તુરંત પહોંચી ગઈ હતી. ત્યારબાદ મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. રૂરલ પોલીસને જાણ કરવામાં આવતા બીટ જમાદાર સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.

તા.૩૧ માર્ચે વડાપ્રધાન ઈ-લોકાર્પણ કરાશે

## સાબરકાંઠામાં ૧,૭૧૭ પરિવારોનું 'પોતાના ઘરનું સ્વપ્ન' સાકાર

હિંમતનગર, તા.૨૯

'અવિરત ગુજરાત, વિકસિત ગુજરાત'ના મંત્ર સાથે ગ્રામીણ ક્ષેત્રના જરૂરિયાતમંદ પરિવારોને સન્માનપૂર્વકનું જીવન આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આગામી તા.૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અંદાજે રૂા.૬૫૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા કુલ ૩૮,૯૪૯ આવાસોનું રાજ્યવ્યાપી લોકાર્પણ કરવામાં આવશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સાબરકાંઠા જિલ્લાના નવનિર્મિત ૧,૭૧૭ આવાસોનું ઈ-લોકાર્પણ કરવામાં આવશે.સાબરકાંઠા જિલ્લામાં અંદાજે રૂા.૨૮.૮૯ કરોડના ખર્ચે કુલ ૧,૭૧૭ આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. PMAY-G હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારના ૬૦:૪૦ના હિસ્સા સાથે લાભાર્થીને કુલ રૂા.૧.૨૦ લાખની સહાય આપવામાં આવે છે.રાજ્ય સરકાર દ્વારા રૂફ-કાસ્ટ માટે રૂા.૫૦ હજાર, શૌચાલય માટે રૂા.૧૨ હજાર અને મનરેગા હેઠળ ૯૦ દિવસની મજૂરી પેટે રૂા.૨૫,૯૨૦, ૬ માસમાં આવાસ પૂર્ણ કરનારને રૂા.૨૦ હજારની પ્રોત્સાહક સહાય તેમજ મહિલા સભ્યોની સુવિધા માટે બાથરૂમ બાંધકામ માટે વધારાના રૂા.૫,૦૦૦ની સહાય જેવી પૂરક સહાય પણ પૂરી પાડવામાં આવી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં આવાસ યોજનાની કામગીરી વેગીલી બની છે. આ યોજના માત્ર ઈંટ-પથ્થરનું મકાન નથી, પરંતુ છેવાડાના માનવીને સુરક્ષા અને સ્થિરતા પૂરી પાડતું 'સન્માનનું ઘર' છે.

સાબરકાંઠા જિલ્લાના આ ૧,૭૧૭ પરિવારો હવે પોતાના પાકા મકાનમાં પ્રવેશ કરીને નવું જીવન શરૂ કરશે. આ પહેલ 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં મહત્વનું યોગદાન આપશે.

## વડોદરા : લગ્ન પ્રસંગથી પરત ફરતા દંપતીની બાઈકને ટ્રેલરે અડફેટે લેતા મહિલાનું મોત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૯

વડોદરાના નેશનલ હાઈવે-૪૮ પર ગોલ્ડન ચોકડીથી દરજીપુરા તરફ જવાના મુખ્ય માર્ગ પર હિટ એન્ડ રનની વધુ એક દુ:ખદ ઘટના સામે આવી છે. પૂરઝડપે આવેલા ટ્રેલરે બાઈકને અડફેટે લેતા બાઈક પર સવાર ૪૩ વર્ષીય મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ મંજુસર ગામની રહેવાસી દિલસા બાનુ પોતાના પતિ સાથે કેલનપુર તરફ લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પરત ફરતી વખતે ગોલ્ડન ચોકડી નજીક દરજીપુરા તરફ જવાના માર્ગ પર પાછળથી આવી રહેલા ટ્રેલર ચાલકે બેદરકારીપૂર્વક બાઈકને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે દિલસા બાનુનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અકસ્માત સર્જાયા બાદ ટ્રેલર ચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે તેની વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે. આ ઘટનાથી પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે. માતાના અકાળ નિધનથી પાંચ બાળકોના માથેથી સ્નેહનો સાયો છીનવાઈ જતા વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. સતત વધી રહેલા હાઈવે અકસ્માતોને લઈને વાહનચાલકોની સુરક્ષા અંગે ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

## વડોદરામાં હનિટ્રેપ વિથ લૂંટના કિસ્સામાં પકડાયેલી મહિલા જેલમાં

### અન્ય આરોપીઓને પકડવા પોલીસની દોડધામ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૯

ખાનગી કંપનીમાં એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરતા ૩૦ વર્ષના યુવકને હનિટ્રેપમાં ફસાવી દાગીના લૂંટી લેવાના કેસમાં પકડાયેલી રાજકોટની મહિલાને કોર્ટમાં રજૂ કરતા જેલમાં મોકલી આપવામાં આવી છે. વેબસાઈટ પર પોતાની પ્રોફાઈલ ફોટા સાથે અપલોડ કરનાર યુવકને એક ગેંગે હનિટ્રેપમાં ફસાવવાની યોજના ઘડી વાઘોડિયા રોડ પર બોલાવ્યો હતો. ત્યારબાદ ગેંગે આરોપીને ધમકાવી હુમલો કરી દાગીના લૂંટી લીધા હતા. આ ગુનામાં પાણીગેટ પોલીસે મુમતાઝ યોગેશભાઈ શીંગર (રહે. રાજકોટ) મળી આવતા તેની ધરપકડ કરી હતી. જેને કોર્ટમાં રજૂ કરતા જેલમાં મોકલી અપાઈ હોવાનું પોલીસે જણાવ્યું છે. જ્યારે તેના પતિ યોગેશ તથા અન્ય આરોપીઓ નિકુંજ નરોતમબાપુ ગોંડલીયા (રહે.રાજકોટ), જનક રામસીંગભાઈ સીંગર (રહે.રાજકોટ), કેતન મુકેશભાઈ દેગામા (રહે.રાજકોટ) તથા અન્ય એક આરોપીઓને ઝડપી પાડવા અલગ - અલગ ટીમ બનાવી પોલીસે તપાસ શરૂ કરી છે.

ભાવનગર ખાતે

## શ્રી વીર હમીરજી ગોહિલ પ્રાથમિક શાળાનો લોકાર્પણ સમારોહ યોજાયો



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૨૯

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શિક્ષા અંતર્ગત ઈન્દીરાનગર, ભાવનગર ખાતે રૂા.૨૪૦ લાખના ખર્ચે શ્રી વીર હમીરજી ગોહિલ પ્રાથમિક શાળાનો લોકાર્પણ કાર્યક્રમ રવિવાર, ૨૯ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક,માધ્યમીક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી ડૉ.પ્રધુમન વાજા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રી જીતુભાઈ વાઘાણીએ વિશેષ ઉપસ્થિતિ આપી કાર્યક્રમની શોભા વધારી હતી. આ સાથે જ ભાવનગર મહાનગરપાલિકાના કમિશનર ડૉ.નરેન્દ્ર કુમાર મીના તેમજ પૂર્વ સભ્યઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ગંદા શૌચાલયો હોય તો દેશની 'બેટી'ઓ ભણે કઈ રીતે ?

ક્યારેક તો એવું લાગે છે કે આપણી સુપ્રીમકોર્ટે તેના રાબેતા મુજબના કાર્યો ઉપરાંત દેશને પણ સરખી રીતે ચલાવવા માટે કામ કરવું પડી રહ્યું છે. કારણ કે નિંભર તંત્ર કે સરકારો પોતાના કામકાજમાં એટલી બેદરકારી અને લાલિયાવાડી ચલાવે છે કે ડગલેને પગલે સુપ્રીમકોર્ટને દખલ દેવી પડે છે. જ્યાં સુધી સુપ્રીમકોર્ટની ચાબુક ન લાગે ત્યાં સુધી સરકારો સીધી ચાલતી નથી.. મોટા મોટા અને જટિલ મુદ્દાઓ પર તો દેશની આ સર્વોચ્ચ દેવડી ન્યાય કરતી રહે છે પરંતુ હવે તો તેને રખડતા કૂતરાં તેમજ શૌચાલયો જેવી બાબતોમાં પણ સરકારોના કાન આમળવા પડે છે કારણ કે આમાં પ્રજાનું હિત સમાયેલુ હોય છે. બાકી સરકાર તો ભારતમાં વિકાસનું ગુલાબી ચિત્ર દેખાડતી રહે છે પણ શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ ચિંતાનું કારણ છે. આવાં પ્રશ્નો સ્વચ્છ ભારત અને સ્વચ્છ વિદ્યાલય અભિયાનના લક્ષ્યાંકો પર પણ શંકા પેદા કરે છે.

ઉલ્લેખનીય છે કે આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૨-૨૩ માં છોકરીઓ માટે અલગ શૌચાલયની ઉપલબ્ધતામાં પાછલા વર્ષોની તુલનામાં ઘટાડો થયો છે. વધવાને બદલે ઘટાડો થયો છે ત્યારે શાળાઓમાં લિંગ સમાનતા જાળવવા અને દીકરીઓ માટે અલગ શૌચાલય પૂરા પાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઘણી સરકારી શાળાઓમાં શૌચાલય દયનીય સ્થિતિમાં છે. તેમને ન તો સાફ કરવામાં આવે છે કે ન તો પાણી પૂરૂં પાડવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે એટલે જ પછી આ વર્ષે જાન્યુઆરીમાં સુપ્રીમકોર્ટે કેન્દ્ર સરકાર અને તમામ રાજ્યોને શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલય પૂરા પાડવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં પાણી અને સાબુનો પણ સમાવેશ થાય છે. સુપ્રીમકોર્ટના આ આદેશ બાદ પણ ચિત્ર કેટલું બદલાયું છે તે કહેવું અશક્ય છે, પરંતુ પરિસ્થિતિની ગંભીરતા સમજી શકાય તેવી છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયનો અહેવાલ પણ સાબિત કરે છે કે શાળાઓમાં શૌચાલયની ખરાબ સ્થિતિ માટે વહીવટી નિષ્ક્રિયતા ભારે જવાબદાર છે. આશ્ચર્યજનક રીતે છેલ્લા ત્રણ વર્ષમાં શાળાઓમાં ફક્ત ૦.૩ ટકા સુવિધાઓમાં વધારો થયો છે.

જો શૌચાલયના અભાવે દેશની દીકરીઓ શિક્ષણથી વંચિત રહી છે તો આજના આધુનિક સમયના શિક્ષણ ક્ષેત્રમાં આનાથી વધુ દુઃખદ શું હોઈ શકે ? શાળાના અધિકારીઓને આ માટે જવાબદાર ઠેરવવા જોઈએ. એમાંય કોઈ શંકા નથી કે ગંદા શૌચાલયો અને પાણીનો અભાવ છોકરીઓના સ્વાસ્થ્યને અસર કરે છે. ઘણી શાળાઓમાં શૌચાલયના અભાવે છોકરીઓ શાળાએ જતી નથી, જે તેમના શિક્ષણને પણ ગંભીર અસર કરે છે. પ્રશ્ન એ છે કે સ્વચ્છ વિદ્યાલય અભિયાનના ધ્યેયો સ્વચ્છ શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓના અભાવની વાસ્તવિકતા સાથે કેટલા અર્થહીન છે ? જ્યાં માત્ર શૌચાલય સ્વચ્છ નથી હોતા ત્યાં સમગ્ર વિદ્યાલય સ્વચ્છ હોય એવા લક્ષ્યાંકો કઈ રીતે પ્રાપ્ત થવાના ??

# ગુજરાત અશાંત વિસ્તાર કાયદામાં સુધારો કરીને કલેક્ટરોને મિલકત જપ્ત કરવાની પણ વ્યાપક સત્તા અપાઈ

ગુજરાત વિધાનસભાએ ૨૫ માર્ચ બુધવારે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) શાસિત રાજ્યના વિવાદાસ્પદ 'અશાંત વિસ્તાર'ના કાયદામાં બહુમતીથી સુધારો કર્યો છે.

ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, નવા સુધારા હેઠળ, આ વિસ્તારોને હવે 'નિર્દિષ્ટ વિસ્તારો' કહેવામાં આવશે અને જિલ્લા કલેક્ટરોને અહીંની મિલકતનો કબજો લેવાની પણ સત્તા આપવામાં આવી છે.

રાજ્યકક્ષાના મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું હતું કે, આ પગલું 'ચોક્કસ વિસ્તારોમાં મિલકતોના અનૈચ્છિક ટ્રાન્સફરને રોકવા અને કાયદેસર માલિકોના હિતોનું રક્ષણ કરવા' માટે લેવામાં આવ્યું છે.

ગુજરાત સ્થાવર મિલકતના ટ્રાન્સફર પર પ્રતિબંધ અને અશાંત વિસ્તારોમાં જગ્યાઓમાંથી ભાડૂતોને ખાલી કરાવવાથી બચાવવા માટેની જોગવાઈ (સુધારા) બિલ, ૨૦૨૬, 'પીડિત પક્ષ'ની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે, જે કલેક્ટરને 'પીડિત' પક્ષની ફરિયાદના આધારે મિલકત ટ્રાન્સફરની તપાસ કરવા અને સ્વતઃ નોંધ લેવા માટે સશક્ત બનાવે છે.

મહિડાના મતે, જો મિલકતનું ટ્રાન્સફર 'વાંધાજનક' જણાય, તો કલેક્ટરને પણ આવી મિલકત પર કબજો કરવાનો અધિકાર રહેશે.

આ સુધારામાં એક દેખરેખ અને સલાહકાર સમિતિની સ્થાપના કરવાની પણ જોગવાઈ છે જે કોઈ વિસ્તારમાં સંભવિત સાંપ્રદાયિક તણાવ અને તેના પરિણામે થતા 'અનૈચ્છિક વિસ્થાપન' અંગે સરકારને સલાહ આપશે. 'પીડિત'ની વ્યાખ્યા પણ વિસ્તૃત કરવામાં આવી છે.

અખબારના જણાવ્યા અનુસાર, હાલના કાયદામાં કોઈ વિસ્તારને 'અશાંત વિસ્તાર' જાહેર કરવાની જોગવાઈને નવી જોગવાઈ દ્વારા બદલવામાં આવી છે. જે વિસ્તારોમાં સાંપ્રદાયિક તણાવને કારણે જાહેર વ્યવસ્થા પ્રભાવિત થવાની સંભાવના હોય તેવી પરિસ્થિતિઓનો પણ સમાવેશ થશે.




ગુજરાત વિધાનસભાએ બુધવારે રાજ્યના 'અશાંત વિસ્તાર' કાયદામાં સુધારો કર્યો છે. આ સુધારા હેઠળ, આવા વિસ્તારો હવે 'નિર્દિષ્ટ વિસ્તારો' તરીકે ઓળખાશે અને જિલ્લા કલેક્ટરો અપાયેલી સત્તા હેઠળ ત્યાં મિલકત જપ્ત કરી શકશે

ચર્ચા દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના મતવિસ્તાર વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે સહિત ભાજપના ધારાસભ્યોએ દાવો કર્યો હતો કે, મુસ્લિમોને તેમની મિલકતો વેચીને હિન્દુઓને 'બળજબરી'થી સ્થળાંતર કરવું પડી રહ્યું છે અને આ અમદાવાદની વસ્તીવિષયકતાને બદલવાનું એક 'ષડયંત્ર' છે.

વિધાનસભાના એકમાત્ર મુસ્લિમ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ બિલનો વિરોધ કરતા કહ્યું કે, ભાજપના ધારાસભ્યો મત ગુમાવવાના ડરથી આવા મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે. તેમણે રાજ્ય સરકાર પાસે લઘુમતી સમુદાયોને તેમની વસ્તીના પ્રમાણમાં જમીન ફાળવવાની માંગ કરી હતી.

જમાલપુર-ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય ખેડાવાલાએ કહ્યું, "જો ભાજપના ૩૦ વર્ષના શાસન દરમિયાન ગુજરાતમાં શાંતિ રહી છે, તો પછી અશાંત વિસ્તાર કાયદામાં નવા વિસ્તાર કેમ ઉમેરવામાં આવી રહ્યા છે? છેલ્લા કેટલાક વર્ષોમાં, આ કાયદા હેઠળ ૪૪ નવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે."

ગુજરાતના હાલના 'અશાંત વિસ્તાર' કાયદા પર લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમોને ઘેટ્ટો કરવા બદલ વારંવાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે.

ધ વાયરના એક અહેવાલ મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૫માં ગુજરાતની એક ૧૫ વર્ષની મુસ્લિમ છોકરીએ આત્મહત્યા કરી હતી. આ કાયદાની પૃષ્ઠભૂમિ સામે, તેના પોતાના વિસ્તારમાં ઘર ખરીદ્યા પછી, તેના પરિવારને મહિનાઓ સુધી હેરાનગતિ, હિંસા અને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો.

પરિવારના જણાવ્યા મુજબ, પડોશીઓએ ડિસ્ટર્બ્ડ એરિયાઝ એક્ટ હેઠળ કાનૂની કાર્યવાહીની ધમકી આપી હતી, જે તેમની ખરીદીને અમાન્ય કરી શકે છે. આનાથી પરિવાર પોલીસ કાર્યવાહી કરવામાં અચકાયો અને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

(સૌ. : ધ વાયર હિન્દી.કોમ)

# પરિણીત વ્યક્તિઓ છૂટાછેડા વિના લિવ-ઈન સંબંધો રાખી શકે નહીં : અલ્હાબાદ હાઈકોર્ટ

## જસ્ટિસ વિવેક કુમાર સિંહની બેન્ચે કહ્યું કે કોર્ટ છૂટાછેડા લીધા વિના લિવ-ઈન રિલેશનશિપમાં રહેલા અરજદારોને રક્ષણ માટે કોઈ રિટ કે નિર્દેશ જારી કરી શકે નહીં

(એજન્સી) પ્રયાગરાજ, તા.૨૯

અલ્હાબાદ હાઈકોર્ટે અવલોકન કર્યું છે કે જો કોઈ અરજદાર પહેલાથી જ પરિણીત હોય અને તેનો/તેણીને કોઈ પણ પ્રકારની હિંસાનો ભોગ બનવું પડે છે, તો તેઓ વિગતવાર અરજી સબમિટ કરીને સંબંધિત SSPનો સંપર્ક કરી શકે છે. સંબંધિત અધિકારી તેની સામગ્રી ચકાસશે અને અરજદારોના જીવનને સુરક્ષિત રાખવા માટે કાયદા અનુસાર જરૂરી પગલાં લેશે. ન્યાયાધીશ સિંહે અંજુ અને તેમના પુરૂષ જીવનસાથી દ્વારા દાખલ કરાયેલી અરજીનો નિકાલ કર્યો, જેમણે પ્રતિવાદીઓને તેમના "શાંતિપૂર્ણ જીવનમાં" દખલ ન કરવા અને રક્ષણ મેળવવા માટે આદેશ આપવાની માંગ કરી હતી. અરજદારોના વકીલે દલીલ કરી કે, આ બંને અરજદારો પતિ-પત્ની તરીકે સાથે રહે છે, અને તેમને જીવના જોખમનો ભય છે. જોકે, સ્થાયી વકીલે દલીલ કરી કે બંને અરજદારો પહેલેથી પરિણીત હતા અને તેમનું સાથે રહેવું "ગેરકાયદેસર" છે કારણ કે તેઓએ તેમના સંબંધિત જીવનસાથીઓ પાસેથી છૂટાછેડા લીધા ન હતા. કોર્ટે કહ્યું કે, આવી સ્થિતિમાં, બંધારણની કલમ ૨૨૬ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને લિવ-ઈન રિલેશનશિપમાં હોવાનો દાવો કરતા અરજદારોને રક્ષણ આપી શકાતું નથી. ૨૦ માર્ચના રોજ આપેલા આદેશમાં, કોર્ટે અવલોકન કર્યું હતું કે, કોઈને પણ બે પુખ્ત વયના લોકોની વ્યક્તિગત સ્વતંત્રતામાં દખલ કરવાનો અધિકાર



નથી, તેમના માતાપિતાને પણ નહીં. પરંતુ સ્વતંત્રતાનો અધિકાર અથવા વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર સંપૂર્ણ અથવા અબાધિત નથી. એક વ્યક્તિની સ્વતંત્રતા ત્યાંથી સમાપ્ત થાય છે જ્યાંથી બીજા વ્યક્તિનો કાનૂની અધિકાર શરૂ થાય છે. જીવનસાથીને તેના સમકક્ષનો સાથ માણવાનો કાનૂની અધિકાર છે, અને વ્યક્તિગત સ્વતંત્રતા ખાતર તેને તે અધિકારથી વંચિત રાખી શકાતો નથી. બીજા જીવનસાથીના કાનૂની અધિકારનું ઉલ્લંઘન કરવા માટે આવી કોઈ સુરક્ષા આપી શકાતી નથી; તેથી, એક વ્યક્તિની સ્વતંત્રતા બીજી વ્યક્તિના કાનૂની અધિકારને અતિક્રમણ કરી શકતી નથી અથવા તેનાથી વધુ પડતી નથી. એ સુસ્થાપિત કાયદો છે કે કાયદાની વિરૂદ્ધ અથવા દંડની જોગવાઈ સહિતની કાનૂની જોગવાઈને રદ કરવા માટે આદેશનો રિટ જારી કરી શકાય નહીં. અરજદારોને આદેશ માંગવાનો કાયદેસર રીતે સુરક્ષિત અને ન્યાયિક રીતે લાગુ કરી શકાય તેવો કાયમી અધિકાર નથી.

# સંઘ પરિવારના નેતાનો દાવો છે કે સતીસને ૨૦01 અને ૨૦0૬ની વિધાનસભા ચૂંટણીમાં જીતવા માટે RSSનો ટેકો માંગ્યો હતો

## RSS સમર્થક સંગઠન હિન્દુ ઐક્ય વેદીના રાજ્ય પ્રમુખ આર.વી. બાબુએ દાવો કર્યો હતો કે સતીસને ૧૯૯૬માં CPIના પી. રાજુ સામે "દયનીય રીતે" હારી ગયા હતા અને ત્યારબાદ જીતવા માટે RSSની મદદ માંગી હતી

(એજન્સી) કોચી, તા.૨૯

સંઘ પરિવારના એક અગ્રણી નેતા, આર.વી. બાબુએ શનિવારે દાવો કર્યો હતો કે UDFના અધ્યક્ષ વી.ડી. સતીસને ૨૦૦૧ અને ૨૦૦૬માં રાજ્ય વિધાનસભા ચૂંટણી જીતવા માટે RSSના નેતાઓને મળ્યા હતા, જે આરોપ કોંગ્રેસ નેતાએ નકારી કાઢ્યો હતો. સતીસને કહ્યું કે તેમણે ક્યારેય RSS કે BJPના મત માંગ્યા નથી અને દાવો કર્યો હતો કે UDF નેતા જ્યાંથી ચૂંટણી લડી રહ્યા છે તે પરાવુર મતવિસ્તારમાં રહેતા બાબુ, પાર્ટી દ્વારા તેમના વિરૂદ્ધ કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓને કારણે કોંગ્રેસ વિરોધી હતા. આરએસએસ સમર્થક સંગઠન હિન્દુ ઐક્ય વેદીના રાજ્ય પ્રમુખ બાબુએ એક ટીવી ચેનલને જણાવ્યું હતું કે વિપક્ષી નેતાએ અગાઉ ૨૦૦૬માં આરએસએસના કાર્યક્રમમાં હાજરી આપવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ હવે તેમણે સ્વીકાર્યું છે કે તેમણે હાજરી આપી હતી. "તો, કોણ ખોટું બોલી રહ્યું છે. તેવી જ રીતે, ભવિષ્યમાં, તેમને એ સ્વીકારવાની ફરજ પડશે કે તેમણે ૨૦૦૧ અને ૨૦૦૬ માં વિધાનસભા ચૂંટણી જીતવા માટે આરએસએસની મદદ લીધી હતી," બાબુએ કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસે આરએસએસ અંગે જે વલણ અપનાવ્યું છે તે ૨૦૦૧ અને ૨૦૦૬ માં સમાન નહોતું. બાબુએ દાવો કર્યો હતો કે સતીસન ૧૯૯૬ માં સીપીઆઈના પી રાજુ સામે "દયનીય રીતે" હારી ગયા હતા અને ત્યારબાદ જીતવા માટે આરએસએસની મદદ માંગી હતી. બાબુએ એમ પણ કહ્યું કે તેઓ સતીસનને હરાવવા માંગે છે. સંઘ પરિવારના નેતાએ વધુમાં કહ્યું કે તેઓ યુડીએફ અને એલડીએફ બંનેને એક જ સિક્કાની બે બાજુઓ તરીકે જુએ છે. આ બાબતે પત્રકારોના પ્રશ્નોના જવાબમાં સતીસને કહ્યું કે બાબુ તેમને હારી જવા માંગે છે તે હકીકત દર્શાવે છે કે ભાજપ કે આરએસએસ સાથે કોઈ સમજૂતી નથી. તેમણે આરએસએસ નેતાના આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા કે તેમણે ૨૦૦૧ અને ૨૦૦૬માં ચૂંટણી જીતવા માટે જમણેરી સંગઠનનો ટેકો માંગ્યો હતો. સતીસને આરએસએસ-સીપીઆઈ(એમ) જોડાણના તેમના અગાઉના દાવાઓને પણ પુનરાવર્તિત કર્યા. તેમણે એ પણ પ્રશ્ન કર્યો કે શું પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી), જેણે સીપીઆઈ(એમ) ને ટેકો જાહેર કર્યો છે, તે ધર્મનિરપેક્ષ છે. જ્યારે સીપીઆઈ(એમ) વેલફેર પાર્ટી ઓફ ઈન્ડિયા અને જમાત-એ-ઈસ્લામી દ્વારા અમને આપવામાં આવેલા સમર્થન પર પ્રશ્ન ઉઠાવી શકે છે, ત્યારે અમે તેમને પીડીપી વિશે પ્રશ્ન ઉઠાવી શકીએ છીએ," તેમણે અહીં પત્રકારોને જણાવ્યું. વિપક્ષી નેતાએ દલીલ કરી કે સીપીઆઈ(એમ) ને વેલ્ફેર પાર્ટી સાથે સમસ્યા છે કારણ કે તે યુડીએફને ટેકો આપી રહી છે. પત્રકારો સાથે વાત કરતી વખતે, સતીસને સીપીઆઈ(એમ) પર સબરીમાલા સોનાના ગેરરીતિના કેસોમાં આરોપી એવા નેતાઓને બચાવવાનો પણ આરોપ લગાવ્યો. તેમણે કેન્દ્ર સરકારને ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ (FCRA)માં સુધારો કરવાના તેના પગલાથી પાછા ખેંચવા વિનંતી કરી, અને દાવો કર્યો કે તે વિવિધ દ્ર્ઈ દ્વારા કરવામાં આવતી જાહેર ચેરિટી અને કલ્યાણકારી પ્રવૃત્તિઓને અસર કરી શકે છે.

# અજિત પવારના અકસ્માતના બે મહિના પછી, પરિવાર અને પક્ષે તપાસની માંગણી દોહરાવી

(એજન્સી) તા.૨૯

બારામતી નજીક વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના મૃત્યુના બે મહિના પછી, રાજકીય તણાવ સતત વધી રહ્યો છે, પરિવારના સભ્યો અને પક્ષના સાથીદારોએ વિગતવાર તપાસની માંગણી કરી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ) (NCP-SP)ના નેતાઓએ શનિવારે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને દુર્ઘટનાની આસપાસના સંજોગો પર ચિંતા વ્યક્ત કરી હતી. સ્વર્ગસ્થ નેતાના પિતરાઈ ભાઈ કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુલેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમની ગેરહાજરી હજુ પણ અવાસ્તવિક લાગી રહી છે, અને ઉમેર્યું હતું કે તેમની ખૂબ જ યાદ આવી રહી છે. પાર્ટીના ધારાસભ્ય રોહિત પવારે પણ "જસ્ટિસફોરઅજિતદાદા" હેશટેગનો ઉપયોગ કરીને સ્વર્ગસ્થ નેતાની યાદોને યાદ કરીને અને ન્યાય માટે તેમના આહ્વાનને પુનરાવર્તિત કરીને એક સંદેશ શેર કર્યો હતો. પાર્ટીના વરિષ્ઠ નેતા સુનીલ તટકરેએ પવાર સાથેના તેમના જોડાણને યાદ કરતો એક વિડિઓ સંદેશ બહાર પાડ્યો હતો, જ્યારે તેમના પુત્ર, જય પવાર, બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન ખાતે એક સ્મારકની મુલાકાત લઈને શ્રદ્ધાંજલિ આપી હતી. જોકે, આ ઉજવણીમાં સતત ગોટાળાના આરોપો પણ લગાવવામાં આવ્યા છે. રોહિત પવાર વારંવાર દાવો કરી રહ્યા છે કે આ દુર્ઘટના આકસ્મિક ન હોઈ શકે, આ ચિંતાનો પડઘો સુપ્રિયા સુલે દ્વારા પણ પડઘો પડ્યો હતો, જેમણે તાજેતરમાં લોકસભામાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને સમયમર્યાદામાં તપાસની માંગ કરી હતી."જો ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રીને ન્યાય ન મળી શકે, તો બીજાઓ માટે શું આશા છે?" સુલેએ ઔપચારિક કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં વિલંબની ટીકા કરતા કહ્યું.રાજ્ય



## મહારાષ્ટ્રમાં ગોટાળા અને અધિકારક્ષેત્રના વિવાદના આરોપો રાજકીય તણાવને જીવંત રાખે છે

વિધાનસભામાં જવાબ આપતા, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે સરકાર સત્ય ઉજાગર કરવા માટે પ્રતિબદ્ધ છે અને કોઈપણ કાવતરાને સજા વિના છોડવા દેશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવી રહ્યું છે અને વહીવટના ઈરાદા પર પ્રશ્ન ઉઠાવવા સામે તાકીદ કરી છે. આ કેસથી અધિકારક્ષેત્રનો વિવાદ પણ ઊભો થયો છે. ફડણવીસે કર્ણાટકમાં કેસ દાખલ કરવાની ટીકા કરી, તેને કાયદેસર રીતે અસમર્થ ગણાવી અને દલીલ કરી કે રાજ્ય પાસે આ મામલે "ઝીરો એફઆઈઆર" નોંધવાનો કોઈ અધિકાર નથી. તેમણે મહારાષ્ટ્રની બહાર આશ્રય લેવા બદલ વિપક્ષ પર પણ નિશાન સાધ્યું. રોહિત પવાર રાહુલ ગાંધીને મળ્યા બાદ રાજકીય વિવાદ વધુ ઘેરો બન્યો છે, મુખ્યમંત્રીએ સૂચવ્યું છે કે બીજા રાજ્યમાં કેસ દાખલ કરવાની હિલચાલ આ બેઠકથી પ્રભાવિત થઈ શકે છે. વિરોધાભાસી દાવાઓ, સંપૂર્ણ તપાસની માંગણીઓ અને અધિકારક્ષેત્ર પરના પ્રશ્નો સાથે અજિત પવારના મૃત્યુની આસપાસના સંજોગો મહારાષ્ટ્રમાં એક વિવાદાસ્પદ રાજકીય મુદ્દો બની રહ્યા છે.



# મહિલાઓ માટે રૂા.૨૦૦૦, પેન્શન વધારો, મફત વીજળી : DMKનો તમિલનાડુ ચૂંટણી ઢંઢેરો

## મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને કલ્યાણ અને વિકાસના પગલાંઓની જાહેરાત કરી, જેમાં મહિલાઓ માટે રોકડ સહાયમાં વધારો, ઉચ્ચ પેન્શન, વિદ્યાર્થીઓ માટે વિસ્તૃત મફત વીજળી અને લેપટોપનો સમાવેશ થાય છે, જેમ કે DMKએ તેનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો

(એજન્સી) તા.૨૯

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને રવિવારે DMKનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો, જેમાં કલ્યાણ વિસ્તરણ અને આર્થિક વિકાસના પગલાંના મિશ્રણની રૂપરેખા આપવામાં આવી, જ્યારે ભારપૂર્વક જણાવ્યું કે રાજ્યએ તેના વર્તમાન વિકાસ માર્ગ પર આગળ વધવું જોઈએ. ચેન્નાઈમાં પાર્ટી મુખ્યાલયમાં બોલતા, સ્ટાલિને કહ્યું કે DMK સરકારે તેના વચનો પૂરા કર્યા છે અને જો ફરીથી ચૂંટાશે તો હાલની યોજનાઓ પર નિર્માણ કરશે.

**મહિલાઓ, બાળકો માટે કલ્યાણ પ્રોત્સાહન :** મુખ્ય જાહેરાતોમાં, મહિલા પરિવારના વડાઓ માટે માસિક સહાય રૂા.૧૦૦૦થી વધારીને રૂા.૨૦૦૦ કરવામાં આવશે, જેનો લાભ ૧.૩૭ કરોડથી વધુ પ્રાપ્તકર્તાઓને મળશે. વૃદ્ધ પેન્શન પણ રૂા.૨૦૦૦ કરવામાં આવશે. સરકારની નાસ્તો યોજના, જે હાલમાં ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓને આવરી લે છે, તેને ધોરણ ૮ સુધી વિસ્તૃત કરવામાં આવશે. મહિલા સ્વ-સહાય જૂથો રૂા.૫ લાખ સુધીની વ્યાજમુક્ત લોન માટે પાત્ર બનશે, જ્યારે મુખ્યમંત્રી આરોગ્ય વીમા યોજના હેઠળના લાભો રૂા.૧ લાખ સુધી વધારવામાં આવશે.

**આરોગ્ય, આવાસ પ્રોત્સાહન :** ઢંઢેરામાં વાર્ષિક આવક પાત્રતા મર્યાદા રૂા.૫ લાખ સુધી વધારીને અને વીમા રકમ રૂા.૧૦ લાખ સુધી વધારીને મુખ્યમંત્રી આરોગ્ય વીમા યોજનાનો વિસ્તાર કરવાનો પ્રસ્તાવ છે. પાર્ટીએ આગામી પાંચ વર્ષમાં ૧૦ લાખ નવા મકાનો બનાવવાનું પણ વચન આપ્યું છે. સરકારી હોસ્પિટલોમાં ડાયાલિસિસ સુવિધાઓ બમણી કરવામાં આવશે.

**વિદ્યાર્થીઓ માટે મફત વીજળી, લેપટોપ :** ઢંઢેરામાં ૨૦ લાખથી વધુ લાભાર્થીઓને મફત વીજળી સહાય ચાલુ રાખવાનું વચન આપવામાં આવ્યું છે, સાથે જ મીટર વિના પંપ સેટની જોગવાઈ પણ કરવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રમાં, ઉચ્ચ અભ્યાસ કરી રહેલા ૩૫ લાખ વિદ્યાર્થીઓને લેપટોપનું વિતરણ કરવામાં આવશે. સરકારી સુવિધાઓમાં ડાયાલિસિસ યુનિટની સંખ્યા પણ બમણી કરવામાં આવશે.

**નોકરીઓ, રોકાણ પર ધ્યાન કેન્દ્રિત :** સ્ટાલિને કહ્યું કે, પાર્ટી રાજ્યના અર્થતંત્રને વેગ આપવા માટે ૧૮ લાખ કરોડ રૂપિયાના રોકાણ આકર્ષવાનો લક્ષ્ય રાખે છે, જે ૧૨૦ અબજ ડોલરના આર્થિક કદને લક્ષ્ય બનાવે છે. રોજગારીની તકો વધારવા માટે, ખાસ કરીને ટેક્નોલોજી ક્ષેત્રમાં, નિયો ટાઈડલ પાર્ક્સ સ્થાપવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે ડીએમકેએ માત્ર તેના ચૂંટણી વચનો પૂરા કર્યા નથી, પરંતુ તેની પ્રતિબદ્ધતાઓથી આગળના વધારાના પગલાં પણ અમલમાં મૂક્યા છે. તેમણે રાજકીય વિરોધીઓ પર કલ્યાણકારી યોજનાઓને રોકવા અને રાજ્યના વિકાસના માર્ગને નબળી પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો. સ્ટાલિને દસ્તાવેજ તૈયાર કરવા બદલ મેનિફેસ્ટો સમિતિના વડા કનિમોઝી કરુણાનિધિસહિત પાર્ટીના નેતાઓનો પણ આભાર માન્યો. તેમણે કહ્યું કે તમિલનાડુના લોકો ડીએમકે હેઠળ શાસન અને વિકાસમાં સાતત્ય ઈચ્છે છે.

**હદીસ બોધ**

કિંમતના પ્રમાણે વજન કરો અને વજન નમતું કરો.
(હદીસ બોધ)

**બોધ વચન**

સત્ય ભાગ્યે જ સ્વચ્છ હોય છે અને સરળ તો ક્યારેય હોતું જ નથી. - ઓસ્કાર વાઈલ્ડ

**આજની આરસી**

| | |
|---|---|
| ૩૦ માર્ચ સોમવાર | ૨૦૨૬ |
| ૧૦ શવ્વાલ હિજરી | ૧૪૪૭ |
| ચૈત્ર સુદ બારસ સંવત | ૨૦૮૨ |
| સુબ્હ સાદિક | ૫-૧૫ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૫ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૫૪ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# બે વર્ષનો પ્રતિબંધ પૂરતો નથી : સુનીલ ગાવસ્કરે BCCIને IPLમાંથી ખસી જનારા ખેલાડીઓ માટે કડક નિયમો બનાવવા વિનંતી કરી

નવી દિલ્હી, તા.૨૯

ભારતીય ક્રિકેટ જગતના દિગ્ગજ ખેલાડી સુનીલ ગાવસ્કરે IPL હરાજીમાં પસંદ થયા બાદ છેલ્લી ઘડીએ ટુર્નામેન્ટમાંથી નામ પાછું ખેંચી લેનારા ખેલાડીઓ સામે લાલ આંખ કરી છે. ગાવસ્કરે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ને વર્તમાન સજાની પદ્ધતિ પર પુનઃવિચાર કરવા અને વધુ કડક પગલાં લેવા આગ્રહ કર્યો છે. તેમના મતે, હાલનો બે વર્ષનો પ્રતિબંધ ખેલાડીઓને આવા નિર્ણયો લેતા અટકાવવા માટે પૂરતો સાબિત થઈ રહ્યો નથી.




તાજેતરમાં ઇંગ્લેન્ડના બેટ્સમેન બેન ડકેટ દ્વારા IPL ૨૦૨૬માંથી અચાનક ખસી જવાની જાહેરાત બાદ આ વિવાદ વકર્યો છે. આ અંગે 'ઈન્ડિયા ટુડે' સાથે ખાસ વાતચીત કરતા ગાવસ્કરે જણાવ્યું હતું કે, "બે વર્ષનો પ્રતિબંધ દેખીતી રીતે કામ કરી રહ્યો નથી. BCCIએ એવી સજા વિશે વિચારવું જોઈએ જેની ખેલાડી પર વાસ્તવિક અસર પડે. જ્યાં સુધી આ સજા ખેલાડીની IPLમાં પાછા ફરવાની તકોને અસર નહીં કરે, ત્યાં સુધી આ સિલસિલો ચાલુ રહેશે."

બેન ડકેટને દિલ્હી કેપિટલ્સ દ્વારા ૨ કરોડ રૂપિયામાં સાઈન કરવામાં આવ્યો હતો, પરંતુ તેણે લાલ બોલના ક્રિકેટ (ટેસ્ટ)ને પ્રાથમિકતા આપવા અને પરિવાર સાથે સમય વિતાવવાનું કારણ આપીને હટી જવાનો નિર્ણય લીધો છે. IPLના નિયમો મુજબ, જો કોઈ વિદેશી ખેલાડી હરાજીમાં વેચાયા પછી ઈજા કે તબીબી કારણો વગર નામ પાછું ખેંચે, તો તેના પર બે વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવે છે. બેન ડકેટ પહેલા હેરી બ્રુક પણ ૬.૨૫ કરોડમાં ખરીદાયા બાદ હટી ગયો હતો અને હાલમાં તે સમાન પ્રતિબંધ ભોગવી રહ્યો છે.

ગાવસ્કરે વધુમાં ઉમેર્યું હતું કે ફ્રેન્ચાઇઝીઓએ પણ ભવિષ્યની હરાજીમાં આવા ખેલાડીઓ પ્રત્યે કડક વલણ અપનાવવું જોઈએ. વારંવાર બનતી આવી ઘટનાઓ ખેલાડીઓની પ્રતિબદ્ધતા પર સવાલ ઊભા કરે છે. હવે જોવાનું એ રહેશે કે શું BCCI આગામી સમયમાં આ નિયમોમાં ફેરફાર કરીને વધુ કડક દંડ કે લાંબા ગાળાના પ્રતિબંધ જેવી જોગવાઈઓ અમલમાં લાવે છે કે નહીં.

# વિરાટ કોહલી નિવૃત્તિથી ઘણો દૂર, ટેસ્ટ ક્રિકેટમાં વાપસી કરવી જોઈએ : પૂર્વ ભારતીય ખેલાડી

બેંગલુરૂ, તા.૨૯

IPL ૨૦૨૬ની શરૂઆતની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ (RCB)ના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ શાનદાર પ્રદર્શન કરીને સૌના દિલ જીતી લીધા છે. સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામે રમાયેલી આ મેચમાં કોહલીએ માત્ર ૩૮ બોલમાં અણનમ ૬૯ રન ફટકારીને ટીમને શાનદાર જીત અપાવી હતી. આ ધમાકેદાર ઈનિંગ બાદ પૂર્વ ભારતીય ખેલાડી અંબાતી રાયડુએ મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે, ૩૭ વર્ષીય કોહલીમાં હજુ પણ ઘણું ક્રિકેટ બાકી છે અને તે નિવૃત્તિથી ઘણો દૂર છે.



અંબાતી રાયડુએ એક સ્પોર્ટ્સ શો દરમિયાન ચર્ચા કરતા સૂચવ્યું હતું કે વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાં ફરીથી વાપસી કરવી જોઈએ. રાયડુના મતે કોહલીમાં હજુ પણ ૫ થી ૬ વર્ષનું ટોચનું ક્રિકેટ બાકી છે. વધુમાં તેણે ઉમેર્યું કે કોહલી ભારતનો સર્વશ્રેષ્ઠ લાલ બોલ (ટેસ્ટ) કેપ્ટન રહ્યો છે અને તે જે રીતે હાલ બેટિંગ કરી રહ્યો છે, તે જોતા તેનું ટેસ્ટમાં ન હોવું એ ભારતીય ક્રિકેટ માટે મોટું નુકસાન છે. રાયડુની સાથે પૂર્વ કોચ સંજય બાંગરે પણ આ વિચારને સમર્થન આપ્યું હતું. મેચની વાત કરીએ તો, એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૨૦૨ રનનો પીછો કરતા કોહલીએ પોતાની ઈનિંગમાં ૫ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા હતા. તેની આક્રમક બેટિંગની મદદથી ઈઝમ્એ ૧૬ ઓવરથી પણ ઓછા સમયમાં લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ઉલ્લેખનીય છે કે, વિરાટ કોહલીએ વર્ષ ૨૦૨૫માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી બાદ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું, જેના કારણે તે ૧૦,૦૦૦ ટેસ્ટ રનનો આંકડો સ્પર્શવાથી વંચિત રહ્યો હતો. IPL ૨૦૨૬માં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે ઉતરેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂનો લક્ષ્ય સતત બીજી વખત ટાઇટલ જીતવાનો (Title Defense) છે. જો RCB આ સિદ્ધિ મેળવશે, તો તે ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ બાદ સતત બે વાર ટાઇટલ જીતનારી ત્રીજી ટીમ બની જશે. નોંધનીય છે કે આપેલ અહેવાલમાં દેવદત્ત પડિક્કલના સ્કોર અંગે કોઈ સ્પષ્ટ વિગત આપવામાં આવી નથી.

# રહાણે, નરૈન કે એલન-સીફર્ટ ? MI સામેની મેચ પહેલા KKR માટે ઓપનિંગ જોડી પસંદ કરવી લોઢાના ચણા ચાવવા જેવું

નવી દિલ્હી, તા.૨૯

IPL ૨૦૨૬ની પોતાની પ્રથમ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ (MI) સામે મેદાને ઉતરતા પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એક મોટી મૂંઝવણમાં ફસાયેલું જોવા મળી રહ્યું છે. ટીમ માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ઈનિંગ્સની શરૂઆત કોણ કરશે ? પૂર્વ ભારતીય ક્રિકેટર આકાશ ચોપરાનું માનવું છે કે KKR એ આ સમસ્યાનો ઉકેલ વહેલી તકે શોધવો પડશે, કારણ કે ઓપનિંગ જોડીમાં વારંવારના ફેરફારો ટીમના લયને બગાડી શકે છે.





**ગયા વર્ષની નબળાઈ અને નવો પડકાર :** IPL ૨૦૨૫માં KKRની સૌથી મોટી નબળાઈ તેમની ઓપનિંગ જોડી રહી હતી. ગત સીઝનમાં અજિંક્ય રહાણે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો અને સુનીલ નરૈન પણ પ્રભાવશાળી રહ્યો હતો, તેમ છતાં ટીમ એક પણ ૫૦ રનની ભાગીદારી નોંધાવી શકી નહોતી. હવે જ્યારે પ્રથમ મેચ મુંબઈ ઈન્ડિયન્સ જેવા મજબૂત બોલિંગ આક્રમણ સામે છે, ત્યારે KKR માટે સ્થિર ઓપનિંગ જોડી શોધવી અનિવાર્ય બની ગઈ છે.

**આકાશ ચોપરાનું વિશ્લેષણ :** આકાશ ચોપરાના જણાવ્યા અનુસાર KKRએ હવે ઓછામાં ઓછી આગામી ચાર-પાંચ મેચો માટે એક ચોક્કસ જોડાણ નક્કી કરી લેવું જોઈએ. તેમણે જણાવ્યું કે, "જો ટીમ ફિન એલન અને અજિંક્ય રહાણે પાસે ઓપનિંગ કરાવે છે, તો સુનીલ નરૈન માટે જગ્યા બનાવવી મુશ્કેલ બનશે. જો રહાણે ઓપનિંગ નહીં કરે તો ટીમમાં તેમનું મહત્વ અડધું થઈ જશે. આ સિવાય કેમેરોન ગ્રીન માટે નંબર ૩નું સ્થાન સૌથી યોગ્ય છે."

**વિદેશી ખેલાડીઓનું સંતુલન :** ટીમ સામે માત્ર ખેલાડીઓના ફોર્મનો જ નહીં પરંતુ વિદેશી ખેલાડીઓના સંતુલનનો પણ પ્રશ્ન છે. જો ટીમ ફિન એલન કે ટિમ સીફર્ટ જેવા વિદેશી ઓપનરને રમાડે છે, તો અન્ય સ્લોટ્સમાં વિદેશી ખેલાડીઓની સંખ્યા મર્યાદિત થઈ જશે. સીફર્ટ વિકેટકીપિંગની સુવિધા આપે છે, જ્યારે એલન આક્રમક શરૂઆત માટે જાણીતો છે. બીજી તરફ, જો ટીમ અંગક્રિશ રઘુવંશી જેવા ભારતીય વિકેટકીપરને તક આપે, તો વિદેશી ખેલાડીઓની પસંદગીમાં વધુ સ્વતંત્રતા મળી શકે છે. ટૂંકમાં, ૨૯ માર્ચના રોજ રમાનારી આ મેચમાં KKR કઈ ઓપનિંગ જોડી સાથે ઉતરે છે, તે જોવું રસપ્રદ રહેશે. આ નિર્ણય માત્ર એક મેચ પૂરતો નહીં, પરંતુ આખી સીઝન માટે KKRનો અભિગમ નક્કી કરશે.

# વિજય ત્રિચી પૂર્વના પેરામ્બુરથી ચૂંટણી મેદાનમાં ઊતરશે; ટીવીકેએ ઉમેદવારોની યાદી જાહેર કરી

## નવા ઉમેદવારોમાં તાજેતરમાં ટીવીકેમાં જોડાયેલા એઆઈએડીએમકેના હાંકી કાઢવામાં આવેલા નેતા કેએ સેંગોટાઈયન ગોબીચેટ્ટીપલયમથી ચૂંટણી લડશે

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૯

ટીવીકેના વડા વિજયે રવિવારે જાહેરાત કરી કે તેઓ ૨૩ એપ્રિલના રોજ થનારી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે બે મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે. તેમણે કહ્યું કે "તે સી જોસેફ વિજય હશે," ચેન્નાઈના પેરામ્બુર અને તિરુચિરાપલ્લી પૂર્વથી. અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયે વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના ઉમેદવારોની પ્રથમ યાદી પણ જાહેર કરી. પાર્ટીની ઉમેદવાર પરિચય બેઠકમાં, તેમણે વરિષ્ઠ નેતાઓને ઉમેદવારો તરીકે નામ આપ્યા. મહાસચિવ એન આનંદ ટી નગર, ખજાનચી વેંકટરામન માયલાપોરથી અને ચૂંટણી પ્રચાર વ્યવસ્થાપન મહાસચિવ આધવ અર્જુન વિલ્લિવાક્કમથી ચૂંટણી લડશે. ડેપ્યુટી જનરલ સેક્રેટરી સીટીઆર નિર્મલ કુમાર અને રાજ મોહન અનુક્રમે તિરુપ્પારંકુન્દ્રમ અને એગ્મોરથી ચૂંટણી લડશે. નવા ઉમેદવારોમાં, તાજેતરમાં ટીવીકેમાં જોડાયેલા એઆઈએડીએમકેના હાંકી કાઢવામાં આવેલા નેતા કેએ સેંગોટાઈયન ગોબીચેટ્ટીપલયમથી ચૂંટણી લડશે. પૂર્વ આઈઆરએસ અધિકારી અને પાર્ટીના પ્રચાર સચિવ કેજી અરુણરાજને તિરુચેંગોડેથી ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. વિજયે જાહેરાત કરી કે જો પાર્ટી સત્તામાં આવશે તો ૨૯ વર્ષથી વધુ ઉંમરના બેરોજગાર સ્નાતકોને માસિક રૂા.૪,૦૦૦ની સહાય મળશે. યુવાનો માટે એક એજન્ડાનું અનાવરણ કરતા, જેને તેમણે "ગેરંટી" તરીકે વર્ણવ્યું, વિજયે વચન આપ્યું, જેમાં ડ્રગ્સ-મુક્ત તામિલનાડુ માટે પગલાં, ધોરણ ૧૨થી પીએચડી સુધી રૂા.૨૦ લાખ સુધીની કોલેટરલ-મુક્ત લોન ગેરંટીનો સમાવેશ થાય છે. વિજયે ભારપૂર્વક જણાવ્યું કે મુખ્ય ચૂંટણી લડાઈ તેમના "લોકોનું જોડાણ ટીવીકે અને સ્ટાલિન સર જોડાણ" વચ્ચે છે. તેમણે શાસક જોડાણની પણ ટીકા કરી, તેને "પેચ-અપ" ગણાવ્યું. "મેં ઉમેદવારો તરીકે એવા લોકોને પસંદ કર્યા છે જેઓ લોકોની સાથે ઉભા રહેશે," તેમણે કહ્યું. શાસક ગઠબંધનના ભાગીદારોની ટીકા કરતા તેમણે કહ્યું કે ડાબેરી પક્ષો, MDMK અને DMDKનો સમાવેશ કરતું પીપલ વેલ્ફેર એલાયન્સ, DMKના નેતૃત્વ હેઠળના મોરચામાં જોડાયું છે અને ઉમેર્યું કે તે "તૂટેલા કાચના ટુકડાઓને ભેગા કરીને" રચાયું છે. રાજ્યમાં ૨૩૪ વિધાનસભા ક્ષેત્રોની ચૂંટણી ૨૩ એપ્રિલે યોજાશે.

# તમિલનાડુની દલિત મહિલાએ કોંગ્રેસના કાઉન્સિલર પ્રસોબ એમ વાલસન પર જાતીય હુમલો કરવાનો આરોપ લગાવ્યો; ફરિયાદ દાખલ

## ફરિયાદીના જણાવ્યા મુજબ કાઉન્સિલરે શરૂઆતમાં નોકરીની ઓફર લઈને તેમનો સંપર્ક કર્યો હતો અને બાદમાં તેમના નિવાસસ્થાને ગયા હતા, જ્યાં તેમણે આરોપ લગાવ્યો છે કે હુમલાની પહેલી ઘટના બની હતી

(એજન્સી) પલક્કડ, તા.૨૯

એક દલિત મહિલાએ કોંગ્રેસના સ્થાનિક નેતા અને પલક્કડ મ્યુનિસિપલ કાઉન્સિલર પ્રસોબ એમ વલસન પર નોકરીની ઓફરના બહાને કથિત રીતે મિત્રતા કર્યા બાદ અનેક વખત જાતીય હુમલો કરવાનો આરોપ લગાવતી ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ, જેની એક નકલ TNIE પાસે છે, તેને મુખ્યમંત્રી અને જિલ્લા પોલીસ વડાના કાર્યાલયમાં સુપરત કરવામાં આવી છે, જેમાં તાત્કાલિક હસ્તક્ષેપ, રક્ષણ અને કાનૂની કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, કાઉન્સિલર શરૂઆતમાં નોકરીની ઓફર લઈને તેમનો સંપર્ક કર્યો હતો અને બાદમાં તેમના નિવાસસ્થાને ગયા હતા, જ્યાં તેમણે આરોપ લગાવ્યો છે કે હુમલોની પહેલી ઘટના બની હતી. તેણીએ વધુમાં જણાવ્યું હતું કે બીજા એક પ્રસંગે, પ્રસોબે તેમને નોકરીના ઈન્ટરવ્યુ માટે પટ્ટમ્બીમાં એક વ્યવસાયિક સંસ્થામાં લઈ જવાનું વચન આપીને તેમની સાથે કારમાં જવા કહ્યું હતું, જે દરમિયાન તેમની પર ફરીથી હુમલો કરવામાં આવ્યો હતો. મહિલાએ એવો પણ આરોપ લગાવ્યો છે કે પલક્કડ જિલ્લા હોસ્પિટલ નજીક બીજી એક ઘટના બની હતી. વધુમાં, તેણીએ દાવો કર્યો હતો કે તેણીને ધમકી આપવામાં આવી હતી અને હોટલના રૂમમાં જવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, જ્યાં તેના પર હુમલો કરવાના વધુ પ્રયાસો કરવામાં આવ્યા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે સંભવિત જોખમની અપેક્ષા રાખીને, તેણીએ આવા એક ઘટના દરમિયાન તેના મોબાઈલ ફોન પર દ્રશ્ય પુરાવા રેકોર્ડ કર્યા હતા. તેણીની ફરિયાદમાં, મહિલાએ આરોપ લગાવ્યો છે કે આરોપીએ વારંવાર જાતીય હુમલો કરતા પહેલા પ્રેમ વ્યક્ત કર્યો હતો. તેણીએ જણાવ્યું હતું કે તેણી પર તેના નિવાસસ્થાને બે વાર હુમલો કરવામાં આવ્યો હતો, એક વાર જિલ્લા હોસ્પિટલ નજીક કારમાં અને એક વાર લોજમાં. તેણીએ વધુમાં આરોપ લગાવ્યો હતો કે તેણીએ બાદમાં તેણીનો નંબર બ્લોક કરીને સંપર્ક કાપી નાખ્યો હતો. ફરિયાદીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેણીએ પ્રસોબને જાણ કરી કે તે ગર્ભવતી છે, ત્યારે તેણે ગર્ભાવસ્થા સમાપ્ત કરવા માટે ગોળીઓની વ્યવસ્થા કરવાની ઓફર કરી હતી. તેણીએ તેના પર તેના વિશ્વાસનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે તે વારંવાર પોતાનો રાજકીય પ્રભાવ દાખવતો હતો, સાંસદો અને ધારાસભ્યો સાથેના ફોટા બતાવતો હતો અને કહેતો હતો કે તેઓ નજીકના સાથી હતા. તેના કથિત સંબંધોને ટાંકીને, તેણીએ તેના જીવન માટે ડર વ્યક્ત કર્યો હતો અને તાત્કાલિક રક્ષણ અને ન્યાયની માંગ કરી હતી. કોંગ્રેસના સૂત્રોએ આ ઘટનાક્રમની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે પ્રસોબ ગુરુવાર રાતથી અનુપલબ્ધ છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપી હાલમાં પહોંચી શકાયો નથી, અને પ્રાથમિક માહિતી સૂચવે છે કે તે છુપાયેલો હોઈ શકે છે. અધિકારીઓએ સંકેત આપ્યો હતો કે ફરિયાદ અને પ્રારંભિક પૂછપરછના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. પ્રકાશન સમયે કાઉન્સિલરનો ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. કાઉન્સિલર પલક્કડના વર્તમાન ધારાસભ્ય રાહુલ મામકુટાથિલ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે, જેમને શ્રેણીબદ્ધ જાતીય સતામણીના આરોપો અને ત્યારબાદ ધરપકડ બાદ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ ઘટનાક્રમ ચાલુ વિધાનસભા ચૂંટણી પ્રચાર વચ્ચે મતવિસ્તારમાં પહેલાથી જ ગરમાયેલા રાજકીય વાતાવરણને વધુ તીવ્ર બનાવવાની શક્યતા છે.

# દલિત વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાના કેસમાં એસસી કમિશને રાજિન્દર કોલેજ ભટિંડાના પ્રિન્સિપાલને સમન્સ પાઠવ્યા

(એજન્સી) ચંદીગઢ, તા.૨૯

રાજિન્દર કોલેજ ભટિંડામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાના કેસની નોંધ લેતા, પંજાબ રાજ્ય અનુસૂચિત જાતિ આયોગે કોલેજના પ્રિન્સિપાલને સમન્સ પાઠવ્યા છે.

આ માહિતી જાહેર કરતા, પંજાબ રાજ્ય અનુસૂચિત જાતિ આયોગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ મામલો એક અખબારમાં પ્રકાશિત થયેલા સમાચાર દ્વારા કમિશનના ધ્યાનમાં આવ્યો હતો, જેના પર કમિશને કાર્યવાહી કરી છે અને રાજિન્દર કોલેજ ભટિંડાના પ્રિન્સિપાલને ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કમિશન સમક્ષ રૂબરૂ હાજર થવા જણાવ્યું છે.

# 'જમણેરી વિચારધારા અને પોલીસની ઉદાસીનતાને કારણે દલિતો પર હુમલામાં વધારો થયો' : ડૉ. ડી. રવિકુમાર

(એજન્સી) તા.૨૯

એડાપ્પડી પલાનીસ્વામીના શાસનકાળ દરમિયાન, પોલીસ અને અમલદારશાહી RSS અને BJPથી પ્રભાવિત હતી. DMK શાસનકાળ દરમિયાન પણ આ વલણ અમુક અંશે ચાલુ રહ્યું.

કાર્યકરો અને નાગરિક સમાજના એક વર્ગ દ્વારા કરવામાં આવતી ટીકાઓ વચ્ચે કે શાસક DMK એ તેના નવા સાથી DMDKને ૧૦ બેઠકો ફાળવીને પ્રાથમિકતા આપી છે, જ્યારે VCK અને ડાબેરી પક્ષો જેવા તેના લાંબા ગાળાના અને વૈચારિક રીતે પ્રતિબદ્ધ સાથીઓની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યું છે, લેખક, સાંસદ અને VCK ના મહાસચિવ ડૉ. ડી. રવિકુમાર TNIEના કૃતિકા શ્રીનિવાસન સાથેની મુલાકાતમાં આવી ટીકાનો જવાબ આપે છે.

એવી ધારણા વધી રહી છે કે VCK જેવા પક્ષો તાજેતરના વર્ષોમાં દલિતો પરના અત્યાચારો અથવા જરૂરી પગલાં લેવામાં કથિત ભૂલોના મુદ્દાઓ પર DMK સરકારને મજબૂત રીતે પ્રશ્ન કરવામાં નિષ્ફળ રહીને મૌન બની ગયા છે. આ સાચું નથી. VCKએ મુખ્ય વિપક્ષી પક્ષ, AIADMK કરતાં વધુ સરકાર વિરોધી સંઘર્ષોનું આયોજન કર્યું છે. વેંગૈવાયલ ઘટના પછી પુડુક્કોટાઈમાં એક વિશાળ પ્રદર્શનનું આયોજન કરનારા અમે સૌપ્રથમ હતા. અત્યાચારની અન્ય ઘટનાઓ દરમિયાન અમે રાજ્યવ્યાપી પ્રદર્શનો પણ કર્યા હતા. જોકે, એ હકીકત છે કે વર્તમાન ડીએમકે શાસન દરમિયાન દલિતો પર અત્યાચાર વધ્યા છે, જેમ કે એનસીઆરબીના ડેટા દ્વારા પુષ્ટિ મળે છે. જમણેરી વિચારધારાનો ઉદય અને પોલીસની ઉદાસીનતા મુખ્ય કારણો છે. એડાપ્પડી પલાનીસ્વામીના શાસન દરમિયાન, પોલીસ અને અમલદારશાહી આરએસએસ અને ભાજપથી પ્રભાવિત હતી. ડીએમકે શાસન દરમિયાન પણ આ વલણ અમુક અંશે ચાલુ રહ્યું.

ભાજપ, જેની સાંપ્રદાયિક રીતે વિભાજનકારી રાજકારણ માટે ટીકા થાય છે, તેણે પણ બિહાર અને યુપી ચૂંટણીમાં દલિત-બહુજન પક્ષોને પ્રતિનિધિત્વ આપ્યું હતું, પરંતુ ડીએમકે, તેની પ્રગતિશીલ ઓળખ હોવા છતાં, પાછળ રહી ગઈ હોય તેવું લાગે છે જ્યારે ડાબેરી પક્ષોને પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં પણ નિષ્ફળ રહી છે. તમારો મત ?

ડાબેરી પક્ષો માટે ઘટતી જગ્યા અંગે અમે ખૂબ ચિંતિત છીએ. ભલે અમે વીસીકેને ડાબેરી પક્ષ માનીએ છીએ, તેમની બેઠકોમાં ઘટાડો પીડાદાયક છે. ડાબેરી મોરચાને ફાળવવામાં આવેલી બેઠકોમાં વિજય સુનિશ્ચિત કરવા માટે અમે સખત મહેનત કરીશું. જોકે, આપણે ભાજપના વિભાજનકારી રાજકીય અભિગમની તુલના તામિલનાડુની પરિસ્થિતિ સાથે કરી શકતા નથી. વીસીકે સિવાય, ભારતમાં મોટાભાગના દલિત પક્ષોને ભાજપે ટેકો આપ્યો છે, જે મતોનું વિભાજન કરવા માટે તેમનો ઉપયોગ કરે છે. તામિલનાડુમાં પણ, આંબેડકરની છબીને પ્રોત્સાહન આપતી કેટલીક નાની પાર્ટીઓને સંઘ પરિવારે ટેકો આપ્યો છે.

તામિલનાડુએ તેની અર્થવ્યવસ્થા, નવીનતમ ટેકનોલોજી અપનાવવા વગેરેની દ્રષ્ટિએ મોટી પ્રગતિ કરી હોવા છતાં, જાતિ તફાવતો હજુ પણ છે. દક્ષિણ જિલ્લાઓમાં તાજેતરના હત્યાઓ અને હિંસા એક સ્પષ્ટ યાદ અપાવે છે. શું આપણે આ માટે ડાબેરી અને વીસીકે જેવા પક્ષો દ્વારા પાયાના સ્તરે કામના અભાવને જવાબદાર ગણી શકીએ?

ધાર્મિક હોય કે જાતિ આધારિત, કટ્ટરવાદ ટેકનોલોજીનો ઉપયોગ પોતાના ફાયદા માટે કરે છે. સોશિયલ મીડિયા દ્વારા જમણેરી વિચારોનો ફેલાવો તેનું સ્પષ્ટ ઉદાહરણ છે. તામિલનાડુમાં પણ, નફરત ફેલાવનારાઓ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો વધુને વધુ ઉપયોગ થઈ રહ્યો છે, જે તેને જાતિવાદને પ્રોત્સાહન આપવાનું મુખ્ય કારણ બનાવે છે. તામિલનાડુમાં, આપણે જસ્ટિસ પાર્ટીની બિન-બ્રાહ્મણ રાજકારણ અને સ્વ-સન્માન ચળવળની બ્રાહ્મણ વિરોધી રાજકારણ વચ્ચે તફાવત કરવો જોઈએ. બાદમાં પેરિયારનો બ્રાહ્મણવાદ વિરોધી વિચાર હતો અને તેના મૂળમાં જાતિનો નાશ હતો, જે જસ્ટિસ પાર્ટી સાથે નહોતો. ડીએમકે પેરિયારના વારસાને અનુસર્યું, અને પછીથી કલાઈગનાર તે માર્ગ પર આગળ વધ્યા. જોકે, ચૂંટણી રાજકારણના દબાણે જાતિના નાશના તેમના એજન્ડાને બધી જાતિઓ માટે "વાજબી હિસ્સો" સુનિશ્ચિત કરવાના વિચારમાં પરિવર્તિત કરી દીધો છે, જેને હવે સામાજિક ન્યાય કહેવામાં આવે છે. વીસીકે સતત ડાબેરી પક્ષોને વધુ સંકલન માટે હાકલ કરી છે, જોકે તેઓ કંઈક અંશે અનિચ્છા ધરાવે છે.

શું વીસીકે તમામ પક્ષોની આઈટી પાંખો દ્વારા પક્ષ સાથે જોડાયેલા હોવા છતાં, પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતી મહિલાઓ સામે લક્ષિત સોશિયલ મીડિયા દુરૂપયોગમાં ખતરનાક વધારાને ધ્યાનમાં લઈ રહ્યું છે ?

સંઘ પરિવારનો વધતો પ્રભાવ ફક્ત રાજકારણમાં જ નહીં, પણ સમાજમાં પણ પ્રતિબિંબિત થાય છે. તે પિતૃસત્તાને મજબૂત બનાવે છે અને મહિલાઓની જગ્યા, સ્વાયત્તતાને ધમકી આપે છે. આ પ્રતિગામી વિચારધારાનો ભય સંઘ પરિવારની મર્યાદાઓ પાર કરવાની અને અન્ય પક્ષોને પણ પ્રભાવિત કરવાની ક્ષમતામાં રહેલો છે. સોશિયલ મીડિયા પર અનામી અને જવાબદારીનો અભાવ અપમાનજનક વર્તનને પ્રોત્સાહન આપે છે. અમે અમારા પક્ષમાં વૈચારિક હસ્તક્ષેપો અને માળખાકીય પગલાં દ્વારા આનો સામનો કરી રહ્યા છીએ.

**હદીસ બોધ**

કિંમતના પ્રમાણે વજન કરો અને વજન નમતું કરો.
(હદીસ બોધ)

**બોધ વચન**

સત્ય ભાગ્યે જ સ્વચ્છ હોય છે અને સરળ તો ક્યારેય હોતું જ નથી. - ઓસ્કાર વાઈલ્ડ

**આજની આરસી**

૩૦ માર્ચ સોમવાર ૨૦૨૬
૧૦ શવ્વાલ હિજરી ૧૪૪૭
ચૈત્ર સુદ બારસ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૫ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૫ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૫૪ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# રોહિત શર્માએ KKRના છોતરાં કાઢ્યા : મુંબઈ ઇન્ડિયન્સે સીઝન ઓપનરની ૧૩ વર્ષની પનોતી દૂર કરી

(એજન્સી) મુંબઈ, તા.૨૯

વાનખેડે સ્ટેડિયમમાં રવિવારે રાત્રે રમાયેલી IPL ૨૦૨૬ની હાઈ-વોલ્ટેજ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે (MI) આખરે ઈતિહાસ બદલી નાખ્યો છે. છેલ્લા ૧૩ વર્ષથી ટૂર્નામેન્ટની પ્રથમ મેચ હારવાની જે પરંપરા ચાલી આવતી હતી, તેનો અંત આણતા મુંબઈએ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામે ૬ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો છે. રોહિત શર્માની આક્રમક બેટિંગ અને રાયન રિકલટનની શાનદાર ઈનિંગના જોરે મુંબઈએ ૨૨૧ રનનો વિશાળ લક્ષ્યાંક હાંસલ કર્યો હતો.



**રોહિત શર્માનું વિસ્ફોટક પ્રદર્શન**

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી મુંબઈની શરૂઆત માપેલી રહી હતી, પરંતુ ટૂંક સમયમાં જ રોહિત શર્માએ ગિયર બદલ્યો હતો. રોહિતે માત્ર ૨૩ બોલમાં પોતાની કારકિર્દીની સૌથી ઝડપી અને IPLની ૫૦મી અર્ધસદી ફટકારી હતી. તેણે ૩૮ બોલમાં ૭૮ રનની આક્રમક ઈનિંગ રમી, જેમાં ૬ ચોગ્ગા અને ૬ છગ્ગાનો સમાવેશ થાય છે. તેની આ ઈનિંગે વાનખેડેના મેદાનમાં જૂના રોહિતની યાદ અપાવી દીધી હતી.

**રિકલટનની ઝંઝાવાતી બેટિંગ**

રોહિતની સાથે બીજા છેડે દક્ષિણ આફ્રિકાના યુવા બેટ્સમેન રાયન રિકલટને પણ ધમાકેદાર પ્રદર્શન કર્યું હતું. તેણે માત્ર ૨૪ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી અને ૪૩ બોલમાં ૮૧ રન બનાવીને ટીમને જીતની ઉંબરે લાવી દીધી હતી. રોહિત અને રિકલટન વચ્ચેની આ ભાગીદારીએ પાવરપ્લેમાં જ ૮૦ રન જોડીને KKRને બેકફૂટ પર ધકેલી દીધું હતું. અંતમાં હાર્દિક પંડ્યા અને તિલક વર્માએ જરૂરી રન બનાવીને ટીમને વિજય અપાવ્યો હતો.

**KKRની લડાયક બેટિંગ છતાં હાર**

આ અગાઉ ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૨૦ રનનો ડુંગર ખડક્યો હતો. KKR તરફથી કેપ્ટન અજિંક્ય રહાણેએ નેતૃત્વ લેતા આક્રમક બેટિંગ કરી હતી, જ્યારે અંગક્રિશ રઘુવંશીએ પણ ૨૯ બોલમાં ૫૧ રનનું યોગદાન આપ્યું હતું. મુંબઈ તરફથી શાર્દુલ ઠાકુરે મહત્વની વિકેટો ઝડપીને KKRના રન રેટ પર અંકુશ મેળવ્યો હતો. જસપ્રિત બુમરાહ અને ટ્રેન્ટ બોલ્ટે અંતિમ ઓવરોમાં સચોટ બોલિંગ કરીને KKRને વધુ મોટો સ્કોર કરતા રોક્યા હતા.

# વિરાટ કોહલી નિવૃત્તિથી ઘણો દૂર, ટેસ્ટ ક્રિકેટમાં વાપસી કરવી જોઈએ : પૂર્વ ભારતીય ખેલાડી

બેંગલુરૂ, તા.૨૯

IPL ૨૦૨૬ની શરૂઆતની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ (RCB)ના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ શાનદાર પ્રદર્શન કરીને સૌના દિલ જીતી લીધા છે. સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામે રમાયેલી આ મેચમાં કોહલીએ માત્ર ૩૮ બોલમાં અણનમ ૬૯ રન ફટકારીને ટીમને શાનદાર જીત અપાવી હતી. આ ધમાકેદાર ઈનિંગ બાદ પૂર્વ ભારતીય ખેલાડી અંબાતી રાયડુએ મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે, ૩૭ વર્ષીય કોહલીમાં હજુ પણ ઘણું ક્રિકેટ બાકી છે અને તે નિવૃત્તિથી ઘણો દૂર છે. અંબાતી રાયડુએ એક સ્પોર્ટ્સ શો દરમિયાન ચર્ચા કરતા સૂચવ્યું હતું કે વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાં ફરીથી વાપસી કરવી જોઈએ. રાયડુના મતે કોહલીમાં હજુ પણ ૫ થી ૬ વર્ષનું ટોચનું ક્રિકેટ બાકી છે. વધુમાં તેણે ઉમેર્યું કે કોહલી ભારતનો સર્વશ્રેષ્ઠ લાલ બોલ (ટેસ્ટ) કેપ્ટન રહ્યો છે અને તે જે રીતે હાલ બેટિંગ કરી રહ્યો છે, તે જોતા તેનું ટેસ્ટમાં ન હોવું એ ભારતીય ક્રિકેટ માટે મોટું નુકસાન છે. રાયડુની સાથે પૂર્વ કોચ સંજય બાંગરે પણ આ વિચારને સમર્થન આપ્યું હતું. મેચની વાત કરીએ તો, એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૨૦૨ રનનો પીછો કરતા કોહલીએ પોતાની ઈનિંગમાં ૫ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા હતા. તેની આક્રમક બેટિંગની મદદથી ઈઝમ્એ ૧૬ ઓવરથી પણ ઓછા સમયમાં લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ઉલ્લેખનીય છે કે, વિરાટ કોહલીએ વર્ષ ૨૦૨૫માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી બાદ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું, જેના કારણે તે ૧૦,૦૦૦ ટેસ્ટ રનનો આંકડો સ્પર્શવાથી વંચિત રહ્યો હતો. IPL ૨૦૨૬માં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે ઉતરેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂનો લક્ષ્ય સતત બીજી વખત ટાઈટલ જીતવાનો (Title Defense) છે. જો RCB આ સિદ્ધિ મેળવશે, તો તે ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ બાદ સતત બે વાર ટાઈટલ જીતનારી ત્રીજી ટીમ બની જશે. નોંધનીય છે કે આપેલ અહેવાલમાં દેવદત્ત પડિક્કલના સ્કોર અંગે કોઈ સ્પષ્ટ વિગત આપવામાં આવી નથી.



# બે વર્ષનો પ્રતિબંધ પૂરતો નથી : સુનીલ ગાવસ્કરે BCCIને IPLમાંથી ખસી જનારા ખેલાડીઓ માટે કડક નિયમો બનાવવા વિનંતી કરી

નવી દિલ્હી, તા.૨૯

ભારતીય ક્રિકેટ જગતના દિગ્ગજ ખેલાડી સુનીલ ગાવસ્કરે IPL હરાજીમાં પસંદ થયા બાદ છેલ્લી ઘડીએ ટુર્નામેન્ટમાંથી નામ પાછું ખેંચી લેનારા ખેલાડીઓ સામે લાલ આંખ કરી છે. ગાવસ્કરે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ને વર્તમાન સજાની પદ્ધતિ પર પુનઃવિચાર કરવા અને વધુ કડક પગલાં લેવા આગ્રહ કર્યો છે. તેમના મતે, હાલનો બે વર્ષનો પ્રતિબંધ ખેલાડીઓને આવા નિર્ણયો લેતા અટકાવવા માટે પૂરતો સાબિત થઈ રહ્યો નથી.





તાજેતરમાં ઈંગ્લેન્ડના બેટ્સમેન બેન ડકેટ દ્વારા IPL ૨૦૨૬માંથી અચાનક ખસી જવાની જાહેરાત બાદ આ વિવાદ વકર્યો છે. આ અંગે 'ઈન્ડિયા ટુડે' સાથે ખાસ વાતચીત કરતા ગાવસ્કરે જણાવ્યું હતું કે, "બે વર્ષનો પ્રતિબંધ દેખીતી રીતે કામ કરી રહ્યો નથી. BCCIએ એવી સજા વિશે વિચારવું જોઈએ જેની ખેલાડી પર વાસ્તવિક અસર પડે. જ્યાં સુધી આ સજા ખેલાડીની IPLમાં પાછા ફરવાની તકોને અસર નહીં કરે, ત્યાં સુધી આ સિલસિલો ચાલુ રહેશે."

બેન ડકેટને દિલ્હી કેપિટલ્સ દ્વારા ૨ કરોડ રૂપિયામાં સાઈન કરવામાં આવ્યો હતો, પરંતુ તેણે લાલ બોલના ક્રિકેટ (ટેસ્ટ)ને પ્રાથમિકતા આપવા અને પરિવાર સાથે સમય વિતાવવાનું કારણ આપીને હટી જવાનો નિર્ણય લીધો છે. IPLના નિયમો મુજબ, જો કોઈ વિદેશી ખેલાડી હરાજીમાં વેચાયા પછી ઈજા કે તબીબી કારણો વગર નામ પાછું ખેંચે, તો તેના પર બે વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવે છે. બેન ડકેટ પહેલા હેરી બ્રુક પણ ૬.૨૫ કરોડમાં ખરીદાયા બાદ હટી ગયો હતો અને હાલમાં તે સમાન પ્રતિબંધ ભોગવી રહ્યો છે.

ગાવસ્કરે વધુમાં ઉમેર્યું હતું કે ફ્રેન્ચાઈઝીઓએ પણ ભવિષ્યની હરાજીમાં આવા ખેલાડીઓ પ્રત્યે કડક વલણ અપનાવવું જોઈએ. વારંવાર બનતી આવી ઘટનાઓ ખેલાડીઓની પ્રતિબદ્ધતા પર સવાલ ઊભા કરે છે. હવે જોવાનું એ રહેશે કે શું BCCI આગામી સમયમાં આ નિયમોમાં ફેરફાર કરીને વધુ કડક દંડ કે લાંબા ગાળાના પ્રતિબંધ જેવી જોગવાઈઓ અમલમાં લાવે છે કે નહીં.

# વિજય ત્રિચી પૂર્વના પેરામ્બુરથી ચૂંટણી મેદાનમાં ઊતરશે; ટીવીકેએ ઉમેદવારોની યાદી જાહેર કરી

## નવા ઉમેદવારોમાં તાજેતરમાં ટીવીકેમાં જોડાયેલા એઆઈએડીએમકેના હાંકી કાઢવામાં આવેલા નેતા કેએ સેંગોટાઈયન ગોબીચેટ્ટીપલયમથી ચૂંટણી લડશે

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૯

ટીવીકેના વડા વિજયે રવિવારે જાહેરાત કરી કે તેઓ ૨૩ એપ્રિલના રોજ થનારી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે બે મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે. તેમણે કહ્યું કે "તે સી જોસેફ વિજય હશે," ચેન્નાઈના પેરામ્બુર અને તિરુચિરાપલ્લી પૂર્વથી. અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયે વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના ઉમેદવારોની પ્રથમ યાદી પણ જાહેર કરી. પાર્ટીની ઉમેદવાર પરિચય બેઠકમાં, તેમણે વરિષ્ઠ નેતાઓને ઉમેદવારો તરીકે નામ આપ્યા. મહાસચિવ એન આનંદ ટી નગર, ખજાનચી વેંકટરામન માયલાપોરથી અને ચૂંટણી પ્રચાર વ્યવસ્થાપન મહાસચિવ આધવ અર્જુન વિલ્લિવાક્કમથી ચૂંટણી લડશે. ડેપ્યુટી જનરલ સેક્રેટરી સીટીઆર નિર્મલ કુમાર અને રાજ મોહન અનુક્રમે તિરુપ્પારંકુન્દ્રમ અને એગ્મોરથી ચૂંટણી લડશે. નવા ઉમેદવારોમાં, તાજેતરમાં ટીવીકેમાં જોડાયેલા એઆઈએડીએમકેના હાંકી કાઢવામાં આવેલા નેતા કેએ સેંગોટાઈયન ગોબીચેટ્ટીપલયમથી ચૂંટણી લડશે. પૂર્વ આઈઆરએસ અધિકારી અને પાર્ટીના પ્રચાર સચિવ કેજી અરુણરાજને તિરુચેંગોડેથી ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. વિજયે જાહેરાત કરી કે જો પાર્ટી સત્તામાં આવશે તો ૨૯ વર્ષથી વધુ ઉંમરના બેરોજગાર સ્નાતકોને માસિક રૂા.૪,૦૦૦ની સહાય મળશે. યુવાનો માટે એક એજન્ડાનું અનાવરણ કરતા, જેને તેમણે "ગેરંટી" તરીકે વર્ણવ્યું, વિજયે વચન આપ્યું, જેમાં ડ્રગ્સ-મુક્ત તામિલનાડુ માટે પગલાં, ધોરણ ૧૨થી પીએચડી સુધી રૂા.૨૦ લાખ સુધીની કોલેટરલ-મુક્ત લોન ગેરંટીનો સમાવેશ થાય છે. વિજયે ભારપૂર્વક જણાવ્યું કે મુખ્ય ચૂંટણી લડાઈ તેમના "લોકોનું જોડાણ ટીવીકે અને સ્ટાલિન સર જોડાણ" વચ્ચે છે. તેમણે શાસક જોડાણની પણ ટીકા કરી, તેને "પેચ-અપ" ગણાવ્યું. "મેં ઉમેદવારો તરીકે એવા લોકોને પસંદ કર્યા છે જેઓ લોકોની સાથે ઉભા રહેશે," તેમણે કહ્યું. શાસક ગઠબંધનના ભાગીદારોની ટીકા કરતા તેમણે કહ્યું કે ડાબેરી પક્ષો, MDMK અને DMDKનો સમાવેશ કરતું પીપલ વેલ્ફેર એલાયન્સ, DMKના નેતૃત્વ હેઠળના મોરચામાં જોડાયું છે અને ઉમેર્યું કે તે "તૂટેલા કાચના ટુકડાઓને ભેગા કરીને" રચાયું છે. રાજ્યમાં ૨૩૪ વિધાનસભા ક્ષેત્રોની ચૂંટણી ૨૩ એપ્રિલે યોજાશે.

# તમિલનાડુની દલિત મહિલાએ કોંગ્રેસના કાઉન્સિલર પ્રસોબ એમ વાલસન પર જાતીય હુમલો કરવાનો આરોપ લગાવ્યો; ફરિયાદ દાખલ

## ફરિયાદીના જણાવ્યા મુજબ કાઉન્સિલરે શરૂઆતમાં નોકરીની ઓફર લઈને તેમનો સંપર્ક કર્યો હતો અને બાદમાં તેમના નિવાસસ્થાને ગયા હતા, જ્યાં તેમણે આરોપ લગાવ્યો છે કે હુમલાની પહેલી ઘટના બની હતી

(એજન્સી) પલક્કડ, તા.૨૯

એક દલિત મહિલાએ કોંગ્રેસના સ્થાનિક નેતા અને પલક્કડ મ્યુનિસિપલ કાઉન્સિલર પ્રસોબ એમ વલસન પર નોકરીની ઓફરના બહાને કથિત રીતે મિત્રતા કર્યા બાદ અનેક વખત જાતીય હુમલો કરવાનો આરોપ લગાવતી ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ, જેની એક નકલ TNIE પાસે છે, તેને મુખ્યમંત્રી અને જિલ્લા પોલીસ વડાના કાર્યાલયમાં સુપરત કરવામાં આવી છે, જેમાં તાત્કાલિક હસ્તક્ષેપ, રક્ષણ અને કાનૂની કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, કાઉન્સિલર શરૂઆતમાં નોકરીની ઓફર લઈને તેમનો સંપર્ક કર્યો હતો અને બાદમાં તેમના નિવાસસ્થાને ગયા હતા, જ્યાં તેમણે આરોપ લગાવ્યો છે કે હુમલોની પહેલી ઘટના બની હતી. તેણીએ વધુમાં જણાવ્યું હતું કે બીજા એક પ્રસંગે, પ્રસોબે તેમને નોકરીના ઈન્ટરવ્યુ માટે પટ્ટમ્બીમાં એક વ્યવસાયિક સંસ્થામાં લઈ જવાનું વચન આપીને તેમની સાથે કારમાં જવા કહ્યું હતું, જે દરમિયાન તેમની પર ફરીથી હુમલો કરવામાં આવ્યો હતો. મહિલાએ એવો પણ આરોપ લગાવ્યો છે કે પલક્કડ જિલ્લા હોસ્પિટલ નજીક બીજી એક ઘટના બની હતી. વધુમાં, તેણીએ દાવો કર્યો હતો કે તેણીને ધમકી આપવામાં આવી હતી અને હોટલના રૂમમાં જવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, જ્યાં તેના પર હુમલો કરવાના વધુ પ્રયાસો કરવામાં આવ્યા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે સંભવિત જોખમની અપેક્ષા રાખીને, તેણીએ આવા એક ઘટના દરમિયાન તેના મોબાઈલ ફોન પર દ્રશ્ય પુરાવા રેકોર્ડ કર્યા હતા. તેણીની ફરિયાદમાં, મહિલાએ આરોપ લગાવ્યો છે કે આરોપીએ વારંવાર જાતીય હુમલો કરતા પહેલા પ્રેમ વ્યક્ત કર્યો હતો. તેણીએ જણાવ્યું હતું કે તેણી પર તેના નિવાસસ્થાને બે વાર હુમલો કરવામાં આવ્યો હતો, એક વાર જિલ્લા હોસ્પિટલ નજીક કારમાં અને એક વાર લોજમાં. તેણીએ વધુમાં આરોપ લગાવ્યો હતો કે તેણીએ બાદમાં તેણીનો નંબર બ્લોક કરીને સંપર્ક કાપી નાખ્યો હતો. ફરિયાદીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેણીએ પ્રસોબને જાણ કરી કે તે ગર્ભવતી છે, ત્યારે તેણે ગર્ભાવસ્થા સમાપ્ત કરવા માટે ગોળીઓની વ્યવસ્થા કરવાની ઓફર કરી હતી. તેણીએ તેના પર તેના વિશ્વાસનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે તે વારંવાર પોતાનો રાજકીય પ્રભાવ દાખવતો હતો, સાંસદો અને ધારાસભ્યો સાથેના ફોટા બતાવતો હતો અને કહેતો હતો કે તેઓ નજીકના સાથી હતા. તેના કથિત સંબંધોને ટાંકીને, તેણીએ તેના જીવન માટે ડર વ્યક્ત કર્યો હતો અને તાત્કાલિક રક્ષણ અને ન્યાયની માંગ કરી હતી. કોંગ્રેસના સૂત્રોએ આ ઘટનાક્રમની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે પ્રસોબ ગુરુવાર રાતથી અનુપલબ્ધ છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપી હાલમાં પહોંચી શકાયો નથી, અને પ્રાથમિક માહિતી સૂચવે છે કે તે છુપાયેલો હોઈ શકે છે. અધિકારીઓએ સંકેત આપ્યો હતો કે ફરિયાદ અને પ્રારંભિક પૂછપરછના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. પ્રકાશન સમયે કાઉન્સિલરનો ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. કાઉન્સિલર પલક્કડના વર્તમાન ધારાસભ્ય રાહુલ મામકુટાથિલ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે, જેમને શ્રેણીબદ્ધ જાતીય સતામણીના આરોપો અને ત્યારબાદ ધરપકડ બાદ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ ઘટનાક્રમ ચાલુ વિધાનસભા ચૂંટણી પ્રચાર વચ્ચે મતવિસ્તારમાં પહેલાથી જ ગરમાયેલા રાજકીય વાતાવરણને વધુ તીવ્ર બનાવવાની શક્યતા છે.

# દલિત વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાના કેસમાં એસસી કમિશને રાજિન્દર કોલેજ ભટિંડાના પ્રિન્સિપાલને સમન્સ પાઠવ્યા

(એજન્સી) ચંદીગઢ, તા.૨૯

રાજિન્દર કોલેજ ભટિંડામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાના કેસની નોંધ લેતા, પંજાબ રાજ્ય અનુસૂચિત જાતિ આયોગે કોલેજના પ્રિન્સિપાલને સમન્સ પાઠવ્યા છે.

આ માહિતી જાહેર કરતા, પંજાબ રાજ્ય અનુસૂચિત જાતિ આયોગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ મામલો એક અખબારમાં પ્રકાશિત થયેલા સમાચાર દ્વારા કમિશનના ધ્યાનમાં આવ્યો હતો, જેના પર કમિશને કાર્યવાહી કરી છે અને રાજિન્દર કોલેજ ભટિંડાના પ્રિન્સિપાલને ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કમિશન સમક્ષ રૂબરૂ હાજર થવા જણાવ્યું છે.

# 'જમણેરી વિચારધારા અને પોલીસની ઉદાસીનતાને કારણે દલિતો પર હુમલામાં વધારો થયો' : ડૉ. ડી. રવિકુમાર

(એજન્સી) તા.૨૯

એડાપ્પડી પલાનીસ્વામીના શાસનકાળ દરમિયાન, પોલીસ અને અમલદારશાહી RSS અને BJPથી પ્રભાવિત હતી. DMK શાસનકાળ દરમિયાન પણ આ વલણ અમુક અંશે ચાલુ રહ્યું.

કાર્યકરો અને નાગરિક સમાજના એક વર્ગ દ્વારા કરવામાં આવતી ટીકાઓ વચ્ચે કે શાસક DMK એ તેના નવા સાથી DMDKને ૧૦ બેઠકો ફાળવીને પ્રાથમિકતા આપી છે, જ્યારે VCK અને ડાબેરી પક્ષો જેવા તેના લાંબા ગાળાના અને વૈચારિક રીતે પ્રતિબદ્ધ સાથીઓની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યું છે, લેખક, સાંસદ અને VCK ના મહાસચિવ ડૉ. ડી. રવિકુમાર TNIEના કૃતિકા શ્રીનિવાસન સાથેની મુલાકાતમાં આવી ટીકાનો જવાબ આપે છે.

એવી ધારણા વધી રહી છે કે VCK જેવા પક્ષો તાજેતરના વર્ષોમાં દલિતો પરના અત્યાચારો અથવા જરૂરી પગલાં લેવામાં કથિત ભૂલોના મુદ્દાઓ પર DMK સરકારને મજબૂત રીતે પ્રશ્ન કરવામાં નિષ્ફળ રહીને મૌન બની ગયા છે. આ સાચું નથી. VCKએ મુખ્ય વિપક્ષી પક્ષ, AIADMK કરતાં વધુ સરકાર વિરોધી સંઘર્ષોનું આયોજન કર્યું છે. વેંગૈવાયલ ઘટના પછી પુડુક્કોટાઈમાં એક વિશાળ પ્રદર્શનનું આયોજન કરનારા અમે સૌપ્રથમ હતા. અત્યાચારની અન્ય ઘટનાઓ દરમિયાન અમે રાજ્યવ્યાપી પ્રદર્શનો પણ કર્યા હતા. જોકે, એ હકીકત છે કે વર્તમાન ડીએમકે શાસન દરમિયાન દલિતો પર અત્યાચાર વધ્યા છે, જેમ કે એનસીઆરબીના ડેટા દ્વારા પુષ્ટિ મળે છે. જમણેરી વિચારધારાનો ઉદય અને પોલીસની ઉદાસીનતા મુખ્ય કારણો છે. એડાપ્પડી પલાનીસ્વામીના શાસન દરમિયાન, પોલીસ અને અમલદારશાહી આરએસએસ અને ભાજપથી પ્રભાવિત હતી. ડીએમકે શાસન દરમિયાન પણ આ વલણ અમુક અંશે ચાલુ રહ્યું.

ભાજપ, જેની સાંપ્રદાયિક રીતે વિભાજનકારી રાજકારણ માટે ટીકા થાય છે, તેણે પણ બિહાર અને યુપી ચૂંટણીમાં દલિત-બહુજન પક્ષોને પ્રતિનિધિત્વ આપ્યું હતું, પરંતુ ડીએમકે, તેની પ્રગતિશીલ ઓળખ હોવા છતાં, પાછળ રહી ગઈ હોય તેવું લાગે છે જ્યારે ડાબેરી પક્ષોને પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં પણ નિષ્ફળ રહી છે. તમારો મત ?

ડાબેરી પક્ષો માટે ઘટતી જગ્યા અંગે અમે ખૂબ ચિંતિત છીએ. ભલે અમે વીસીકેને ડાબેરી પક્ષ માનીએ છીએ, તેમની બેઠકોમાં ઘટાડો પીડાદાયક છે. ડાબેરી મોરચાને ફાળવવામાં આવેલી બેઠકોમાં વિજય સુનિશ્ચિત કરવા માટે અમે સખત મહેનત કરીશું. જોકે, આપણે ભાજપના વિભાજનકારી રાજકીય અભિગમની તુલના તામિલનાડુની પરિસ્થિતિ સાથે કરી શકતા નથી. વીસીકે સિવાય, ભારતમાં મોટાભાગના દલિત પક્ષોને ભાજપે ટેકો આપ્યો છે, જે મતોનું વિભાજન કરવા માટે તેમનો ઉપયોગ કરે છે. તામિલનાડુમાં પણ, આંબેડકરની છબીને પ્રોત્સાહન આપતી કેટલીક નાની પાર્ટીઓને સંઘ પરિવારે ટેકો આપ્યો છે.

તામિલનાડુએ તેની અર્થવ્યવસ્થા, નવીનતમ ટેકનોલોજી અપનાવવા વગેરેની દ્રષ્ટિએ મોટી પ્રગતિ કરી હોવા છતાં, જાતિ તફાવતો હજુ પણ છે. દક્ષિણ જિલ્લાઓમાં તાજેતરના હત્યાઓ અને હિંસા એક સ્પષ્ટ યાદ અપાવે છે. શું આપણે આ માટે ડાબેરી અને વીસીકે જેવા પક્ષો દ્વારા પાયાના સ્તરે કામના અભાવને જવાબદાર ગણી શકીએ?

ધાર્મિક હોય કે જાતિ આધારિત, કટ્ટરવાદ ટેકનોલોજીનો ઉપયોગ પોતાના ફાયદા માટે કરે છે. સોશિયલ મીડિયા દ્વારા જમણેરી વિચારોનો ફેલાવો તેનું સ્પષ્ટ ઉદાહરણ છે. તામિલનાડુમાં પણ, નફરત ફેલાવનારાઓ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો વધુને વધુ ઉપયોગ થઈ રહ્યો છે, જે તેને જાતિવાદને પ્રોત્સાહન આપવાનું મુખ્ય કારણ બનાવે છે. તામિલનાડુમાં, આપણે જસ્ટિસ પાર્ટીની બિન-બ્રાહ્મણ રાજકારણ અને સ્વ-સન્માન ચળવળની બ્રાહ્મણ વિરોધી રાજકારણ વચ્ચે તફાવત કરવો જોઈએ. બાદમાં પેરિયારનો બ્રાહ્મણવાદ વિરોધી વિચાર હતો અને તેના મૂળમાં જાતિનો નાશ હતો, જે જસ્ટિસ પાર્ટી સાથે નહોતો. ડીએમકે પેરિયારના વારસાને અનુસર્યું, અને પછીથી કલાઈગનાર તે માર્ગ પર આગળ વધ્યા. જોકે, ચૂંટણી રાજકારણના દબાણે જાતિના નાશના તેમના એજન્ડાને બધી જાતિઓ માટે "વાજબી હિસ્સો" સુનિશ્ચિત કરવાના વિચારમાં પરિવર્તિત કરી દીધો છે, જેને હવે સામાજિક ન્યાય કહેવામાં આવે છે. વીસીકે સતત ડાબેરી પક્ષોને વધુ સંકલન માટે હાકલ કરી છે, જોકે તેઓ કંઈક અંશે અનિચ્છા ધરાવે છે.

શું વીસીકે તમામ પક્ષોની આઈટી પાંખો દ્વારા પક્ષ સાથે જોડાયેલા હોવા છતાં, પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતી મહિલાઓ સામે લક્ષિત સોશિયલ મીડિયા દુરૂપયોગમાં ખતરનાક વધારાને ધ્યાનમાં લઈ રહ્યું છે ? સંઘ પરિવારનો વધતો પ્રભાવ ફક્ત રાજકારણમાં જ નહીં, પણ સમાજમાં પણ પ્રતિબિંબિત થાય છે. તે પિતૃસત્તાને મજબૂત બનાવે છે અને મહિલાઓની જગ્યા, સ્વાયત્તતાને ધમકી આપે છે. આ પ્રતિગામી વિચારધારાનો ભય સંઘ પરિવારની મર્યાદાઓ પાર કરવાની અને અન્ય પક્ષોને પણ પ્રભાવિત કરવાની ક્ષમતામાં રહેલો છે. સોશિયલ મીડિયા પર અનામી અને જવાબદારીનો અભાવ અપમાનજનક વર્તનને પ્રોત્સાહન આપે છે. અમે અમારા પક્ષમાં વૈચારિક હસ્તક્ષેપો અને માળખાકીય પગલાં દ્વારા આનો સામનો કરી રહ્યા છીએ.

# બંગાળીઓએ સ્વતંત્રતા યુદ્ધનું નેતૃત્વ કર્યું હતું, તેમાં કોઈ ગુજરાતીઓ ન હતા.....': મહુઆ મોઈત્રાએ ચૂંટણી પહેલા નવો વિવાદ શરૂ કર્યો

**પશ્ચિમ બંગાળની ચૂંટણી નજીક આવતાની સાથે ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ ભારતની સ્વતંત્રતામાં બંગાળીઓ અને ગુજરાતીઓના યોગદાનનો વિરોધાભાસ કરીને વિવાદ ઊભો કર્યો છે**

(એજન્સી) તા.૨૯

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચાર વચ્ચે તૃણમૂલ કોંગ્રેસના (ટીએમસી) સાંસદ મહુઆ મોઈત્રાએ સ્વતંત્રતા યુદ્ધમાં બંગાળીઓ અને ગુજરાતીઓના યોગદાનની તુલના કરીને એક નવી ચર્ચા શરૂ કરી છે. ટીએમસી નેતાઓએ ભાજપ વિરૂદ્ધ ચાર્જશીટ રજૂ કરી હતી. મહુઆ મોઈત્રાએ કહ્યું કે, "બંગાળીઓ ખૂબ જ ગૌરવશાળી જાતિ છે. અમે બ્રિટિશરો સામે સ્વતંત્રતા યુદ્ધનું નેતૃત્વ કર્યું. તેમાં કોઈ ગુજરાતીઓ હતા ?... કાલા પાણીમાં માર્યા ગયેલા અને જેલમાં ધકેલી દેવામાં આવેલા લોકોના ૯૮ ટકા નામ બંગાળીઓ હતા, ત્યારબાદ પંજાબીઓ હતા. શું તમે મને એક પણ ગુજરાતીનું નામ આપી શકો છો જે ત્યાં હતો, તમારા મોટા હીરો, વીર સાવરકર માત્ર બેસીને માફી પત્રો લખતા હતા ? કૃપા કરીને અમને જણાવો."



બીજા એક નિવેદનમાં, મોઈત્રાએ કહ્યું કે, તમે દરેક બંગાળીને ગુનેગાર જાહેર કર્યો છે, અને તમે તે ચાર પગલામાં કરો છો: પહેલા તમે અમારૂં અપમાન કરો છો, પછી તમે અમને વંચિત કરો છો, પછી તમે અમને ગુનાહિત બનાવો છો અને પછી તમે અમને હેરાન કરો છો..." તેણીએ કહ્યું કે, "એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તેમને રિપોર્ટ કરે છે કે, EDએ લગભગ ૬,૦૦૦ કેસ દાખલ કર્યા છે, જેમાંથી ૯૮ ટકા કેસ વિપક્ષી નેતાઓ સામે છે. તમે ફક્ત ૨૫ લોકોને દોષિત ઠેરવ્યા છે, જે દર ૦.૪૨% છે.

**૨૦૨૬ની બંગાળની ચૂંટણીને આકાર આપનારા મુખ્ય મુદ્દાઓ કયા છે ?**

મુખ્ય મુદ્દાઓમાં બંગાળી ઓળખ, માતુઆ મત, શહેરી અસંતોષ અને રોજગાર સર્જનનો સમાવેશ થાય છે. ટીએમસી બંગાળી ગૌરવ પર ભાર મૂકે છે, જ્યારે ભાજપ ઘૂસણખોરી અને ભ્રષ્ટાચારને લક્ષ્ય બનાવે છે. બંને પક્ષો ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે ત્યારે આ થીમ્સ તેમના પ્રચાર અભિયાનમાં કેન્દ્રસ્થાને છે.

૨૦૨૧ની ચૂંટણીઓએ બંગાળમાં ભાજપની રણનીતિ પર કેવી અસર કરી ? ચૂંટણી પહેલા કયા વિવાદો ઊભા થયા છે ?

અમિત શાહ દ્વારા બંગાળ સરકાર વિરૂદ્ધ 'ચાર્જશીટ' બહાર પાડ્યા પછી TMCએ વળતો પ્રહાર કર્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે TMC સરકાર વિરૂદ્ધ "ચાર્જશીટ" બહાર પાડી અને ચૂંટણીને માત્ર બંગાળ માટે નહીં, પરંતુ દેશની સુરક્ષા માટે લડાઈ તરીકે રજૂ કરી હતી. પ્રેસ કોન્ફરન્સમાં મમતા બેનરજી સરકાર સામે શાહે આરોપ લગાવ્યો કે TMCના ૧૫ વર્ષના શાસન પછી, TMCના તુષ્ટિકરણ રાજકારણ, ભ્રષ્ટાચાર અને રાજકીય હિંસાને કારણે પશ્ચિમ બંગાળ ઘૂસણખોરી માટે દેશનો "મુખ્ય કોરિડોર" બની ગયો છે. મમતા દીદી હંમેશા પીડિત કાર્ડનું રાજકારણ રમે છે. ક્યારેક તે પોતાની ઈજા વિશે વાત કરે છે, ક્યારેક તે ચૂંટણી પંચને જવાબદાર ગણે છે. પરંતુ બંગાળના લોકો હવે મમતા દીદીના પીડિત કાર્ડના રાજકારણને સારી રીતે સમજે છે. મતદાર યાદીઓનું ખાસ સઘન સંશોધન (SIR) અન્ય રાજ્યોમાં પણ થયું છે, પરંતુ ક્યાંય તેને આવો મુદ્દો બનાવવામાં આવ્યો નથી. બંગાળમાં તેને ફક્ત એટલા માટે મુદ્દો બનાવવામાં આવ્યો છે કારણ કે મમતા બેનરજી તેમની વોટ બેંકનું રક્ષણ કરવા માંગે છે.

તેમણેદાવો કર્યો કે, ભાજપ સત્તામાં આવ્યા પછી આસામમાં ઘૂસણખોરી "લગભગ બંધ" થઈ ગઈ છે. તેમણે આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળ હવે ઘૂસણખોરો ભારતમાં પ્રવેશવા અને રાજ્યોમાં જવાનો છેલ્લો રસ્તો બની ગયો છે. બંગાળની ચૂંટણી ફક્ત બંગાળ માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે મહત્વપૂર્ણ છે. સમગ્ર દેશની સુરક્ષા એક રીતે બંગાળની ચૂંટણી સાથે જોડાયેલી છે.

તેમણે દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળની સરહદો દ્વારા ગેરકાયદેસર ઘુસણખોરી રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાનો વિષય બની ગઈ છે. ટીએમસી સરકારના તુષ્ટિકરણ અને વોટ બેંક રાજકારણને કારણે, સિલિગુડી કોરિડોરની સુરક્ષા જોખમમાં મુકાઈ રહી છે. ગૃહમંત્રીએ આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર દ્વારા વારંવાર વિનંતીઓ છતાં, મમતા બેનર્જી સરકારે બાંગ્લાદેશ સરહદ પર વાડ માટે જરૂરી જમીન પૂરી પાડી નથી.

# રઘુનાથગંજ હિંસા : 'મને દોષ ન આપો, બધા પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે અને તેમની જગ્યાએ ભાજપ સાથે જોડાયેલા લોકો આવી ગયા છે : મમતા બેનરજીનો આરોપ

**તેમણે કહ્યું કે, મને દોષ ન આપો. મારા બધા અધિકારો છીનવી લેવામાં આવ્યા છે. બધા અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ભાજપ સાથે જોડાયેલા લોકોને અહીં મોકલવામાં આવ્યા છે, પરંતુ તેઓ જાણતા નથી કે અમે જીતીશું**

(એજન્સી) કોલકાતા, તા.૨૯

પશ્ચિમ વર્ધમાનમાં એક જાહેર રેલીમાં બેનરજીએ આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચના ફેરબદલ પછી લાવવામાં આવેલા અધિકારીઓ અશાંતિ ભડકાવવા માટે જવાબદાર હતા. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શનિવારે વિપક્ષને રામ નવમી દરમિયાન રઘુનાથગંજમાં થયેલી અથડામણ માટે તેમને જવાબદાર ન ઠેરવવા વિનંતી કરી, અને રાજ્યની ચૂંટણી પહેલા પોલીસ અધિકારીઓની તાજેતરની બદલી તરફ ધ્યાન દોર્યું હતું.



પશ્ચિમ વર્ધમાનમાં એક જાહેર રેલીમાં બોલતા, બેનરજીએ આરોપ લગાવ્યો કે "મને દોષ ન આપો. મારા બધા અધિકારો છીનવી લેવામાં આવ્યા છે. બધા અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ભાજપ સાથે જોડાયેલા લોકોને અહીં મોકલવામાં આવ્યા છે. પરંતુ તેઓ જાણતા નથી કે આપણે જીતીશું. તેણીએ રઘુનાથગંજમાં થયેલી હિંસાની વધુ નિંદા કરી, તોડફોડ અને અશાંતિના કૃત્યો પાછળની સત્તા પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, દુકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી, અને રમખાણો ભડકાવવામાં આવ્યા હતા. તેમને કોણે અધિકાર આપ્યો છે? આ બધાનો હિસાબ લેવામાં આવશે. મુર્શિદાબાદ જિલ્લાના રઘુનાથગંજમાં રામ નવમી શોભાયાત્રા દરમિયાન અનેક સ્થળોએ હિંસા ફાટી નીકળી હતી, જેમાં બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. પરિસ્થિતિ તોડફોડ, લૂંટફાટ અને આગચંપી સુધી વણસી હતી, જેમાં અનેક લોકો ઘાયલ થયા હતા. પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે કેન્દ્રીય કર્મચારીઓ અને સ્થાનિક પોલીસ સહિત સુરક્ષા દળોને તૈનાત કરવામાં આવ્યા હતા. ડીઆઈજી અજિત સિંહ યાદવે જણાવ્યું હતું કે અધિકારીઓ સીસીટીવી ફૂટેજનો ઉપયોગ કરીને જવાબદારોને ઓળખવા માટે કામ કરી રહ્યા છે અને કડક કાર્યવાહી થઈ રહી છે. પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે, અને સામાન્ય ટ્રાફિક ફરી શરૂ થઈ ગયો છે. અમે વધારાના દળો તૈનાત કર્યા છે, અને દરોડા પાડતી ટીમો અનેક સ્થળોએ કામગીરી કરી રહી છે. સંડોવાયેલા કોઈપણને બક્ષવામાં આવશે નહીં. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે મતદાન ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલના રોજ બે તબક્કામાં યોજાવાનું છે, અને મતગણતરી ૪ મેના રોજ થશે.

# દિલ્હી યુનિવર્સિટી કેમ્પસમાં RSS કાર્યક્રમોને લઈ ટીકાઓનો સામનો કરી રહી છે, વિદ્યાર્થીઓ અને શિક્ષકો વિરોધ કરી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ટીકાકારોએ વિરોધ પ્રદર્શન દરમિયાન વૈચારિક પૂર્વગ્રહ, જાહેર સંસ્થાઓનો દુરુપયોગ અને પોલીસ કાર્યવાહીનો આરોપ લગાવ્યો છે જ્યારે કોલેજો આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કરવાનો બચાવ કરી રહી છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોના જૂથોએ દિલ્હી યુનિવર્સિટી (DU)ના અધિકારીઓની ટીકા કરી છે કે કોલેજોને RSSના બેનર હેઠળ કાર્યક્રમોનું આયોજન કરવાની મંજૂરી આપવામાં આવી છે. DU હેઠળની એક ડઝનથી વધુ કોલેજોએ યુવા કુંભ નામનો કાર્યક્રમ યોજ્યો છે, જ્યાં RSSના કાર્યકરોને સંઘના ૧૦૦ વર્ષ પર બોલવા માટે આમંત્રિત કરવામાં આવે છે. ઝાકિર હુસૈન દિલ્હી કોલેજે શુક્રવારે આવા કાર્યક્રમનું આયોજન કર્યું હતું જેમાં RSS પ્રચારક ઈન્દ્રેશ કુમારે આચાર્ય નરેન્દ્ર સિંહની હાજરીમાં ભાષણ આપ્યું હતું. કોલેજના એક વિદ્યાર્થીએ કહ્યું કે શૈક્ષણિક સંસ્થાઓએ શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, વિચારધારાને પ્રોત્સાહન આપવા પર નહીં. "જ્યારે કોલેજ વહીવટીતંત્ર વિદ્યાર્થીઓના સમાજને ઓડિટોરિયમની ઍક્સેસ આપવાનો ઈન્કાર કરે છે, પરંતુ તે RSSને આપે છે, ત્યારે તે સ્પષ્ટ પક્ષપાત દર્શાવે છે. કોલેજ દ્વારા કોઈપણ વિચારધારાને સત્તાવાર રીતે સ્વીકારવી જોઈએ નહીં. અમારી કોલેજ દાવો કરે છે કે તેની પાસે સ્વચ્છ શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓ માટે કોઈ ભંડોળ નથી, પરંતુ આવા કાર્યક્રમો માટે સંસાધનો ઉપલબ્ધ છે. આ ખોટી પ્રાથમિકતાઓ દર્શાવે છે. અમે આનો સખત વિરોધ કરીએ છીએ. વહીવટીતંત્રે દરેક સાથે સમાન વર્તન કરવું જોઈએ અને પહેલા વિદ્યાર્થીઓની મૂળભૂત જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ," વિદ્યાર્થીએ કહ્યું. ઈન્ડિયન નેશનલ ટીચર્સ કોંગ્રેસ (INTEC)એ RSS-આગેવાની હેઠળના કાર્યક્રમોનું આયોજન કરવા માટે DU કોલેજ કેમ્પસનો ઉપયોગ કરવાના વધતા અને ઊંડાણપૂર્વકના ખલેલ પહોંચાડવાના વલણની નિંદા કરી. એક નિવેદનમાં, INTEC અને DU એકેડેમિક કાઉન્સિલના સભ્યો - પ્રો. નીલમ અને લતિકા ગુપ્તાએ જણાવ્યું હતું કે જાહેર રીતે ભંડોળ પૂરું પાડવામાં આવતી શૈક્ષણિક જગ્યાઓની આ વ્યવસ્થિત ઘૂસણખોરી એ બિનસાંપ્રદાયિક, સમાવિષ્ટ અને શૈક્ષણિક રીતે સ્વાયત્ત રહેવા માટે રચાયેલ સંસ્થાઓમાં વૈચારિક પ્રભુત્વને સામાન્ય બનાવવાનો ખતરનાક પ્રયાસ છે. "આ ઘટનાઓ ન તો સત્તાવાર રીતે મંજૂર કરાયેલા DU કાર્યક્રમનો ભાગ છે કે ન તો શિક્ષણ મંત્રાલય દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. છતાં, કોલેજના માળખાકીય સુવિધાઓ, વહીવટી પદ્ધતિઓ અને વિદ્યાર્થી પ્લેટફોર્મનો ઉપયોગ તેમને સુવિધા આપવા માટે કરવામાં આવી રહ્યો છે. કેટલીક કોલેજોમાં RSS બેનરો શૈક્ષણિક જગ્યાઓના ખુલ્લા ભગવાકરણ તરફ ચિંતાજનક પરિવર્તન દર્શાવે છે," નિવેદનમાં કહેવામાં આવ્યું છે. ઝાકિર હુસૈન દિલ્હી કોલેજ ખાતે કાર્યક્રમ સ્થળ નજીક વિરોધ પ્રદર્શન કરનાર SFIએ આરોપ લગાવ્યો કે પોલીસે વિદ્યાર્થીઓ પર બળજબરી અને મારપીટ કરી.



# બંગાળ SIR : મોટો વિવાદ થયા બાદ કોલકાતા હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ સાહિદુલ્લાહ મુનશીનું નામ મતદાર યાદીમાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યું

(એજન્સી) તા.૨૯

કોલકાતા હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ સાહિદુલ્લાહ મુનશી, તેમની પત્ની અને પુત્ર સાથે, પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. શરૂઆતમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયત દરમિયાન તેઓને બાકાત રાખવામાં આવ્યા હતા. ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા શુક્રવારે મોડી રાત્રે બીજી પૂરક યાદી બહાર પાડ્યા બાદ મુનશી અને તેમના પરિવારના નામ પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. ન્યાયાધીશ મુનશીએ જણાવ્યું હતું કે, 'મોડી રાત્રે પ્રકાશિત થયેલી બીજી પૂરક યાદીમાં એવું દર્શાવવામાં આવ્યું હતું કે અમારા નામો સાફ આવી ગયા છે. હવે એવું લાગે છે કે કોઈ વિવાદ નથી.' આ અગાઉ, તેમના બાકાત રાખવાથી SIR પ્રક્રિયાની ચિંતાઓ વધી ગઈ હતી, જે પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા ECI સામે ઉઠાવવામાં આવેલા આરોપો છે. બે વાર દસ્તાવેજો સબમિટ કરવા અને ચકાસણી કરવા છતાં તેમનું નામ 'મળ્યું નથી' તરીકે ચિહ્નિત થયા પછી મુનશીએ પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે પારદર્શિતાના અભાવ તરફ ધ્યાન દોર્યું હતું અને કહ્યું હતું કે નામ કાઢી નાખવા માટે કોઈ કારણો આપવામાં આવ્યા નથી. મારૂં નામ કેમ કાઢી નાખવામાં આવ્યું તેના માટે મને કોઈ કારણો આપવામાં આવ્યા ન હતા, તેથી



મને ખબર નથી કે હું કયા આધારે અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ કરી શકું છું. મુનશીએ આ કવાયત હેઠળ સ્થાપિત અપીલ સિસ્ટમની અસરકારકતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જે ૧૯ અપીલ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી છે તે ફક્ત કાગળ પર જ અસ્તિત્વ ધરાવે છે. તેઓ કેવી રીતે કાર્ય કરે છે અથવા તેઓ શું કરી શકે છે તે અંગે કોઈ માર્ગદર્શિકા નથી. મને ખબર નથી કે કોનો સંપર્ક કરવો જોઈએ. ઘણા લોકો પૂછે છે કે : જો હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશને આવા બાકાતનો સામનો કરવો પડી શકે છે, તો સામાન્ય નાગરિકો માટે શું ઉપાય છે ?' કેટલાક લોકોએ દલીલ કરી હતી કે પ્રક્રિયા પોતે જ શિક્ષાત્મક બની જાય છે, મુસ્લિમો માટે તે ઘણીવાર શંકા અને ચકાસણીનો સમય છે. એડવોકેટ સંજય ઘોષે કહ્યું, "દુર્ભાગ્યે, બાકાત રાખવામાં આવેલા બધા લોકો નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશ જેવા પ્રતિષ્ઠિત નાગરિકો નથી. આ પ્રક્રિયા પાછળ કોઈ ફોર્મ્યુલા કે પદ્ધતિ નથી. SIR કવાયત દરમિયાન કોઈનું નામ મતદાર યાદીમાંથી આ રીતે કાઢી શકાય છે.

પશ્ચિમ બંગાળમાં SIR કવાયતમાં મતદાર યાદીઓની ગણતરી, ડ્રાફ્ટ યાદીઓનું પ્રકાશન અને દાવાઓ અને વાંધા પ્રક્રિયા દ્વારા નવેસરથી ચકાસણીનો સમાવેશ થાય છે. જો કે, ચકાસણી પ્રક્રિયામાં પ્રક્રિયાગત સ્પષ્ટતા અને સલામતી અંગે આ કવાયતની ટીકા થઈ રહી છે. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બોરો ગોબરા ગામના બૂથ નંબર ૫ની મતદાર યાદીમાંથી ૩૪૦ મુસ્લિમ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા બાદ પશ્ચિમ બંગાળના બશીરહાટ ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં વિરોધ પ્રદર્શનો થયા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આરોપ લગાવ્યો છે કે પ્રથમ પૂરક મતદાર યાદીના પ્રકાશન પછી ૮ લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા, જેનાથી રાજ્યમાં ચૂંટણી પારદર્શિતા અંગે ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. નક્સલબારીમાં એક જાહેર સભામાં તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષે કહ્યું કે કાઢી નાખવામાં આવેલા નામ ભારતના ચૂંટણી પંચના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયતનો ભાગ હતા. તેમણે ચૂંટણી પંચ પર પક્ષપાતનો આરોપ લગાવતા દાવો કર્યો કે તે હવે તટસ્થ હોવાનો ડોળ પણ કરતું નથી અને ભાજપના ગુંડા તરીકે કામ કરી રહ્યું છે.

# ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ : સર્વેની યાદીમાં ૯૬ ટકા રહેવાસીઓને 'અયોગ્ય' જાહેર કરવામાં આવ્યા

**વર્ષા ગાયકવાડે લોકસભામાં આ મુદ્દો ઉઠાવ્યો છે અને પુનર્વિકાસ પ્રક્રિયામાં 'ખંડણી મોડેલ'નો આરોપ લગાવ્યો છે**

(એજન્સી) મુંબઈ, તા.૨૯

ધારાવીના કેટલાક ભાગોમાં લગભગ ૯૬ ટકા રહેવાસીઓને પુનર્વિકાસ પ્રોજેક્ટ સાથે જોડાયેલી મુખ્ય સર્વે યાદીમાં "અયોગ્ય" જાહેર કરવામાં આવ્યા છે, જેના કારણે સ્થાનિકોમાં ચિંતા છે અને વિપક્ષ તરફથી તેની તીવ્ર ટીકા થઈ રહી છે. કોંગ્રેસ સાંસદ વર્ષા ગાયકવાડે ૨૭ માર્ચે લોકસભામાં આ મુદ્દો ઉઠાવ્યો હતો, અને આ સર્વે પ્રક્રિયામાં મોટા પાયે ગેરરીતિઓનો આરોપ લગાવ્યો હતો અને ચેતવણી આપી હતી કે હજારો રહેવાસીઓને તેમના ઘર ગુમાવવાનો ડર છે. તેમણે કહ્યું કે પરિશિષ્ટ-II યાદીમાં દર્શાવેલા તારણો "આઘાતજનક" છે, જેમાં રહેવાસીઓ પૈકી માત્ર અમુક લોકોને જ પાત્ર જાહેર કરવામાં આવ્યા હતા.



**ગાયકવાડના મતે, આ ડેટા દર્શાવે છે કે :**

- એક વિસ્તારમાં સર્વે કરાયેલા ૧,૦૦૦ રહેવાસીઓમાંથી, ફક્ત ૩૧ લાયક હોવાનું જાણવા મળ્યું
- મેઘવાડીમાં, ૫૦૫ માંથી ૫૫ લાયક હતા
- નાઈક નગરમાં, ૨,૨૨૯ માંથી ફક્ત ૨૧ લાયક હોવાનું જાણવા મળ્યું

તેમણે કહ્યું કે, કેટલાક વિસ્તારોમાં આનો અર્થ એ થાય કે તે માત્ર ૩-૫ ટકા લાયકાત ધરાવે છે. કોંગ્રેસ નેતાએ આરોપ લગાવ્યો કે સર્વેક્ષણ પ્રક્રિયામાં અનિયમિતતાઓ હતી અને વચેટિયાઓ પાત્રતા મેળવવાના બદલામાં રહેવાસીઓ પાસેથી મોટી રકમની માંગણી કરી રહ્યા હતા. આ વિકાસ મોડેલ નથી પરંતુ એક ખંડણી મોડેલ છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે આ પ્રક્રિયા સ્થાનિક રહેવાસીઓના વિસ્થાપન તરફ દોરી શકે છે અને ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સાથે જોડાયેલા લોકો સહિત ખાનગી વિકાસકર્તાઓને ફાયદો પહોંચાડી શકે છે.

**માપદંડ અને પારદર્શિતા અંગે પ્રશ્નો**

ગાયકવાડે કહ્યું કે બોમ્બે હાઈકોર્ટના નિર્દેશો મુજબ, ૧ જાન્યુઆરી ૨૦૧૧ પહેલા ધારાવીમાં રહેતા રહેવાસીઓને લાયક ગણવામાં આવે. જોકે, તેમણે દાવો કર્યો હતો કે આ માપદંડને પૂર્ણ કરતા ખૂબ ઓછા રહેવાસીઓને સર્વેક્ષણમાં લાયક જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે પારદર્શિતાના અભાવ પર પણ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે કોઈ જાહેર સુનાવણી યોજાઈ નથી અને રહેવાસીઓને પ્રક્રિયા વિશે પૂરતી માહિતી આપવામાં આવી નથી.

**સ્થાનાંતરણનો ભય**

એવી ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી છે કે અયોગ્ય રહેવાસીઓને ધારાવીથી કુર્લા અથવા મુલુંડ જેવા અન્ય વિસ્તારોમાં લઈ જવામાં આવી શકે છે, જે તેમની આજીવિકાને વિક્ષેપિત કરી શકે છે. આ દરમિયાન, સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટીએ રહેવાસીઓને અંતિમ નોટિસ જારી કરી છે, જેમાં તેમને ૧૫ દિવસની અંદર જરૂરી દસ્તાવેજો સબમિટ કરવા જણાવ્યું છે. આ નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે કે જો દસ્તાવેજો સબમિટ કરવામાં નહીં આવે, તો ઉપલબ્ધ રેકોર્ડ અને સર્વેક્ષણ ડેટાના આધારે પાત્રતા નક્કી કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૯૧,૦૦૦થી વધુ એકમોનો સર્વે કરવામાં આવ્યો છે, જ્યારે લગભગ ૨૪,૦૦૦ એકમોનો સર્વે દસ્તાવેજો ગુમ થવાને કારણે અથવા રહેવાસીઓની ગેરહાજરીને કારણે અધૂરો રહ્યો છે. બીજા ૧૩,૦૦૦ એકમોનો હજુ સુધી સર્વે કરવામાં આવ્યો નથી. એશિયાની સૌથી મોટી શહેરી નવીનીકરણ યોજનાઓ પૈકી એક, ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ, પાત્રતા માપદંડો, પારદર્શિતા અને વિસ્થાપનની ચિંતાઓને લઈને વિવાદમાં છે. મોટી સંખ્યામાં રહેવાસીઓને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે અને અનિયમિતતાના આરોપો થઈ રહ્યા છે, તેથી આગામી દિવસોમાં આ મુદ્દો વધુ ગંભીર બનવાની શક્યતા છે.

# વરૂણ ધવનનો ચોંકાવનારો ખુલાસો : જ્યારે અંડરવર્લ્ડના ડરથી ડેવિડ ધવને પરિવાર સાથે ઘર છોડવું પડ્યું હતું

(એજન્સી) મુંબઈ, તા.૨૯

બોલિવૂડ અભિનેતા વરૂણ ધવને તાજેતરમાં ૯૦ના દાયકાના એક એવા કિસ્સાનો ઉલ્લેખ કર્યો છે જે સાંભળવામાં જેટલો વિચિત્ર લાગે છે તેટલો જ ડરામણો પણ હતો. વરૂણે જણાવ્યું કે તે સમયે તેના પિતા અને પ્રખ્યાત ફિલ્મ નિર્દેશક ડેવિડ ધવનને અંડરવર્લ્ડ તરફથી ધમકીભર્યા ફોન આવતા હતા. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ હતી કે ધવન પરિવારને સુરક્ષાના કારણોસર પોતાનું ઘર છોડીને બીજે ક્યાંક રહેવા જવું પડ્યું હતું. સ્ટાફની ભૂલને કારણે વધી હતી મુસીબત વરૂણે 'યુવા' (Yuvaa) સાથેની વાતચીતમાં જણાવ્યું કે, શરૂઆતમાં તેમના ઘરે અંડરવર્લ્ડના ફોન આવતા ત્યારે પરિવારને તેની ગંભીરતાનો અંદાજ નહોતો. વરૂણે હસતા હસતા કહ્યું કે, "અમારા ઘરનો સ્ટાફ ફોન કરનાર સાથે દલીલો કરતો હતો. સ્ટાફે તો સામે ચાલીને અમારૂં સરનામું આપી દીધું હતું અને ધમકી આપનારને કહ્યું હતું કે, 'બહારના બગીચામાં મળવા આવ, ત્યાં તને જોઈ લઈશ.' જોકે, આ મજાક ત્યારે ગંભીર બની જ્યારે એક જાણીતા અભિનેતાએ ડેવિડ ધવનને ફોન કરીને ચેતવણી આપી કે મામલો હાથ બહાર ગયો છે અને અંડરવર્લ્ડના માણસો બંદૂક લઈને ઘરે આવવાની તૈયારીમાં છે." કરણ જોહર અને શાહરૂખ ખાન પણ હતા નિશાના પર આ માત્ર ધવન પરિવાર પૂરતું સીમિત નહોતું. ફરાહ ખાને પણ જૂની યાદો તાજી કરતા જણાવ્યું કે ૧૯૯૭માં મુકેશ દુગ્ગલની હત્યા બાદ આખું બોલિવૂડ ફફડી



રહ્યું હતું. કરણ જોહરની ડેબ્યૂ ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' ના રિલીઝ સમયે પણ ગેંગસ્ટર અબુ સાલેમે ધમકી આપી હતી. કરણ જોહરે પોતાની આત્મકથામાં લખ્યું છે કે તેની માતા ધમકીભર્યા ફોનથી થથરી ગઈ હતી. તે સમયે શાહરૂખ ખાને કરણની ઢાલ બનીને હિંમત આપી હતી અને કહ્યું હતું કે, "હું પઠાણ છું, મને કે મારા ભાઈ (કરણ)ને કંઈ નહીં થવા દઉં." ૯૦નો એ દાયકો હિન્દી સિનેમા માટે ખૂબ જ અશાંત રહ્યો હતો, જ્યાં ગુલશન કુમાર જેવી હસ્તીઓની હત્યાએ ઉદ્યોગમાં ડરનો માહોલ પેદા કર્યો હતો. વરૂણ ધવનના આ ખુલાસાએ ફરી એકવાર એ કાળા અધ્યાયની યાદો તાજી કરી દીધી છે.

# વડાલા પાટિયા પાસે સર્જાયેલા અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ જીવ ગુમાવ્યા

## આઈશર અને બાઈક વચ્ચે અકસ્માતમાં અમદાવાદના પિતા અને બે પુત્રોનાં મોત

(સંવાદદાતા દ્વારા)

ખેડા, તા.૨૯

ખેડા-ધોળકા હાઈવે પર આવેલા વડાલા પાટિયા પાસે આઈશર ટ્રક અને મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા ભીષણ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓનાં મોત નિપજ્યા છે. આ અકસ્માતમાં બાઈક સવાર પિતા અને તેમના બે પુત્રોના મોત થતા સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદમાં વાસણા સ્વામિનારાયણ પાર્કમાં રહેતા નવલભાઈ મણીભાઈ શાહની લીંબાસીમાં કાપડની દુકાન આવેલી છે. જેથી તેઓ તથા તેમના બે પુત્રો જયકુમાર અને જીગ્નેશ કુમાર મોટરસાયકલ (નંબર GJ-23-DJ-2245) પર સવાર થઈને કાયમ અપડાઉન કરે છે આજે પણ નિયમ મુજબ તેઓ અમદાવાદથી લીંબાસી જવા નીકળ્યા હતા . આ દરમિયાન વડાલા પાટીયા કટ પાસે રોડ ક્રોસ કરતી વખતે વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહેલા આઈશર ટ્રક (નંબર GJ-01-HT-3553)ના ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં જયકુમાર નવલભાઈ શાહને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે નવલભાઈ શાહ અને જીનેશકુમારને ગંભીર હાલતમાં પ્રથમ ખેડા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું છે. અકસ્માત સર્જી આઈશર ચાલક પોતાનું વાહન મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આઈશર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના હજ યાત્રીઓનો ટ્રેનિંગ કેમ્પ યોજાયો




સાવલી, તા.૨૯

ઈસ્લામ ધર્મના અરકાનમાંથી એક અરકાન છે હજ અને હાજીઓ હજના અરકાન સારી રીતે અદા કરી શકે તેમજ હજ દરમિયાન કોઈ અગવડતા ન પડે તેને લઈ સમગ્ર ગુજરાત રાજ્યમાં હજ અંગેના ટ્રેનિંગ કેમ્પ યોજવામાં આવતા હોય છે. વર્ષ ૨૦૨૬ દરમિયાન સઉદી અરેબિયાના મક્કા મદીના ખાતે હજ યાત્રા એ જનાર હાજીઓ માટે સ્પેશિયલ હજ ટ્રેનિંગ કેમ્પનું આયોજન ગુજરાત હજ કમિટી તરફથી યોજવામાં આવતો હોય છે, તેને લઈ રવિવારના રોજ વડોદરા જિલ્લાના ૪૭૯ અને છોટાઉદેપુર જિલ્લાના ૮૨ મળી કુલ ૫૬૧ હજયાત્રીઓનો હજ ટ્રેનિંગ કેમ્પ નિઝામપુરા અતિથિ ગૃહ વડોદરા ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાત હજ કમિટીના માસ્તર ટ્રેનરો સૈયદ મોઇનુદ્દીન, ઈકબાલ ખત્રી બોડેલી છોટાઉદેપુર અને મકબુલ હુસેન મુલ્લા ડભોઈ, સમીર સૈયદ, લતિફભાઈ વોહરા, હજ માસ્ટર ટ્રેનર અરિફભાઈ અને હાફીઝ અબ્દુલ રહીમ ગુજરાત રાજ્ય હજ સમિતિના દ્વારા હજ અંગેની ટ્રેનિંગ આપવામાં આવી હતી તેમજ દીની અને દુનિયવી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મા-બાપ વચ્ચેનો વિવાદ કોર્ટમાં પહોંચ્યો : વડોદરાની નામાંકિત સ્કૂલે બે છોકરીઓના નામ બદલી નાખ્યાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

મૂળ દિલ્હીના અને હાલ વડોદરામાં રહેતા યુવાને કોર્ટમાં કરેલી ફરિયાદ અંગે કોર્ટે કરેલા હુકમ મુજબ પોલીસે ગુનો દાખલ કર્યો છે. જેમાં પત્નીના ચારિત્ર્ય અંગે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમજ પોતાની બે દીકરીઓના નામ સ્કૂલ સંચાલકની મદદથી બદલી નાખ્યા હોવાનો આક્ષેપ કર્યો છે.

યુવાને નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કરતા જણાવ્યું છે કે, મારા લગ્ન ૧૫ વર્ષ પહેલા વડોદરામાં રહેતી યુવતી સાથે થયા હતા. અમારે સંતાનમાં બે દીકરીઓ છે. છેલ્લા ૭ વર્ષથી મારી પત્ની એક રાજકીય અગ્રણી સાથે રહેવા માટે જતી રહી હતી. મારી બંને દીકરીઓના જન્મના દાખલા તથા પાસપોર્ટમાં પિતા તરીકે મારા નામ છે. મારી પત્નીએ એક રાજકીય આગેવાન સાથે અનૈતિક આત્મીય સંબંધના લીધે મોટું કૌભાંડ કર્યું હતું. કારણકે, મારી પત્ની તે સંસ્થામાં એચ.આર. ડિપાર્ટમેન્ટમાં હતી. આ કૌભાંડની જાણ ૭ વર્ષ પહેલા મેં રાજ્ય સરકારને કરી હતી. જેની કાર્યવાહી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે અને તે રાજકીય અગ્રણીને પોલીસે જેલમાં પૂરી દીધો હતો. મારી પત્નીએ રાજકીય અગ્રણી માટે યુવાન છોકરીઓની ભરતી માર્કેટિંગ ડિપાર્ટમેન્ટમાં કરી હતી.જ્યારે તે સંસ્થાનું માર્કેટિંગ અન્ય સંસ્થા દ્વારા થાય છે.

ત્યારબાદ મને જાણ કર્યા વગર પત્નીએ બંને દીકરીઓની એલ.સી. સ્કૂલમાંથી કઢાવી લઈ વડોદરાની એક સ્કૂલમાં એડમિશન લીધા હતા. અગાઉની સ્કૂલમાંથી લીધેલી એલ.સી.માં લખેલા નામ નવી સ્કૂલમાં એડમિશન લેતા સમયે બદલી નાખ્યા હતા. જેમાં બંને પુત્રીઓની અટક બદલી નાખી હતી. તેમજ પિતા તરીકે મારૂં નામ લખ્યું નહતું. કોઈપણ કોર્ટના હુકમ કે ગુજરાતના ગેઝેટમાં અરજી કર્યા વગર ખોટી રીતે નામ બદલી નાખ્યા છે. આ અંગે સ્કૂલવાળાને રજૂઆત કરવા છતાંય કોઈ સુધારો થયો નથી. મારી પત્ની ભવિષ્યમાં ગેરકાનૂની કામ કરવા માટે તથા કેટલાક ગુનાઓમાં સંડોવાયેલ હોવાથી દેશ છોડીને ભાગવા માટે વિવિધ ઓળખ ઊભી કરે છે. જેથી પોલીસ તેને એરપોર્ટ પર પકડી ના શકે. તે હાલ સુરતમાં એક કંપનીમાં એચ.આર. વિભાગમાં નોકરી કરે છે. પત્ની જ્યારે સ્થાનિક અદાલતથી માંડીને સુપ્રીમ કોર્ટ સુધી આવે ત્યારે સાચા નામ લખે છે. નહીંતર અટક બદલી નાખતી હોય છે.

# બોરસદની હોસ્પિટલમાં તબીબી બેદરકારીથી પ્રસૂતાના મોતના આક્ષેપ સાથે હોબાળો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૯

બોરસદની સંજીવની હોસ્પિટલનાં સ્ટાફ નર્સની બેદરકારીનાં કારણે પ્રસુતિ દરમિયાન પરિણિતાને આંતર ઈજાઓ થતા પરિણિતાનું કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પીટલમાં સારવાર દરમિયાન મોત થયું હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ હોબાળો મચાવી હોસ્પિટલનાં તબીબ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.



આંકલાવ તાલુકાનાં માનપુરાની ૨૪ વર્ષિય પરિણિતા નમ્રતાબેન હિતેસકુમાર પઢીયારને પ્રસુતિનો દર્દ ઉપડતા તેણીને ગત શનિવારની રાત્રે બોરસદની સંજીવની હોસ્પિટલમાં પ્રસુતિ માટે ખસેડવામાં આવી હતી. દરમિયાન ડોક્ટર મહેન્દ્ર પઢીયારની ગેરહાજરીમાં સ્ટાફ નર્સ દ્વારા પ્રસુતિ માટે કાર્યવાહી કરવામાં આવી પરિવારજનોનાં આક્ષેપ અનુસાર સ્ટાફ નર્સો દ્વારા પ્રસુતિ માટે પરિણિતાનાં પેટ પર અસહ્ય પ્રેસર આપવામાં આવતા બાળકનો જન્મ થયો હતો પરંતુ બાળકને ઈજાઓ પહોંચી હતી તેમજ પરિણિતાને ગર્ભાશયમાં આંતરિક ઈજાઓ થતા તેણીને પુષ્કળ પ્રમાણમાં લોહી વહેવા માંડતા તેણીની તબીયત લથડી હતી.

પરિણિતાની તબીયત લથડતા સ્ટાફ નર્સ દ્વારા ડોક્ટર મહેન્દ્ર પઢીયારને હોસ્પિટલમાં બોલાવવામાં આવ્યા હતા પરંતુ ત્યા સુધી પરિણિતાની સ્થિતિ ગંભીર બની હતી ત્યારે હોસ્પિટલનાં તબીબ દ્વારા પરિવારને સ્થિતિની જાણ કરવાનાં બદલે પરિણિતાને અને તેનાં પરિવારજનોને એમ્બ્યુલન્સમાં બેસાડીને વધુ સારવાર માટે કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ગત રાત્રે પરિણિતા નમ્રતાબેનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

કરમસદ ખાતે શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં પરિણિતાનાં પોસ્ટમોર્ટમ દરમિયાન પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો અને તબીબ ડૉ.મહેન્દ્ર પઢીયાર વિરૂદ્ધ ગુનો નોંધવાની માંગ કરી હતી. જેથી ડીવાયએસપી એસ.બી. કહાર અને આંકલાવ પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલમાં દોડી ગયો હતો અને તેઓએ નિષ્પક્ષ કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી તેમ છતાં પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

લાંબાં હોબાળા બાદ અંતે પોલીસે પોસ્ટમોર્ટમનાં રીપોર્ટ બાદ જે દોષિત જણાશે તેની વિરૂદ્ધ કાર્યવાહી કરવાની ખાત્રી આપ્યા બાદ મામલો થાળે પડ્યો હતો અને પરિવારજનો મૃતદેહને સ્વીકારી માનપુરા લઈ જવા રવાનાં થયા હતા, પરિવારજનોએ જણાવ્યું હતું કે, તબીબની બેદરકારીનાં કારણે ત્રણ વર્ષની માસુમ દિકરીએ માતાનું છત્ર ગુમાવ્યું છે, જ્યારે જન્મ લેનાર બાળકે પણ માતાનું મોઢુ પણ જોયું નથી, જ્યારે બાળકની સ્થિતિ પણ હોસ્પિટલમાં ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

### આણંદ રેલવે પોલીસને મળી સફળતા

# ટ્રેનમાંથી મુસાફરોના સામાનની ચોરી કરતો તસ્કર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૯

રેલવે ટ્રેનોમાં વધતા ચોરીના ગુનાઓને અટકાવવા તેમજ બનતી ઘટનાઓનો ઝડપથી પર્દાફાશ કરવા માટે પોલીસ ઈન્સ્પેક્ટર એચ.ડી. વ્યાસ (આણંદ રેલવે પોલીસ સ્ટેશન)ની સીધી દેખરેખમાં વિશેષ ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન પો.સબ.ઈન્સ્પેક્ટર જે.જે. હરિભક્તિ તથા પોલીસ સ્ટાફે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપી ઈરફાન સકુરભાઈ તૈલી (ધંધો-રિક્ષા ડ્રાઈવર, રહેવાસી જમાલપુર, અમદાવાદ)ને ઝડપી પાડ્યો હતો.પોલીસે આરોપીની ઝીણવટભરી પુછપરછ કરતા તેણે આણંદ રેલવે પોલીસ મથકની હદમાં ચાલુ ટ્રેનમાંથી ચોરીનાં ગુનાને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી, રેલવે પોલીસે આરોપી ઈરફાન તૈલી પાસેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલમાં એક લેડીઝ પર્સ, અંદાજે ૧૦ ગ્રામ વજનની સોનાની રીંગ કિંમત રૂા.૭૫,૦૦૦ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા.૧૨,૨૦૦ મળી કુલ રૂા.૮૭,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આરોપીની કડક પુછપરછ કરતા આણંદ રેલવે પોલીસ મથકમાં નોંધાયેલા વધુ બે ચોરીના ગુનાઓની પણ કબુલાત કરી હતી. પોલીસે આરોપીને કાયદેસર કાર્યવાહી હેઠળ ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે. રેલવે પોલીસ દ્વારા આવા ગુનાઓ સામે સતત સઘન ચેકિંગ અને મોનિટરિંગ ચાલુ રાખવામાં આવશે તેમ પણ જણાવાયું છે.

# ખેડા ખાતે ત્રણ દિવસીય હજ તાલીમ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા) ખેડા, તા.૨૯

ખેડા સ્થિત તવક્કલ નગરમાં આયોજિત ત્રણ દિવસીય રાજ્યકક્ષાના તાલીમ કાર્યક્રમનું ગતરોજ સફળતાપૂર્વક સમાપન થયું છે. આ કાર્યક્રમમાં વિવિધ વિસ્તારોમાંથી આવેલા યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. આ તાલીમ શિબિર અંગેની વિગતો મુજબ, શુક્રવાર સવારથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ખેડા તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ઉપસ્થિત વક્તાઓ દ્વારા કાર્યક્રમના ઉદ્દેશ્ય અને ભવિષ્યની રૂપરેખા અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. આ આયોજનને સફળ બનાવવા માટે ખેડાના મુસ્લિમ વિસ્તારના નવયુવાનો તેમજ રતનપુર અને અન્ય ગ્રામ્ય વિસ્તારોના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ત્રણ દિવસ સુધી ચાલેલા આ પ્રોગ્રામમાં અંદાજે ૫૦૦ જેટલા તાલીમાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા પ્રોગ્રામમાં સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને દેશ તથા રાજ્યની પ્રગતિ માટે સામૂહિક રીતે કામ કરવાની નેમ વ્યક્ત કરવામાં આવી હતી.

### સકાતા ઈંક્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ દ્વારા

# CSR અંતર્ગત અંકલેશ્વરની સેવા સંસ્થા સરદાર પટેલ હોસ્પિટલને રૂા.૧૩.૮૦ લાખનું દાન

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર સ્થિત સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ છેલ્લા પાંચ દાયકાથી વધુ સમયથી સમાજની સેવા કરી રહ્યું છે. ''સસ્તી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પ્રદાન'' કરવાની પ્રતિબદ્ધતા સાથે સંસ્થા ''નૉ પ્રોફિટ - નૉ લોસ''ના સિદ્ધાંત પર કાર્યરત છે, જ્યાં દર્દીઓના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે.



સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ એક સુપરસ્પેશિયાલિટી, તૃતીયક સ્તરની ૧૦૦ બેડની NABH માન્યતા પ્રાપ્ત હોસ્પિટલ છે. અહીં કાર્ડિયાક કેઅર, ન્યુરોસાયન્સ, હાડકા અને સાંધાના રિપ્લેસમેન્ટ તેમજ યુરોલોજી ક્ષેત્રે વિશેષ સેવાઓ ઉપલબ્ધ છે. સાથે જ હોસ્પિટલમાં સ્ઈં અને ઝ્ સ્કેન જેવી આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

સકાતા ઈંક્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ પાનોલી દ્વારા તેમના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) કાર્યક્રમ અંતર્ગત સામાજિક સેવાની દિશામાં એક પ્રશંસનીય પગલું ભરવામાં આવ્યું છે. કંપની દ્વારા અંકલેશ્વર સ્થિત સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટને કુલ રૂા.૧૩,૮૦,૦૦૦નું માતબર દાન આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે સકાતા (ઈંક્સ) ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તરફથી કંપનીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં અંશુમન ગુપ્તા (GM-Operations), કૌશિક જોશી (GM-Finance & Accounts), હિતેશ ગાંધી (Sr. Manager - HR & Admin), સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટના પ્રતિનિધિઓમાં સેક્રેટરી હરેશભાઈ મહેતા, ચંદ્રેશભાઈ જોષી, અજયભાઈ શાહ, CEO ડૉ. કૈલાશ ઘોડકે તથા યુનિટ હેડ સંજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરાની ફેક્ટરીમાંથી ૧૪ કરોડની ઉચાપત કરી ફરાર થયેલો એકાઉન્ટન્ટ અરવલ્લીથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વડોદરા શહેરની એક ફેક્ટરીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતી વખતે અંદાજે ૧૪.૦૯ કરોડ રૂપિયાની માતબર રકમની ઉચાપત કરી ફરાર થયેલા આરોપીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે અરવલ્લી જિલ્લામાંથી ઝડપી પાડ્યો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આરોપી રાકેશ પ્રભાતસિંહ પરમાર (ઉંમર ૪૦ વર્ષ, રહે. વડોદરા) આજવા રોડ પર આવેલી સરદાર એસ્ટેટની એક ફેક્ટરીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો હતો. તેણે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ દરમિયાન સત્તાનો દુરુપયોગ કરીને ખોટી પાર્ટીઓના નામે ખરીદી બતાવી ફેક્ટરીના રેકોર્ડમાં છેડછાડ કરી હતી અને ૧૪,૦૯,૪૮,૨૩૦ જેટલી રકમ પોતાના અંગત એચ.ડી.એફ.સી. અને બેંક ઓફ બરોડાના ખાતામાં ટ્રાન્સફર કરીને વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે ગત ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ બાપોદ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને ઉચાપતની ફરિયાદ નોંધાઈ હતી, જેથી આરોપી ધરપકડ ટાળવા માટે વડોદરા શહેર છોડીને ફરાર થઈ ગયો હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપી અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ચોપડા ગામે છુપાયો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્યાં વોચ ગોઠવી આરોપી રાકેશ પરમારને દબોચી લીધો હતો. હાલ આરોપીનો કબજો મેળવીને આગળની તપાસ માટે તેને બાપોદ પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# વડોદરાના કોયલી રોડ પર એમ્બ્યુલન્સની આડમાં ગેસ રીફિલિંગ કૌભાંડ પકડાયું

## મહાલક્ષ્મી એજન્સીના ડ્રાઈવરની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વડોદરાના ઉંડેરા-કોયલી રોડ વિસ્તારમાં લોકો ગેસ સિલિન્ડરની રાહ જોઈ રહ્યા હતા ત્યારે એજન્સીનો ડિલિવરીમેન વાહનોની આડમાં ટેમ્પોમાંથી ગેસ ચોરીને ખાલી સિલિન્ડરો રીફિલ કરવાનું કૌભાંડ આચરતો રંગેહાથ ઝડપાઈ ગયો હતો. શહેરમાં ગેસ સિલિન્ડરના બેનંબરી કામો કરતા તત્વો સામે કાર્યવાહી કરવા માટે પુરવઠા વિભાગની સાથે સાથે પોલીસ પણ એક્શનમાં આવી છે.જે દરમિયાન તાજેતરમાં ન્યુ વીઆઈપી રોડ પર ગેસ રીફિલિંગ કૌભાંડ પકડાયા બાદ એસઓજીએ આજે કોયલી રોડ પર સીએમ પટેલ ફાર્મહાઉસની પાછળથી વધુ એક ગેસ રીફિલિંગ કૌભાંડ ઝડપી પાડ્યું છે. ગેસ રીફિલિંગની માહિતી મળતાં જ પીઆઇ જિગ્નેશ ગામીત અને ટીમે દરોડો પાડી હાઈટેન્શન લાઇનની નીચે એમ્બ્યુલન્સની આડમાં ડિલિવરી માટેના ૪૦ સિલિન્ડર લઈ નીકળેલા મહાલક્ષ્મી ગેસ એજન્સીના ડ્રાઈવર જિતેન્દ્ર ઉર્ફે દિનેશ નાનુભાઈ બારીયા (પ્રણવ સોસાયટી,આજવારોડ મૂળ શીવરાજપુર, હાલોલ)ને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન ડ્રાઈવરે રામદેવ ગેસ એજન્સીમાંથી સિલિન્ડરો લીધા હોવાની અને બે ગ્રાહકને ડિલિવરી આપી એક ગ્રાહકને બ્લેકમાં વેચ્યો હોવાની કબૂલાત કરી હતી. બીજા ભરેલા ૩૭ સિલિન્ડરમાંથી તે ખાલી પડેલા ત્રણ સિલિન્ડર ભરી રહ્યો હતો. જેથી પોલીસે ટેમ્પો,સિલિન્ડરો,ગેસ રીફિલિંગના સાધનો, વજનકાંટો, મોબાઈલ અને રોકડા રૂા.૫૯૦૦ કબજે કરી ધરપકડ કરી હતી.

# ગુજકેટ પરીક્ષા હિંમતનગરમાં સંપન્ન : જીવવિજ્ઞાનનું પેપર મધ્યમ, અન્ય વિષયો સરળ રહ્યા

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૯

હિંમતનગરમાં આજે ગુજકેટની પરીક્ષા ૧૬ કેન્દ્રો પર ૧૫૭ બ્લોકમાં સંપન્ન થઈ. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનમાં કુલ ૬૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જીવવિજ્ઞાનમાં ૪૧ અને ગણિતમાં ૨૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનની પરીક્ષામાં ૩૦૭૫માંથી ૩૦૧૪ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જીવવિજ્ઞાનમાં ૨૧૫૯માંથી ૨૧૧૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે ગણિતમાં ૯૨૪માંથી ૮૯૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજકેટની પરીક્ષા હિંમતનગરના ૧૬ કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાઈ હતી. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનની પરીક્ષા ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં લેવાઈ હતી. જીવવિજ્ઞાન વિષયની પરીક્ષા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં, જ્યારે ગણિતની પરીક્ષા ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં યોજાઈ હતી. પરીક્ષા બાદ વિદ્યાર્થીઓ અને નિષ્ણાતોના મતે, જીવવિજ્ઞાનનું પેપર મધ્યમ પ્રકારનું હતું. હિંમત હાઈસ્કૂલના જીવવિજ્ઞાનના શિક્ષક પી.જે. મહેતાએ જણાવ્યું કે, ત્રણથી ચાર પ્રશ્નો હોશિયાર વિદ્યાર્થીઓને અઘરા લાગ્યા હતા. આકૃતિ, જોડકા અને વિધાન સંગત-અસંગત પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. નેગેટિવ માર્કિંગ પદ્ધતિ હોવાથી, જે વિદ્યાર્થીઓએ વિચારીને જવાબો આપ્યા છે તેમને સારા ગુણ મળવાની શક્યતા છે. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના ગુજકેટના પેપરમાં પાઠ્યપુસ્તક આધારિત સરળ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ભૌતિક વિજ્ઞાનના શિક્ષક પી.એમ. પટેલ અને રસાયણ વિજ્ઞાનના શિક્ષક સી.જે. પટેલે આ માહિતી આપી હતી. ગણિતનું પેપર પણ પાઠ્યપુસ્તક આધારિત અને સરળ હતું. હિંમત હાઈસ્કૂલના ગણિત વિષયના શિક્ષક જે.બી. પટેલે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ આ પેપરમાં સારા ગુણ મેળવી શકશે.




(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

### જંબુસરમાં ક્રિકેટ ખેલાડીઓ માટે સુવર્ણ તક

# આંતર જિલ્લા ટુર્નામેન્ટ માટે સિનિયર અંડર-૨૩ ટીમનું સિલેક્શન યોજાયું

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૯

જંબુસર તથા આમોદ તાલુકાના ક્રિકેટ ખેલાડીઓ માટે એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયક અવસર રૂપે ભરૂચ ક્રિકેટ એસોસિએશન દ્વારા સિલેક્શન પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ યોજાનારી આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ભરૂચ જિલ્લા સિનિયર અને અંડર-૨૩ ટીમની પસંદગી માટે જંબુસરના ઢેન ઢેન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સિલેક્શન યોજાયું હતું. આ સિલેક્શન કેમ્પમાં આશરે ૩૫ જેટલા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુવા ખેલાડીઓએ પોતાના બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગના કૌશલ્યનું પ્રદર્શન કરીને પસંદગીકારોનું ધ્યાન આકર્ષ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ખેલાડીઓમાં ઉત્સાહ અને સ્પર્ધાત્મક ભાવના જોવા મળી હતી. ભરૂચ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ દુષ્યંતભાઈ પટેલ તથા મેન્ટોર મુનાફ પટેલના માર્ગદર્શન હેઠળ આ વર્ષે એક નવી પહેલ રૂપે સમગ્ર જિલ્લામાં ચાર અલગ-અલગ સ્થળોએ સિલેક્શન યોજવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. આ પગલાથી જિલ્લાના દુરસ્ત વિસ્તારોના ખેલાડીઓને પણ પોતાની પ્રતિભા દર્શાવવાની સમાન તક પ્રાપ્ત થશે અને ક્રિકેટ પ્રતિભા શોધવાની પ્રક્રિયા વધુ વ્યાપક બનશે. આ આયોજન દ્વારા જિલ્લાના ક્રિકેટ ક્ષેત્રમાં નવી પ્રતિભાઓને આગળ લાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે, જે ભવિષ્યમાં ભરૂચ જિલ્લાના ક્રિકેટને વધુ મજબૂત બનાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસો. દ્વારા

# GPCB ઓફિસ ગાંધીનગર ખાતે આજથી ઉપવાસ આંદોલન કરાશે

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસો. દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સામે અસંતોષ વ્યક્ત કરતા આવતીકાલથી ગાંધીનગરમાં અનિશ્ચિત ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે. અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસોસિએશનના પ્રતિનિધિ રમેશ ગાબાણીના જણાવ્યા અનુસાર આધુનિક તકનીકોથી સજ્જ CETP પ્રોજેક્ટ માટે CCA મંજૂરી મેળવવા છેલ્લા એક વર્ષથી રજૂઆતો કરવામાં આવી રહી છે. છતાં પણ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પરવાનગી આપવા બાબતે લાંબા સમયથી વિલંબ થતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઉદ્યોગકારોનો દાવો છે કે, આ વિલંબના કારણે એક તરફ કરોડો રૂપિયાના ખર્ચે ઉભા કરાયેલા પ્રોજેક્ટ પર અસર પડી રહી છે તો બીજી તરફ પર્યાવરણીય અનુપાલન માટેની વ્યવસ્થાઓ પણ અટવાઈ રહી છે. જેના પગલે આવતીકાલથી ગાંધીનગરના સેક્ટર-૧૦એ માં આવેલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હેડ ઓફિસ, પર્યાવરણ ભવનના મુખ્ય દરવાજા પાસે અનિશ્ચિત ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે.

### કમિશન વધારો અને પરિવારને વારસાઈ હકની માંગ

# અંબાજીમાં ૧૭૦૦થી વધુ રેશન ડીલરોનું રાજ્ય કક્ષાનું મહાસંમેલન

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૯

અંબાજી ખાતે ગુજરાત રાજ્ય ફેરપ્રાઈઝ શોપ એન્ડ કેરોસીન લાઈસન્સ હોલ્ડર એસોસિયેશન દ્વારા રાજ્ય કક્ષાનું ભવ્ય અભિવાદન અને સ્નેહ મહા સંમેલન યોજાયું હતું. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીએ દીપ પ્રગટાવી કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. રાજ્યભરના ૧૭૦૦થી વધુ રેશન ડીલરોની હાજરીએ કાર્યક્રમને વિશેષ બનાવ્યો હતો. પ્રદેશ પ્રમુખ પ્રહલાદભાઈ મોદીએ ડીલરોના પ્રશ્નોને લઈ આક્રમક રજૂઆત કરતા જણાવ્યું હતું કે રેશન ડીલરોના કમિશનમાં વધારો કરવો તેમજ ડીલરના પરિવારના સભ્યોને વારસાઈ હક આપવામાં આવે તેવી માંગ છે. તેમણે ઉમેર્યું કે કુલ ૨૦ પ્રશ્નોમાંથી ૧૧ પ્રશ્નોનો સરકાર દ્વારા ઉકેલ લાવવામાં આવ્યો છે, જ્યારે બાકીના ૯ પ્રશ્નો અંગે સરકાર સાથે સકારાત્મક વાટાઘાટો ચાલુ છે. મંત્રી રમણભાઈ સોલંકીએ ડીલરોને વિશ્વાસ આપ્યો કે બાકી રહેલા પ્રશ્નોનો પણ ટૂંક સમયમાં ઉકેલ લાવવામાં આવશે. સાથે જ વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પેટ્રોલ, ડીઝલ અને ગેસના પૂરતા પુરવઠાની ખાતરી આપી અને અફવાઓથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. સંમેલનમાં ઉપસ્થિત ડીલરોએ હાલની કમિશન પર મર્યાદિત સંતોષ વ્યક્ત કરતા વધુ વધારો કરવાની માંગ સાથે સરકાર સમક્ષ પોતાની લાગણી મજબૂત રીતે રજૂ કરી હતી.

# માતરના પાલ્લા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક યુવકનું મોત

નડિયાદ, તા.૨૯

માતર તાલુકાના જુના પાલ્લા ગામ ખાતે રહેતો સુનીલ અશોકભાઈ વસાવા (ઉં.વ.૧૯) અને દીપકભાઈ અરવિંદભાઈ વણઝારા પરમદિવસ સાંજના બાઈક નંબર GJ-07-EF-9225 પર પાલ્લા ગામની સીમમાં આવેલ અસામલી રોડ પર રામાપીરના મંદિર સામે પસાર થઈ રહ્યા હતા આ સમયે રોડ પર સામેથી રોંગ સાઈડમાં પુર ઝડપે બાઈક નંબર GJ-07-EF-9225 હંકારી આવતા પાલ્લા ગામના હાર્દીક બચુ બામ્બાએ તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી જેને લઈ બાઈક સહિત રોડ પર પટકાવવાથી સુનિલને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાની સાથે દીપકને પણ શરીરે વધતી ઓછી ઈજાઓ પહોંચી હતી.

દરમિયાન અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત થયેલ સુનિલને સારવાર અર્થે પ્રથમ પાલ્લા ગામ ખાતે આવેલ દવાખાને અને ત્યાંથી વધુ સારવાર અર્થે ધોળકાની એક ખાનગી હોસ્પિટલ બાદ અમદાવાદની એસ.વી.પી. (SVP) હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેણે ગઈકાલે વહેલી સવારે દમ તોડી દીધો હતો. લીંબાસી પોલીસે આ અંગે અકસ્માત સર્જનાર બાઈકના ચાલક હાર્દીક બચુ બામ્બા વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## સૂર્યાઘોડા ગામે અકસ્માતમાં બાઈકચાલકનું મોત

બોડેલી, તા.૨૯

મધ્યપ્રદેશ રાજ્યના અલીરાજપુર જિલ્લાના આઝાદ નગર ભાભરા તાલુકાના બડી મિર્યાવત ગામના રહેવાસી ખુરપસિંહ જામસિંહ વસોનીયા પોતાની બાઈક લઈ ગુજરાત કામ અર્થે આવ્યા હતા. તે દરમ્યાન સુર્યાઘોડા ગામ નજીક ત્રણ રસ્તા પર મહિન્દ્રા કંપનીની પિકઅપ ગાડીએ તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ખુરપસિંહને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ તેમનું મોત થયું હતું. અકસ્માત બાદ પિકઅપ ગાડીનો ચાલક પોતાની ગાડી સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે બોડેલી પોલીસે અજાણ્યા ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સાયલાના આયા ગામ પાસે ડમ્પર પુલ પરથી નીચે ખાબક્યું

સુરેન્દ્રનગર, તા.૨૯

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના આયા ગામ પાસે પુલ પરથી એક ડમ્પર નીચે ખાબક્યું હતું. આ અકસ્માતમાં ડમ્પર ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો, જેને તાત્કાલિક સારવાર માટે સાયલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરીમાં મદદ કરી હતી. ઈજાગ્રસ્ત ડ્રાઈવર કેસરપર ગામનો યુવાન હોવાનું જાણવા મળ્યું છે.

**CHANGE OF NAME-SURNAME**

I HAVE CHANGED MY OLD NAME-SURNAME FROM **NAFISABANU MUSABHAI ADAM PIPARDIWALA** TO NEW NAME-SURNAME AFTER MARRIAGE **NAFISHA JAINULAABEDIN KAPDIYA** & I WILL BE KNOWN AS NEW FULL NAME-SURNAME WHICH PLEASE NOTE.

ADD :-AAISHA PARK AT&PO. JAMBUSAR TAL. JAMBUSAR DIST. BHARUCH 392150 GUJARAT.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદને રૂા.૧૦૯૯ કરોડના વિકાસ કાર્યોની ભેટ

# અમદાવાદ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વૈશ્વિક આલેખ તરફ આગળ વધી રહ્યું છે

## નાગરિકોના જીવનને વધુ સરળ બનાવવા રાજ્ય સરકારે પ્રાથમિકતા આપી છે : CM

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસને નવી ગતિ આપવા માટે આજે રૂા.૧,૦૯૯ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અવસરે શહેરના નાગરિકોને આવાસ, બ્રિજ, બાગ-બગીચા, તળાવો, ઓડિટોરિયમ તેમજ અન્ય આધુનિક શહેરી સુવિધાઓની મહત્વપૂર્ણ ભેટ મળી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારે શહેરોના વિકાસમાં નાગરિકોના જીવનને વધુ સરળ અને સુવિધાસભર બનાવવા પ્રાથમિકતા આપી છે. આજે અમદાવાદ શહેર પોતાની વૈશ્વિક ઓળખ જાળવી રાખીને આધુનિક વિકાસ તરફ મક્કમપણે આગળ વધી રહ્યું છે. નાગરિકોની સુખાકારી વધે અને શહેરની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ મજબૂત બને તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન અમદાવાદ શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધરાયા છે. જેમાં રોડ અને રસ્તાઓના ૧૩,૦૦૦થી વધુ કામો, સ્ટોર્મ વોટર અને ગટર વ્યવસ્થા માટે ૬,૧૫૨ કામો તેમજ નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે પાણી વિતરણની અનેક યોજનાઓ અમલમાં મૂકાઈ છે.

તેમણે કહ્યું કે, અમદાવાદને ગ્રીન સિટી બનાવવાના પ્રયાસોને પણ નોંધપાત્ર સફળતા મળી છે. શહેરને વધુ સારી અને સુવિધાસભર જાહેર પરિવહન વ્યવસ્થા ઉભી કરવા માટે રૂા.૨,૫૬૧ કરોડથી વધુના ખર્ચે ૨૧ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ અમલમાં મૂકાયા છે. અમદાવાદમાં બીઆરટીએસ અને મેટ્રો નેટવર્કને આધુનિક અને મોડેલ જાહેર પરિવહન તરીકે વિકસાવવામાં આવ્યા છે. શહેરમાં રૂા.૪,૫૦૧ કરોડથી વધુના ખર્ચે હજારો લાભાર્થીઓને આવાસોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સ્વચ્છતા ક્ષેત્રે પણ અમદાવાદે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં અમદાવાદને "સૌથી સ્વચ્છ શહેર"નો એવોર્ડ પ્રાપ્ત થયો છે. તેમણે કહ્યું કે, આવનારા સમયમાં અમદાવાદ શહેરમાં કોમનવેલ્થ ગેમ, વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સનું આયોજન થવાનું હોવાથી શહેરને ગ્લોબલ સ્ટાન્ડર્ડ મુજબ વિકસાવવા માટેના વિશેષ પ્રયાસો ચાલી રહ્યા છે. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટને ગિફ્ટ સીટી સુધી લંબાવવાનું આયોજન છે. ગાંધી આશ્રમ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રી મનીષાબેન વકીલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આંગણવાડી કાર્યકર બહેનોને ટેક્નોલોજી સાથે જોડીને વધુ સશક્ત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યભરની આશરે ૫૫ હજારથી વધુ આંગણવાડી કાર્યકર બહેનોને સ્માર્ટ મોબાઈલ ફોન વિતરણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના કારણે આંગણવાડી સેવાઓ વધુ અસરકારક બનશે. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, દેશના અમદાવાદ શહેરના નગરજનોને સારા રસ્તા, સુવિધાસભર માળખાકીય વિકાસ અને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવું રાજ્ય સરકારની મુખ્ય પ્રાથમિકતા છે. અમદાવાદ મ્યુનિ. કમિશનર બંછાનિધિ પાનીએ સ્વાગત પ્રવચનમાં શહેરના વિકાસ કાર્યોની માહિતી સાથે આગામી આયોજન અંગે વિસ્તૃત જાણકારી હતી.

### ગાંધીજીએ સ્થાપેલ સત્યાગ્રહ સાથે જોડાયેલી શાળાના સંચાલન સામે સવાલ !

# રાષ્ટ્રીય શાળામાં બે સગીરો સાથે બે નરાધમોએ સતત ત્રણ માસ સુધી કર્યું સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય

## રાજકોટની શાળાના બનાવમાં બંનેની ધરપકડ : કુકર્મનો વીડિયો પણ બનાવાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

રાજકોટના વિદ્યાનગર રોડ પર આવેલી અને મહાત્મા ગાંધીના સત્યાગ્રહ સાથે જોડાયેલી ઐતિહાસિક રાષ્ટ્રીય શાળાના સંકુલમાં કામ કરતા બે સગીરો સાથે બે શખસોએ સતત ત્રણ મહિના સુધી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હોવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. પોલીસે કુકર્મ આચરનારા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. ચોંકાવનારી વાત એ કે, બંને આરોપીઓએ સગીરો સાથે આચરેલા કુકર્મના વીડિયો પણ બનાવ્યા હતા. જે પોલીસને હાથ લાગ્યા છે. બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં એક આરોપી સ્ટોન કિલર કેસનો સાક્ષી હોવાનું સામે આવ્યું છે.






પ્રાપ્ત વિગતો મુજબ, ભોગ બનનાર બંને સગીરો રાષ્ટ્રીય શાળાના પરિસરમાં મજૂરી કામ કરતા હતા. આ દરમિયાન તેઓ સંદીપ વિનોદભાઇ કણસાગરા ઉર્ફે લાલા પટેલ અને જયેશ પ્રાણભાઈ મજેઠિયા નામના શખ્સોના સંપર્કમાં આવ્યા હતા. આરોપીઓએ આ માસૂમ સગીરોને ખાવા-પીવાની લાલચ આપી હતી અને ત્યારબાદ પરિસરમાં આવેલી રૂમમાં લઈ જઈ અવારનવાર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓ છેલ્લા ૩ મહિના કરતા વધુ સમયથી સગીરોનું શારીરિક શોષણ કરી રહ્યા હતા.

આરોપીઓ માત્ર શોષણ કરીને જ અટક્યા નહીં, પરંતુ તેઓ બંને સગીરોને ડરાવી-ધમકાવીને ચૂપ રાખતા હતા. સગીરોએ પોલીસ સમક્ષ કેફિયત આપી કે, આરોપીઓ વારંવાર એવી ધમકી આપતા હતા કે, જો આ વાત કોઈને કહેશો તો જાનથી મારી નાખીશું. આ ડરના છાયામાં સગીરો લાંબા સમય સુધી આ નરક જેવી યાતના સહન કરતા હતા. આ દરમિયાન આરોપીઓએ પોતાના કુકર્મનો વીડિયો પણ બનાવ્યો હતો, જે હવે પોલીસના હાથમાં આવ્યો છે. આ વીડિયો આ કેસમાં સૌથી મહત્ત્વનો ટેક્નિકલ પુરાવો સાબિત થશે. પોલીસે આ ઘટનાની ગંભીરતા જોઈને તુરંત જ સંદીપ કણસાગરા અને જયેશ મજેઠિયાને ઝડપી પાડ્યા હતા. આ કેસમાં એક ચોંકાવનારી વિગત એ પણ સામે આવી છે કે, આરોપી જયેશ મજેઠિયા વર્ષ ૨૦૧૬માં રાજકોટમાં થયેલા ચકચારી 'સ્ટોન કિલર' કેસનો મુખ્ય સાક્ષી હતો. તે સમયે સ્ટોન કિલરના હુમલામાં જયેશ બચી ગયો હતો અને તેની જુબાનીથી પોલીસને સ્ટોન કિલર સુધી પહોંચવામાં મદદ મળી હતી. જે વ્યક્તિ એક સમયે ગુનાનો ભોગ બનતા બચી હતી, તે આજે પોતે સગીર સાથે આટલા જઘન્ય ગુનામાં સંડોવાયેલી હોવાનું બહાર આવતા સૌ કોઈ સ્તબ્ધ છે.

સમગ્ર મામલે એ.સી.પી. બી. વી. જાધવે જણાવ્યું હતું કે, રાજકોટમાં બે સગીરો સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરાયું હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. સગીરોનું છેલ્લા ત્રણ મહિનાથી શોષણ કરાતું હતું. આ ઘટનાની જાણ થતા જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને આરોપીની ધરપકડ કરી બંને વિરૂદ્ધ આઈપીસીની કલમ ૩૫૧, ૫૪-૨ અને પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા બંને સગીરોનો મેડિકલ ટેસ્ટ અને ઓસિફિકેશન ટેસ્ટ કરાવવામાં આવ્યો છે, જેમાં તેમની ઉંમર ૧૪થી ૧૭ વર્ષની હોવાની પુષ્ટિ થઈ છે. આથી પોલીસે આરોપીઓ વિરૂદ્ધ પોક્સો (POCSO) એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીજીની વિચારધારા અને પવિત્રતા સાથે જોડાયેલી રાષ્ટ્રીય શાળા કે જ્યાં દેશ-વિદેશના પ્રવાસીઓ મુલાકાતે આવતા હોય છે, ત્યાં જ આવું પાશવી કૃત્ય આચરવામાં આવતા સંસ્થાની સુરક્ષા અને વ્યવસ્થા સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. હાલ એ-ડિવિઝન પોલીસે આ મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

### ઘાટલોડિયા, સોલા, થલતેજ સહિતના એક લાખ વાહન ચાલકોને રાહત

# અમદાવાદના સૌથી વ્યસ્ત સતાધાર ચાર રસ્તાનો ઓવરબ્રિજ ખુલ્લો મૂકાયો

## આજે વિશ્વની પરિસ્થિતિ વચ્ચે દેશમાં કોઈના મોઢા પર તણાવ નથી : CM

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૯

રાજ્યમાં મહાનગરપાલિકા અને નગરપાલિકા તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે કરોડો રૂપિયાના વિકાસ કાર્યોના લોકાર્પણ ભાજપના નેતાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે. જેમાં અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આજે AMC અને ઔડાના વિકાસ કાર્યોના ઇ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયા છે. જેમાં પશ્ચિમના સૌથી વ્યસ્ત ગણાતા એવા સતાધાર ચાર રસ્તા પર બનાવવામાં આવેલા ફલાય ઓવરબ્રિજને આજે લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ બ્રિજ ખુલ્લો મૂકાતા ૧ લાખ વાહન ચાલકોને ફાયદો થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમદાવાદના સતાધાર ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેનાથી શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર વચ્ચેની કનેક્ટિવિટી વધુ સરળ બનશે. આ બ્રિજ ખુલ્લો મુકાતા હવે નાગરિકો એસ.જી. હાઈવે, ચાણક્યપુરી અને વસ્ત્રાપુર તરફ ટ્રાફિકની સમસ્યા વિના અવરજવર કરી શકશે. ઉદ્ઘાટન પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની વગેરે પણ ઉપસ્થિતિ રહ્યા હતા. શહેરમાં દિન-પ્રતિદિન વધતી જતી ટ્રાફિકની સમસ્યા નિવારવા મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નવા બ્રિજ બનાવવાના ભાગરૂપે પશ્ચિમ વિસ્તારમાં ઘાટલોડિયાના સતાધાર ચાર રસ્તા પર બની રહેલા ફ્લાયઓવરબ્રિજ બનીને તૈયાર થઈ જતા આજે વાહનચાલકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કુલ ૧૦૩.૬૩ કરોડ રૂપિયાના ખર્ચે ૯૭૫ મીટર લાંબો અને ૧૬.૫ મીટર પહોળો ૪ લેન બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ ફલાયઓવર શરૂ થતાં ઘાટલોડિયા, સોલા, થલતેજ અને ચાણક્યપુરી જેવા વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી સરળ બનશે. ફલાય ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યા બાદ મુખ્યમંત્રીએ વડાપ્રધાન મોદીના મન કી બાત એપિસોડ કાર્યક્રમમાં થલતેજ વોર્ડમાં મેમનગર એચ.બી કાપડિયા સ્કૂલમાં ઉપસ્થિત રહ્યાં હતા. મુખ્યમંત્રીએ ભાજપના નેતાઓ, પૂર્વ કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ સાથે મળીને કાર્યક્રમ સાંભળ્યો હતો. ત્યારબાદ નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે બેસીને તેમણે ભોજન લીધું હતું. જેમાં કાર્યકર્તાઓ પણ ઘરેથી ટિફિન લાવીને સાથે જમ્યા હતા. મુખ્યમંત્રીએ કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે જેમ જેમ પાર્ટી મોટી થતી જાય એમ એમ લોકો જોડાતા ગયા છે. અનેક પાર્ટીઓમાંથી લોકો ભાજપમાં જોડાયા છે. આપણે જેવા છીએ એવા લઈએ અને જેવા છીએ એવા બનાવીએ તો જ વટ વૃક્ષ મોટું થતું જાય એમ છે. આજે વિશ્વમાં જે પરિસ્થિતિ જોવા મળી રહી છે ત્યારે ભારતમાં કોઈના મોઢા ઉપર તણાવ જોવા મળતો નથી. અફવા ફેલાવવામાં લોકોને ઘણી મજા આવતી હોય છે. જેથી કોઈપણ વ્યક્તિએ તેમાં દોરાવું જોઈએ નહીં. આપણે કાર્યકર્તા તરીકેની જવાબદારી બને કે કોઈપણ અફવા ફેલાવે નહી.

### મધ્ય-પૂર્વની વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ દ.ગુજરાતના ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે બેઠક

# રાજ્યમાં શ્રમિકોને પાંચ કિ.ગ્રા.ના ગેસ સિલિન્ડર મળી રહે તે માટે વ્યવસ્થા

## કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા દરેક જિલ્લામાં ટુકડીઓ કાર્યરત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

મધ્ય-પૂર્વમાં ઈસ્ટમાં ચાલી રહેલા યુધ્ધસંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરતના ICC સેન્ટર ખાતે સુરત તેમજ અંકલેશ્વર, વાપી, ભરૂચ સહિતની દક્ષિણ ગુજરાતના વિવિધ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે કામદારો, ગેસ સપ્લાયને લગતા પ્રશ્નો બાબતે ઉચ્ચતરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉદ્યોગ મંડળો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ગેસ સપ્લાય અને કારીગરોની વ્યવસ્થાઓ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં હાલમાં ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ પુરવઠાની સપ્લાય કરવામાં આવી રહી છે. જે સ્થળોએ પી.એન.જી. કનેકશનો હોય અને લોકો એલ.પી.જીનો ઉપયોગ કરતા હોય તેઓને ઝડપથી પી.એન.જી. કનેકશનો આપવા માટે ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓને જણાવાયું છે. આ ઉપરાંત ગેસ કંપનીની મેઈન લાઈનોની નજીકના સ્થળોને સત્વરે કનેકશનો પુરા પાડવા જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહે ભારત સરકારની ગાઈડલાઈન મુજબ હાલમાં એલ.પી.જી. ગેસ જથ્થાની ઘરેલુ, શૈક્ષણિક, હોસ્પિટલ, ઈન્ડસ્ટ્રિઝોને કરવામાં આવતી સપ્લાયની વિગતો રજૂ કરી હતી. બેઠકમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓએ પોતાની રજૂઆતો કરી હતી.બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, એમ.એસ.એમ.ઈ.ના કમિશનર કે.સી.સંપથ, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી તથા વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ મીડિયા પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરતા નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, અફવાઓને કારણે કારીગરોમાં ડર પેદા ન થાય તે માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ મંડળો દ્વારા ઈન્ડસ્ટ્રિયલ કિચન અને ભંડારાઓ દ્વારા શ્રમિકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે જે સરાહનીય છે. પાંડેસરા, વાપી, અંકલેશ્વર અને દહેજ જેવા વિસ્તારોની ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કારીગરો માટે રહેવા-જમવાની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા કારીગરો માટે પાંચ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક વાતો કે અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને કોઈપણ માહિતી સરકારી વિભાગ જોડે ટેલી કરવા જણાવ્યું હતું. લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજયા વિના ફોરવર્ડ કરનાર વિરૂધ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે તેમ તેમણે કહ્યું હતું.વધુમાં તેમણે કહ્યું હતું કે, કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા માટે દરેક જિલ્લામાં અલગ ટુકડીઓ બનાવવામાં આવી છે. જો કોઈ ગેસ બોટલ, પેટ્રોલ-ડીઝલ કે જીવન જરૂરિયાતની વસ્તુઓના કાળાબજાર કરશે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૧૮ જેટલા કોમ્યુનિટી કિચન (ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીન) કાર્યરત કરવામાં આવ્યા છે. ગુજરાત દેશનું રોલ મોડલ છે અને તમામ વેપારીઓ તથા ઈન્ડસ્ટ્રીઝ સરકાર સાથે મળીને પરિસ્થિતિને થાળે પાડવા માટે કામ કરી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓનો માહોલ બન્યો તેજ

# રાજ્ય ચૂંટણી આયોગ તા.૧લી એપ્રિલે ફાઈનલ મતદાર યાદી જાહેર કરશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનો માહોલ તેજ થઈ રહ્યો છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા પણ તડામાર તૈયારીઓ જારી છે. જેમાં આયોગ દ્વારા મતદાર યાદીની વિશેષ પુનઃસમીક્ષા પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે અને ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવશે.

મતદાર યાદી ફાઈનલ થતાની સાથે જ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે, જેથી એપ્રિલના પ્રથમ સપ્તાહમાં જ

### એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી જાહેર થવાની શક્યતા

ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની પ્રબળ શક્યતા છે. આ દરમિયાન રાજકીય પક્ષોએ પણ પોતાની તૈયારીઓ તેજ કરી દીધી છે અને ઉમેદવારોની પસંદગી તેમજ પ્રચાર વ્યૂહરચના પર કામ શરૂ કરી દીધું છે. આયોગના નિર્દેશ અનુસાર મહાપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત માટે મતદાર યાદીની વિશેષ પુનઃસમીક્ષા હાથ ધરાઈ હતી. તેમાં નવા મતદારોના નામ ઉમેરવા, ભૂલો સુધારવા અને ડુપ્લિકેટ કે અયોગ્ય નામ દૂર કરવાની કામગીરી પૂર્ણ થઈ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ૧ એપ્રિલે અંતિમ મતદાર યાદી જાહેર થતાં જ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવાની પ્રક્રિયા ઝડપી બનાવાશે. તેથી એપ્રિલના પ્રથમ સપ્તાહમાં જ ચૂંટણીની સત્તાવાર જાહેરાત થવાની પૂરી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આયોગ દ્વારા મતદાર યાદીની સમીક્ષાની કામગીરીમાં હાલમાં મતદાતાઓ દ્વારા કરાયેલ દાવા અરજીઓની ચકાસણી વગેરેની પ્રક્રિયા ચાલી રહી છે. આવેલ તમામ અરજીઓને ચકાસ્યા બાદ અંતિમ નિર્ણય લેવાની આ કામગીરી આવતીકાલે પૂર્ણ કરી લેવામાં આવશે. તે બાદ જ આયોગ દ્વારા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. બીજી તરફ વિવિધ રાજકીય દળોએ પણ આ સંકેતોને ધ્યાનમાં રાખીને પોતાની તૈયારી તેજ કરી દીધી છે. ઉમેદવારોની પસંદગી, પ્રચારની વ્યૂહરચના અને સંગઠન મજબૂત બનાવવા માટે બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે. આયોગે તંત્રને સૂચના આપી છે કે, ચૂંટણી પૂર્વેની તમામ પ્રક્રિયાઓ સમયસર અને પારદર્શક રીતે પૂર્ણ થાય તેની ખાતરી કરવી. કોઈ પણ પ્રકારની બેદરકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ૧ એપ્રિલે મતદાર યાદી ફાઈનલ થતાની સાથે જ રાજ્યમાં ચૂંટણીની ઘોષણાનો કાઉન્ટડાઉન શરૂ થઈ જશે અને રાજકીય માહોલ વધુ ગરમાશે.

# અકસ્માતમાં મોત થયા બાદ રાહદારીનો મૃતદેહ હાઈવે પર ૨૦ મિનિટ સુધી રઝળતો રહ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

વાપી હાઈવે પર લખેલી એક ભયનાક ઘટનાએ માનવતાને હચમચાવી દીધી છે. એક અજાણ્યા રાહદારીનું અકસ્માતમાં મોત થયા બાદ તેનો મૃતદેહ ૨૦ મિનિટ સુધી હાઈવે પર રઝળતો રહ્યો અને અનેક વાહનો તેને કચડીને પસાર થઈ ગયા, છતાં કોઈએ માનવતા દાખવી વાહન થોભાવ્યું નહીં. જે દૃશ્યો CCTVમાં કેદ થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શનિવારે રાત્રે બલીઠા હાઈવે પર પૂરઝડપે દોડી રહેલા એક અજાણ્યા વાહને રસ્તો ક્રોસ કરી રહેલા રાહદારીને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી

### અનેક વાહનો લાશને કચડીને પસાર થઈ ગયા

કે, રાહદારી હવામાં ફંગોળાઈને સીધો હાઈવેના ડિવાઈડર પર બનેલી સેફ્ટી દીવાલ પર જઈ પટકાયો હતો. ચોંકાવનારી બાબત એ છે કે, અકસ્માત બાદ રાહદારી અંદાજે ૨૦ મિનિટ સુધી સેફ્ટી દીવાલ પર લટકતો રહ્યો હતો. ત્યાર બાદ રસ્તા પર પટકાયો હતો, પરંતુ હાઈવે પર પસાર થતાં ચાલકોમાં સંવેદનહીનતા એટલી હદે હતી કે, એક પછી એક અનેક વાહનો આ મૃતદેહ પરથી પસાર થઈ ગયા હતા. જ્યારે અનેક વાહનચાલકો આ ભયાનક દૃશ્ય જોઈને પણ અનદેખું કરી રહ્યા હતા, ત્યારે એક જાગૃત કારચાલકે પોતાની કાર રોકી માનવતા દાખવી હતી. તેણે તાત્કાલિક પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જો કે, ત્યાં સુધીમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે રાહદારીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. હિટ એન્ડ રનની આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, ચાલુ ટ્રાફિક વચ્ચે પણ વાહનચાલકો મૃતક પર ધ્યાન આપ્યા વગર પૂરપાટ ઝડપે પસાર થઈ રહ્યા છે. આ દૃશ્યો ભલભલા પથ્થર દિલના માનવીના પણ રૂંવાડા ઉભા કરી દે તેવા વિચલિત કરનારા છે. ઘટનાની જાણ થતા જ વાપી ટાઉન પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને રસ્તા પરથી વિખરાયેલી હાલતમાં મૃતદેહનો કબજો મેળવ્યો હતો. પોલીસે હાલ મૃતકની ઓળખ મેળવવા માટે આસપાસના વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે. સીસીટીવી ફૂટેજના આધારે પ્રથમ ટક્કર મારનાર અજાણ્યા વાહનચાલક સામે પોલીસે ગુનો દાખલ કરી તેની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ચલા સીએચસી (CHC) ખાતે ખસેડવામાં આવ્યો છે.

### કાયદા-વ્યવસ્થાની સાથે બધુ સારૂં રહે તે જોતી પોલીસ હિસાબમાં ફેલ !

# ગુજરાત પોલીસે એસ્કોર્ટ બંદોબસ્ત માટે સિંગલ ચાર્જ ગણતા સરકારને નુકસાન

## ૫૦૯ કેસોમાં ભૂલ કરી રૂા.૨.૫૧ કરોડ ઓછો વસૂલ્યા : કેગમાં ઘટસ્ફોટ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૯

ગુજરાત વિધાનસભાના સત્રના છેલ્લા દિવસે કેગનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. રજૂ કરવામાં આવેલા આ અહેવાલમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. ગુજરાતનું જાહેર દેવું અને બજાર લોન સહિતની વિગતો આ અહેવાલમાં સામે આવી હતી. ત્યારે હવે પોલીસ વિભાગમાં કેટલાક જિલ્લામાં બેદરકારી હોવાનું અહેવાલમાં બહાર આવ્યું છે. જેમાં પોલીસ વિભાગે ૫૯૦ કેસોમાં ભૂલ કરીને ૨.૫૧ કરોડ રૂપિયા ઓછા વસૂલ્યા છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસે ૧.૮૯ કરોડ ઓછા વસૂલ્યા છે. આવી જ ભૂલો મહેસાણા, ગાંધીનગર અને ભરૂચ પોલીસ દ્વારા કરવામાં આવી હોવાનું કેગના અહેવાલમાં બહાર આવ્યું છે.

ગુજરાત પોલીસ ખાનગી એકમો અને વ્યક્તિઓ માટે બંદોબસ્તમાં એસ્કોર્ટ સેવા પૂરી પાડે છે. જેની સામે કંપની અથવા વ્યક્તિ દ્વારા પોલીસને નિયત ચાર્જ ચૂકવવામાં આવતો હોય છે. આ ચાર્જના બિલિંગમાં બંદોબસ્ત અને એસ્કોર્ટ સર્વિસના બિલિંગમાં ગંભીર ગરબડ સામે આવી છે. કેગના અહેવાલ પ્રમાણે પોલીસે બંદોબસ્ત મેળવનાર વ્યક્તિ અથવા કંપની પાસેથી ડબલ દરે ચાર્જ વસૂલવાનો હોય છે પણ અનેક કેસોમાં સિંગલ દરે ચાર્જ લેવામાં આવતા સરકારને મોટું નુકસાન થયું છે. આ ગેરરીતિમાં સૌથી મોટો કિસ્સો અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક કચેરીમાં સામે આવ્યો છે. જ્યાં ૩૦૨ કેસોમાં નિયમોની અવગણના થઈ છે. જેના કારણે ૧.૮૯ કરોડ રૂપિયા ઓછા જમા થયા છે. બિલ બનાવનારે ડબલ ચાર્જ વસૂલવાના બદલે સિંગલ ચાર્જ વસૂલ્યો હોવાથી ઓછી રકમ જમા થઈ હોવાનું રિપોર્ટમાં દર્શાવાયું છે. માત્ર અમદાવાદ જ નહીં ભરૂચ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લાઓમાં પણ લાખો રૂપિયા ઓછા વસૂલાયા છે. જેમાં ભરૂચ જિલ્લામાં ૪૧.૪૮ લાખ, મહેસાણા જિલ્લામાં ૧૫.૩૯ લાખ જ્યારે ગાંધીનગર જીલ્લામાં પણ ૨૮ કેસોમા ૨.૧૮ લાખ રૂપિયા ઓછા વસૂલાયા છે. અમદાવાદ શહેર પોલીસે પણ પગાર ભથ્થા ઓછા દરે એટલે કે સિંગલ દર મુજબ લેતા ૧૮ કેસમાં ૨.૩૦ લાખ ઓછા વસૂલાયા છે. આ ઉપરાંત HRAની ખોટી ગણતરી, નિયમોનું યોગ્ય પાલન ન થવું અને દેખરેખમાં મોટી બેદરકારી જેવી ગંભીર ક્ષતિઓ પણ સામે આવી છે. હાલમાં કેટલાક કેસોમાં વસૂલાતની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પરંતુ હજુ પણ ઘણા કેસોમાં કાર્યવાહી બાકી છે.

### અમરેલીમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૯

સૌરાષ્ટ્રના અમરેલી પંથકમાં રવિવારે રોજ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR) દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૧ નોંધવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૪૨ કિ.મી. દૂર (દક્ષિણ-દક્ષિણ પૂર્વ દિશામાં) નોંધાયું હતું. જેની ઊંડાઈ ૧૧.૬ કિ.મી. હતી. આ ભૂકંપ સાંજે ૦૪:૧૦ વાગ્યે આવ્યો હતો. આ આંચકાને કારણે સ્થાનિક લોકોમાં થોડા સમય માટે ફફડાટ ફેલાયો હતો. આસપાસના ગામડાંના લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. તંત્ર દ્વારા હાલ કોઈ જાન-માલના નુકસાનના અહેવાલ નથી.

# દુબઈમાં નોકરી અપાવવાના નામે યુવકો સાથે છેતરપિંડી

## વિદેશ પહોંચતા જ પાસપોર્ટ જપ્ત, ગેસ્ટહાઉસમાં બે મહિના ગોંધી રાખ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

વિદેશમાં ચમકતી નોકરી અને મોટા પગારના સપનાઓ બતાવી યુવકોને ફસાવતી એક મોટી છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. વિદેશમાં ડ્રાઈવરની નોકરી અપાવવાના લોભમાં લાખો રૂપિયા પડાવીને યુવકો સાથે છેતરપિંડી કરનાર ગેંગ સામે નડિયાદમાં ફરિયાદ નોંધાઈ છે. દુબઈમાં બાઈક રાઈડર તરીકે બે વર્ષના વર્ક વિઝા, મોટો પગાર, ફ્રી રહેવા-જમવા અને ટુ-વ્હીલર લાયસન્સ આપવાની લાલચ આપી 'ફાઇવટેક ઇન્ટરનેશનલ સર્વિસ' કંપનીના આરોપીઓએ યુવકોના મૂળ પાસપોર્ટ જપ્ત કરી લીધા હતા અને ત્યાં પહોંચ્યા પછી કોઈ નોકરી આપ્યા વગર વધુ પૈસાની માગણી કરી હતી. આ કેસમાં નડિયાદના ૨૨ વર્ષીય સ્મિતરાજસિંહ ઝાલા સહિત બે યુવકોને ૨.૭૪ લાખ રૂપિયા ગુમાવવા પડ્યા હતા. જેથી છેતરપિંડી થઈ હોવાનું સામે આવતા ત્રણ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. નડિયાદ ખાતે રહેતો ૨૨ વર્ષીય સ્મિતરાજસિંહ ઝાલા છેતરપિંડીનો ભોગ બન્યો છે. સ્મિતરાજસિંહ ઝાલા ખાનગી કંપનીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે. જુલાઈ, ૨૦૨૫ના સોશિયલ મીડિયા ફેસબુકમાં ઈન્ટરનેશનલ કંપનીની એક એડ જોઈ હતી. જેમાં દુબઈ ખાતે નોકરી આપવાની લોભામણી લાલચ આપવામાં આવી હતી. જેમાં બે વર્ષના વર્ક વિઝા, એક લાખથી વધુનો પગાર, રહેવાનું અને જમવાનું ફ્રી તેમજ UAEનું ટુ-વ્હીલરનું લાયસન્સ પણ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જે બાદ ફરિયાદીએ જાહેરાત વિશે તેના મિત્ર કરણ સોલંકીએ વાત કરી હતી. જેથી ફરિયાદી અને તેનો મિત્ર અમદાવાદના નવરંગપુરામાં આવેલી ફાઈવટેક ઈન્ટરનેશનલ ઓફિસ ખાતે રૂબરૂ આવ્યા હતા. જ્યાં હાજર રાહુલ ગુપ્તાએ તેની ઓળખ કંપનીના મેનેજર તરીકે આપી હતી. રાહુલ ગુપ્તાએ દુબઈ ખાતે બાઈક રાઈડર તરીકે જોબ કરવાની, બે વર્ષના વર્ક વિઝા ઉપર દુબઈ જવાની અને માસિક ૫૫૦૦ દિરહામ સેલેરી અને રહેવાનું અને જમવાનું ફ્રી આપવાની લાલચ આપી હતી. પાસપોર્ટ જમા કરાવ્યા બાદ ૩૦ દિવસમાં વિઝા આપવાની લાલચ આપતા ફરિયાદી અને તેના મિત્રએ તૈયારી દર્શાવી હતી. એક વ્યક્તિ દીઠ ૧.૨૫ લાખ ચૂકવવા પણ રાહુલ ગુપ્તાએ જણાવ્યું હતું. જેથી યુવકોએ વિશ્વાસમાં આવીને તૈયારી દર્શાવતા રાહુલ ગુપ્તાએ જયપુરમાં આવેલી રિઝનલ હેડ ઓફિસમાં કૈલાસ મીણા સાથે વાત કરાવી હતી.

# ‘જો ભાજપ સત્તામાં આવશે તો કોઈ માછલી કે ઈંડા ખાઈ શકશે નહીં’ : બંગાળ ચૂંટણી પહેલા મમતાનો સીધો આરોપ

## બંગાળના મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે અન્ય રાજ્યોમાં બંગાળી ભાષી લોકો પર હુમલો થાય છે અને આરોપ લગાવ્યો કે કેન્દ્રમાં શાસક પક્ષ “હુલ્લડો ભડકાવીને” સત્તા કબજે કરે છે

(એજન્સી) તા.૨૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રવિવારે એક રેલીમાં કહ્યું હતું કે જો ભાજપ રાજ્યમાં સત્તામાં આવશે તો લોકોને માછલી અને અન્ય માંસની વસ્તુઓ ખાવાથી રોકવામાં આવશે. ભાજપ શાસિત રાજ્યોમાં માછલી ખાવામાં આવતી નથી. જો ભાજપ આવશે તો તમે માંસ કે ઈંડા ખાઈ શકશો નહીં. ભાજપ એકતરફી છે, તેઓ કોઈપણ ધર્મમાં માનતા નથી.



ભાજપ પર મમતાએ કહ્યું કે, અન્ય રાજ્યોમાં બંગાળી ભાષી લોકો પર હુમલો કરવામાં આવે છે અને આરોપ લગાવ્યો કે કેન્દ્રમાં શાસક પક્ષ ‘હુલ્લડો ભડકાવીને’ સત્તા મેળવે છે. આ લોકો રમખાણો ભડકાવે છે. તેઓ રમખાણો ભડકાવીને સત્તામાં આવે છે, તેઓ લોકોની હત્યા કરીને સત્તામાં આવે છે... આદિવાસીઓ પર સૌથી વધુ હુમલા, મહિલાઓ પર હુમલા ભાજપ શાસિત રાજ્યોમાં થાય છે... આપણા બંગાળી ભાષી લોકો પર અન્ય રાજ્યોમાં હુમલો થાય છે. અમે કોઈ પર જુલમ કરતા નથી.

પશ્ચિમ બંગાળમાં મતદાન બે તબક્કામાં થશે. પ્રથમ તબક્કો ૨૩ એપ્રિલે યોજાશે, જ્યારે બીજો તબક્કો ૨૯ એપ્રિલે યોજાશે. મતગણતરી ૪ મેના રોજ થશે.

# મમતા બેનરજીનો વળતો પ્રહાર : અમિત શાહ પર ‘તેમના ભૂતકાળના કાર્યો માટે’ આરોપપત્ર દાખલ કરવો જોઈએ

## તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમોએ આરોપ લગાવ્યો કે જો ભાજપ રાજ્યમાં શાસન કરે તો લોકોની આહાર પસંદગીઓ પર પ્રતિબંધો મૂકવામાં આવશે

(એજન્સી) કોલકાતા, તા.૨૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટીએમસી સરકાર વિરૂદ્ધ રાજકીય ‘ચાર્જશીટ’ જાહેર કર્યાના એક દિવસ પછી, મુખ્યમંત્રી મમતા બેનરજીએ રવિવારે કહ્યું કે તેમના ‘ભૂતકાળના કાર્યો’ માટે તેમના પર આરોપપત્ર દાખલ કરવો જોઈએ. પુરૂલિયામાં એક ચૂંટણી રેલીને સંબોધતા, તેમણે એવો પણ દાવો કર્યો કે જો ભાજપ સત્તામાં આવશે તો મહિલાઓ માટે ’લક્ષ્મી ભંડાર’ યોજના બંધ કરશે.

તૃણમૂલ સુપ્રીમોએ એવો પણ આરોપ લગાવ્યો કે જો ભાજપ રાજ્યમાં શાસન કરશે તો લોકોની આહાર પસંદગીઓ પર પ્રતિબંધો લાગુ કરવામાં આવશે જો ભાજપ સત્તામાં આવશે, તો લોકો માછલી, માંસ અને ઈંડા ખાઈ શકશે નહીં. તેઓ ’લક્ષ્મી ભંડાર’ યોજના બંધ કરશે. મમતાએ આરોપ લગાવ્યો કે વિધાનસભા ચૂંટણી પહેલા SIR દ્વારા ૧.૨ કરોડ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ રામ નવમી શોભાયાત્રા દરમિયાન મુર્શિદાબાદના રઘુનાથગંજમાં તાજેતરમાં થયેલી હિંસા પાછળ રાજકીય ઉશ્કેરણીનો આરોપ લગાવ્યો, સાથે જ ચૂંટણી પહેલા પોલીસ અધિકારીઓની બદલી કરવા બદલ ચૂંટણી પંચની પણ ટીકા કરી હતી.

ગૃહમંત્રી અમિત શાહે શનિવારે મમતા વિરુદ્ધ "ચાર્જશીટ’ જાહેર કરીને શાસક તૃણમૂલ કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે બંગાળમાં આગામી ચૂંટણી ફક્ત રાજ્ય માટે જ નહીં પરંતુ દેશની સુરક્ષા માટે પણ લડાઈ છે, ઘૂસણખોરોને સરળતાથી ભારતમાં પ્રવેશવા દેવા બદલ મમતા બેનરજીની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, મમતા દીદી હંમેશા પીડિત કાર્ડનું રાજકારણ રમે છે. ક્યારેક તે પોતાની ઈજા વિશે વાત કરે છે, ક્યારેક તે ચૂંટણી પંચના દુરુપયોગની વાત કરે છે. પરંતુ બંગાળના લોકો હવે મમતા દીદીના પીડિત



કાર્ડના રાજકારણને ખૂબ સારી રીતે સમજે છે.

શાહે આરોપ લગાવ્યો કે કેન્દ્ર તરફથી વારંવાર વિનંતીઓ છતાં મમતા બેનરજી સરકારે સરહદ પર વાડ બનાવવા માટે જમીન આપી નથી અને આ ઈનકાર "રાજકીય રીતે પ્રેરિત" હતો. ટીએમસી સરકારે ઘુસણખોરોની વોટ-બેંક બનાવવા માંગતા હોવાથી સરહદ પર વાડ બનાવવા માટે જમીન આપી નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બંગાળમાં આગામી ચૂંટણીઓ "ડર અને વિશ્વાસ" વચ્ચેની પસંદગી હશે, અને તેમણે બેનરજી પર છેલ્લા ૧૫ વર્ષોમાં જૂઠાણા, હિંસા અને ભ્રષ્ટાચારની રાજનીતિને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો. શાહે ટીએમસીની "સોનાર બાંગ્લા" ના તેના વચનને પૂર્ણ કરવામાં નિષ્ફળ જવા બદલ પણ ટીકા કરી, અને બંગાળને ગુનાહિત સિન્ડિકેટનું કેન્દ્ર અને ઔદ્યોગિક વિકાસ અટકી જવા અને તેને "ઉદ્યોગ માટે કબ્રસ્તાન" ગણાવ્યું હતું.

બંગાળમાં ચૂંટણીઓ બે તબક્કામાં યોજાશે, ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલના રોજ, બંને તબક્કાઓની મતગણતરી ૪ મેના રોજ યોજાશે.

# ભૂમિ દળો, હોર્મુઝ દરોડા, ખાર્ગ પર કબજો : અમેરિકા ઈરાન પર ‘છેલ્લો પ્રહાર’ કરવાની તૈયારી કરી રહ્યું છે

## પેન્ટાગોન ઈરાનમાં સંભવિત ભૂમિ કાર્યવાહી માટે તૈયારી કરી રહ્યું છે પરંતુ તેમાં ખરેખર શું સામેલ હશે, તે ક્યાં થઈ શકે છે અને વોશિંગ્ટન હજુ પણ અંતિમ નિર્ણય કેમ અનિશ્ચિત રાખી રહ્યું છે ?

(એજન્સી) તા.૨૯

પેન્ટાગોન ઈરાનમાં અઠવાડિયા સુધી શક્ય ભૂમિ કાર્યવાહી માટે તૈયારી કરી રહ્યું છે, જે મધ્ય પૂર્વમાં દળોના નિર્માણ સાથે સંઘર્ષમાં સંભવિત વળાંકનો સંકેત આપે છે. હજારો યુએસ મરીન અને સૈનિકો પહેલાથી જ સ્થિતિમાં આવી ગયા છે, જે એક અભિયાન માટે માળખાગત સુવિધા બનાવે છે જે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કાર્યવાહી કરવાનું નક્કી કરે તો ઝડપથી વધી શકે છે. જે આકાર લઈ રહ્યું છે તે પૂર્ણ-સ્તરીય આક્રમણ નથી પરંતુ ગણતરીપૂર્વકના, ઉચ્ચ-અસરકારક મિશનની શ્રેણી છે. અધિકારીઓ સ્પેશિયલ ઓપરેશન્સ દળો અને પરંપરાગત પાયદળ દ્વારા ઝડપી ગતિશીલ દરોડા પર કેન્દ્રિત યોજનાઓનું વર્ણન કરે છે, જે ઈરાન સતત પ્રતિક્રિયા આપે તે પહેલાં મહત્વપૂર્ણ લક્ષ્યો પર હુમલો કરવા અને પાછા ખેંચવા માટે રચાયેલ છે. ચર્ચા હેઠળની સમયરેખા "મહિનાઓ નહીં પણ અઠવાડિયા" થી "બે મહિના" સુધીની છે, જે ટૂંકા પરંતુ તીવ્ર યુદ્ધ તબક્કાનું સૂચન કરે છે. ચોકસાઈ કામગીરી દ્વારા ઈરાનની લશ્કરી ક્ષમતાઓને ખતમ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સંભવિત લક્ષ્યોમાં મિસાઈલ લોન્ચ સિસ્ટમ્સ, હવાઈ સંરક્ષણ અને શિપિંગ માર્ગોને જોખમમાં મૂકતા દરિયાકાંઠાના સ્થાપનોનો સમાવેશ થાય છે. અન્ય યોજનાઓમાં હોર્મુઝ સ્ટ્રેટ નજીક દરોડાનો સમાવેશ થાય છે, જે વાણિજ્યિક અને લશ્કરી જહાજોને લક્ષ્ય બનાવી શકે તેવી ઈરાની સ્થિતિઓને સાફ કરે છે. "આ છેલ્લી ઘડીનું આયોજન નથી. તે યુદ્ધ-ગેમ કરવામાં આવ્યું છે," એક ભૂતપૂર્વ સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું. મર્યાદિત દરોડા ઉપરાંત, પેન્ટાગોન એવા વિકલ્પો પણ વિકસાવી રહ્યું છે જેને અધિકારીઓ ઈરાન સામે સંભવિત "અંતિમ ફટકો" તરીકે વર્ણવે છે, એક નાટકીય વૃદ્ધિ જે જમીન કાર્યવાહીને મોટા પાયે બોમ્બમારા અભિયાન સાથે જોડે છે. ચાર મુખ્ય પરિદૃશ્યોનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આમાં ખાર્ગ ટાપુને કબજે કરવો અથવા નાકાબંધી કરવી, લારાક ટાપુને નિશાન બનાવવો જે



ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટને નિયંત્રિત કરવામાં મદદ કરે છે અને સંયુક્ત આરબ અમીરાત દ્વારા દાવો કરાયેલા નજીકના ટાપુઓ સાથે અબુ મુસાને કબજે કરવાનો સમાવેશ થાય છે. બીજો વિકલ્પ આ પ્રદેશમાં ઈરાની તેલ નિકાસ કરતા જહાજોને અટકાવવાનો છે. વધુ આક્રમક યોજનાઓ પરમાણુ સુવિધાઓમાંથી અત્યંત સમૃદ્ધ યુરેનિયમ સુરક્ષિત કરવા માટે ઈરાનની અંદર જમીની કામગીરીનું પણ અન્વેષણ કરે છે, જોકે મોટા પાયે હવાઈ હુમલાઓ એક વિકલ્પ રહે છે. "રાષ્ટ્રપતિ બકવાસ કરતા નથી અને તેઓ નરકને મુક્ત કરવા માટે તૈયાર છે," વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે જણાવ્યું હતું કે, જો કોઈ સોદો ન થાય તો પરિસ્થિતિ વધુ ખરાબ થવાની ચેતવણી. યુએસ તૈનાત ઝડપી બની છે, મરીન અભિયાન એકમો અને હજારો સૈનિકો આવી રહ્યા છે અથવા માર્ગ પર છે. ૮૨મા એરબોર્ન ડિવિઝનના કમાન્ડ એલિમેન્ટને પણ મોકલવામાં આવી રહ્યા છે, જે ઝડપી તૈનાતી ક્ષમતાઓને મજબૂત બનાવે છે. આ મજબૂતીકરણો લવચીકતા પ્રદાન કરવા માટે છે, જે વોશિંગ્ટનને સંઘર્ષ કેવી રીતે વિકસિત થાય છે તેના આધારે કામગીરીને ઉપર અથવા નીચે સ્કેલ કરવાની મંજૂરી આપે છે.

# ઈરાને અમેરિકાને ભૂમિ કાર્યવાહીની તૈયારીઓ અંગે ચેતવણી આપી “અમે રાહ જોઈ રહ્યા છીએ, ‘નરકમાં આપનું સ્વાગત છે’”

(એજન્સી) તા.૨૯

ઈરાને અમેરિકાને કડક ચેતવણી આપી છે. જો અમેરિકા ઈરાનમાં સૈનિકો ઉતારવાની તૈયારી કરી રહ્યું છે, તો ઈરાન કહી રહ્યું છે, "અમે તમારી રાહ જોઈ રહ્યા છીએ." સોશિયલ મીડિયા પર આ પોસ્ટ કરતા, ઈરાની દૂતાવાસે તેહરાન ટાઈમ્સના ફ્રન્ટ પેજનો સ્ક્રીનશોટ શેર કર્યો, જેનું શીર્ષક "નરકમાં આપનું સ્વાગત છે." અખબારે વધુમાં ચેતવણી આપી છે કે જો અમેરિકન સૈનિકો ઈરાની ભૂમિ પર પગ મૂકશે, તો તેઓ શબપેટીઓમાં પાછા ફરશે. મતલબ કે, તેઓ જીવતા પાછા ફરી શકશે નહીં. ઈરાની અધિકારીઓ કહે છે કે તેમની સેના સંપૂર્ણપણે તૈયાર છે અને કોઈપણ હુમલાનો જવાબ આપશે. બંને દેશો વચ્ચે તણાવ ઝડપથી



## ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા યુદ્ધ : શું ટ્રમ્પ ભૂમિ પર આક્રમણની તૈયારી કરી રહ્યા છે ?

વધી રહ્યો છે. ઈરાનમાં અમેરિકા ભૂમિ લશ્કરી કાર્યવાહીની તૈયારી કરી રહ્યું છે ત્યારે તેહરાનમાં અનેક વિસ્ફોટો સાંભળવામાં આવ્યા હતા. ઈઝરાયેલી સેનાએ કહ્યું કે તેણે ઈરાનના નૌકાદળ શસ્ત્રો સંશોધન કેન્દ્ર પર હુમલો કર્યો. યમનના હુથી બળવાખોરોએ ઈઝરાયેલ તરફ મિસાઈલો છોડીને મધ્ય પૂર્વ યુદ્ધમાં પ્રવેશવાની જાહેરાત કર્યા પછી તેહરાન પર આ નવા હુમલા કરવામાં આવ્યા છે. ઈરાનના યમનના સાથી દેશો દ્વારા કરવામાં આવેલા આ હસ્તક્ષેપથી લાલ સમુદ્રમાં શિપિંગમાં વિક્ષેપ પડવાનું જોખમ વધી ગયું છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે ઈરાનની અર્થવ્યવસ્થા પહેલાથી જ ગંભીર આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહી છે. આ નવી સમસ્યા પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ, પેન્ટાગોન, ઈરાનમાં ભૂમિ લશ્કરી કાર્યવાહીની યોજના બનાવી રહ્યું છે જે ઘણા અઠવાડિયા સુધી ચાલી શકે છે. આમાં ખાર્ગ ટાપુ અને હોર્મુઝ સ્ટ્રેટ નજીકના દરિયાકાંઠાના વિસ્તારો પર દરોડાનો સમાવેશ થઈ શકે છે. જો કે, વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હજુ સુધી કોઈપણ સૈનિકો તૈનાત કરવાની મંજૂરી આપી નથી. વોશિંગ્ટન પોસ્ટે, અનામી અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે કોઈપણ ભૂમિ કાર્યવાહી સંપૂર્ણ પાયે આક્રમણ નહીં હોય. તેના બદલે, ખાસ કમાન્ડો દળો અને સામાન્ય પાયદળ દ્વારા નાના દરોડા પાડવામાં આવશે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ શુક્રવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે યુએસ ભૂમિ સૈનિકો વિના તેના બધા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરી શકે છે, પરંતુ ધ પોસ્ટે અહેવાલ આપ્યો છે કે આ સંદર્ભમાં આયોજન ખૂબ જ આગળ વધી ગયું છે.

# ‘નો કિંગ્સ’ આંદોલન : ટ્રમ્પ સામે વિરોધ કરવા માટે લાખો લોકોએ અમેરિકા અને યુરોપમાં રસ્તા પર પ્રદર્શન કર્યું

## આ આંદોલનમાં ટ્રમ્પના ઇમિગ્રેશન અમલીકરણ દબાણ, ઈરાન યુદ્ધ અને ટ્રાન્સજેન્ડર અધિકારો પાછા ખેંચવા જેવા મુદ્દાઓનો સમાવેશ થતો હતો. મિનેસોટા રેલીમાં વક્તાઓએ અબજોપતિઓની આર્થિક સત્તાની નિંદા કરી હતી




પોર્ટલેન્ડ, ઓરેગોનમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વહીવટી નીતિઓ સામે ‘નો કિંગ્સ’ વિરોધ પ્રદર્શન પછી, યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સુવિધાની બહાર એક વ્યક્તિ સાઈન બોર્ડ પકડીને ઊભો છે.

(એજન્સી) તા.૨૯

શનિવારે મોટી સંખ્યામાં લોકોએ યુએસ અને યુરોપમાં "નો કિંગ્સ" રેલીઓમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કાર્યવાહી સામે વિરોધ કર્યો હતો. હજારો લોકો ટ્રમ્પના આક્રમક ઈમિગ્રેશન અમલીકરણ સામેના પ્રતિકાર કરવા માટે ખભે ખભા મિલાવીને ઊભા રહ્યા હતા. સેન્ટ પોલમાં કેપિટોલ લૉન પર મિનેસોટાના મુખ્ય કાર્યક્રમમાં બ્રુસ સ્પ્રિન્ગસ્ટીનને મુખ્ય પાત્ર તરીકે રજૂ કરવામાં આવ્યું. તેમણે અને અન્ય વક્તાઓએ યુએસ કસ્ટમ્સ અને ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ એજન્ટોના ઉછાળાના વિરોધમાં શિયાળા દરમિયાન રસ્તાઓ પર ઉતરવા બદલ રાજ્યના લોકોની પ્રશંસા કરી હતી. સ્પ્રિંગસ્ટીને "સ્ટ્રીટ્સ ઓફ મિનેપોલિસ" રજૂ કર્યું, જે ગીત તેમણે ફેડરલ એજન્ટો દ્વારા રેની ગુડ અને એલેક્સ પ્રેટીના જીવલેણ ગોળીબારના જવાબમાં લખ્યું હતું. સ્પ્રિન્ગસ્ટીને ગુડ અને પ્રેટીના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો પરંતુ કહ્યું કે ICE સામે રાજ્યના દબાણથી દેશના બાકીના લોકોને આશા મળી છે. યુએસ આયોજકોએ અંદાજ લગાવ્યો છે કે નો કિંગ્સ રેલીના પહેલા બે રાઉન્ડમાં જૂનમાં ૫૦ લાખથી વધુ અને ઓક્ટોબરમાં ૭૦ લાખથી વધુ લોકો આવ્યા હતા. આ અઠવાડિયે તેઓએ પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ શનિવારે ૯ મિલિયનથી વધુ સહભાગીઓની અપેક્ષા રાખે છે. આયોજકોએ જણાવ્યું હતું કે ૩,૧૦૦થી વધુ ઈવેન્ટ્સ થવાની છે. કેન્સાસના ટોપેકામાં, સ્ટેટહાઉસની બહાર એક રેલીમાં લોકો ભેગા થયા હતા. વેન્ડી વ્યાટે પૂર્વમાં ૨૦ માઈલ દૂર આવેલા લોરેન્સથી "કેટ્સ અગેઈન્સ્ટ ટ્રમ્પ" ચિહ્ન સાથે વાહન ચલાવ્યું હતું. વ્હાઈટ હાઉસના પ્રવક્તા એબીગેઈલ જેક્સને તેમને "ડાબેરી ભંડોળ નેટવર્ક્સ" નું આયોજન ગણાવ્યું હતું જેમને વાસ્તવિક જાહેર સમર્થન ઓછું છે. આ લોકો ટ્રમ્પ ડિરેન્જમેન્ટ થેરાપી સત્રોની કાળજી રાખનારા લોકો ફક્ત તે પત્રકારો છે જેમને તેમને કવર કરવા માટે ચૂકવણી કરવામાં આવે છે. નેશનલ રિપબ્લિકન કોંગ્રેસનલ કમિટીએ પણ તેની તીવ્ર ટીકા કરી હતી. NRCCના પ્રવક્તા મૌરીન ઓ’ટૂલે કહ્યું કે, આ હેટ અમેરિકા રેલીઓ એવી જગ્યાઓ છે જ્યાં ડાબેરીઓની સૌથી હિંસક, વિકૃત કલ્પનાઓને સ્થાન મળે છે. આ વિરોધમાં ટ્રમ્પના ઈમિગ્રેશન અમલીકરણ દબાણ, ઈરાનમાં યુદ્ધ અને ટ્રાન્સજેન્ડર અધિકારો પાછા ખેંચવાનો પણ સમાવેશ થતો હતો. વોશિંગ્ટનમાં, સેંકડો લોકોએ લિંકન મેમોરિયલ અને નેશનલ મોલમાં કૂચ કરી, જેમાં પ્રદર્શનકારીઓએ ઘંટ વગાડ્યા, ઢોલ વગાડ્યા અને "કોઈ રાજા નહીં"ના નારા લગાવ્યા. સાન ડિએગોમાં લગભગ ૪૦,૦૦૦ લોકોએ કૂચ કરી હતી. ન્યૂયોર્કમાં, ન્યૂ યોર્ક સિવિલ લિબર્ટીઝ યુનિયનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડોના લિબરમેને એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે ટ્રમ્પ અને તેમના સમર્થકો ઈચ્છે છે કે લોકો વિરોધ કરતા ડરે. તેઓ ઈચ્છે છે કે આપણે ડરીએ કે આપણે તેમને રોકવા માટે કંઈ કરી શકતા નથી, પણ તમે જાણો છો કે તેઓ ખોટા છે. આયોજકોએ જણાવ્યું હતું કે રેલીઓ માટે બે તૃતીયાંશ RSVP મુખ્ય શહેરી કેન્દ્રોની બહારથી આવ્યા હતા. તેમાં ઈડાહો, વ્યોમિંગ, મોન્ટાના, ઉટાહ, સાઉથ ડાકોટા અને લ્યુઈસિયાના જેવા રૂઢિચુસ્ત-ઝોક ધરાવતા રાજ્યોના સમુદાયો તેમજ પેન્સિલવેનિયા, જ્યોર્જિયા અને એરિઝોનાના ચૂંટણી સ્પર્ધાત્મક ઉપનગરોનો સમાવેશ થતો હતો. સ્પ્રિંગસ્ટીન સ્ટેજ પર આવે તે પહેલાં, આયોજકોએ એક વિડિઓ શરૂ કર્યો જેમાં અભિનેતા રોબર્ટ ડીનીરોએ કહ્યું હતું કે તે દરરોજ સવારે ટ્રમ્પને કારણે ઉદાસ થઈને ઉઠે છે, પરંતુ શનિવારે વધુ ખુશ હતા કારણ કે લાખો લોકો વિરોધ કરી રહ્યા હતા. પ્રદર્શનો કરનારાઓએ કેપિટોલના પગથિયાં પર એક વિશાળ બોર્ડ પકડ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ કદાચ એવો ડોળ કરી શકે છે કે તેઓ સાંભળતા નથી, પરંતુ તેઓ આજે શેરીઓમાં લાખો લોકોને અવગણી શકતા નથી. યુરોપથી લેટિન અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સુધીના એક ડઝનથી વધુ દેશોમાં પણ દેખાવોનું આયોજન કરવામાં આવ્યું હતું, આ ઘટનાઓનું નેતૃત્વ કરી રહેલા જૂથ, ઈન્ડિવિઝિબલના સહ-કાર્યકારી નિર્દેશક એઝરા લેવિને એક મુલાકાતમાં જણાવ્યું હતું. બંધારણીય રાજાશાહી ધરાવતા દેશોમાં, લોકો વિરોધ પ્રદર્શનોને "નો ટાયરન્ટ્સ" કહે છે. રોમમાં, હજારો લોકોએ પ્રીમિયર જ્યોર્જિયા મેલોનીના ઉદ્દેશ્યથી ઉદ્ધત સૂત્રોચ્ચાર સાથે કૂચ કરી હતી. પ્રદર્શનકારીઓએ ઈરાન પર ઈઝરાયેલી અને યુએસ હુમલાઓનો વિરોધ કરતા બેનરો પણ લહેરાવ્યા હતા, જેમાં "યુદ્ધોથી મુક્ત વિશ્વ"ની હાકલ કરવામાં આવી હતી. લંડનમાં યુદ્ધનો વિરોધ કરી રહેલા લોકોએ "જાતિવાદ સામે ઊભા રહો" જેવા નારા લખેલા બેનરો પકડી રાખ્યા હતા. પેરિસ ફ્રાન્સમાં રહેતા અમેરિકનોએ મજૂર સંગઠનો અને માનવ અધિકાર સંગઠનો સાથે બેસ્ટિલ ખાતે એકઠા થયા હતા.




મેમ્ફિસ, ટેનેસી, યુએસએ; મેમ્ફિસ ગ્રીઝલીઝ અને શિકાગો બુલ્સ વચ્ચેની રમત પહેલા ફેડએક્સ ફોરમની બહારનો કિંગ્સના વિરોધીઓનું ટોળું મેમ્ફિસ પોલીસ સામે સૂત્રોચ્ચાર કરી રહ્યું છે.



પોર્ટલેન્ડ, ઓરેગોનમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વહીવટી નીતિઓ સામે ‘નો કિંગ્સ’ વિરોધ પ્રદર્શન પછી યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સુવિધાની બહાર પ્રદર્શનકારીઓ ફેડરલ અને બોર્ડર પેટ્રોલ એજન્ટો સાથે અથડામણ થઈ હતી.



પોર્ટલેન્ડ, ઓરેગોનમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વહીવટી નીતિઓ સામે ‘નો કિંગ્સ’ વિરોધ પ્રદર્શન પછી બોર્ડર પેટ્રોલ એજન્ટો યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સુવિધાની બહાર એક પ્રદર્શનકારીની અટકાયત કરી છે.

ઇતિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ ટ્રસ્ટ દ્વારા CM, ના. મુખ્યમંત્રી અને DGPને લેખિત રજૂઆત

# ગૌવંશ હત્યા કેસમાં ભૂજના બે નિર્દોષ મુસ્લિમોને ખોટી રીતે ફસાવવાની ઘટનાની સઘન તપાસ જરૂરી

## કચ્છની કોમી એકતા તથા ભાઈચારાને તોડવાના પ્રયાસો કરનારાઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ

(સંવાદદાતા દ્વારા) અંજાર, તા.૨૯

કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના દહીંસરા ખાતે મધ્યે ગૌવંશ હત્યાના કેસમાં નિર્દોષ મુસ્લિમ માલધારી યુવાનોને ખોટી રીતે ફસાવવાની ઘટનાની સઘન તપાસ કરી ન્યાય અપાવવાની માંગ સાથે ઇતિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના ડી.જી.પીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ટ્રસ્ટના પ્રમુખ હાજી મોહમ્મદભાઈ આગરીયાએ રજૂઆતમાં જણાવ્યું છે કે, તાજેતરમાં કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના દહીંસરા ગામ મધ્યે ગૌવંશ હત્યાના કેસમાં નિર્દોષ માલધારી યુવાનોને ખોટી રીતે ફસાવવાનો સ્પષ્ટ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે વિવિધ માધ્યમોથી મળેલ માહિતી મુજબ દહીંસરા ગામના બે માલધારી યુવાનો મુસ્તાક જુસબ રાયમા અને ર, ઇસ્માઇલ જુસબ રાયમાની ગૌવંશની હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી જે ઘટના બાદ દહીંસરાથી ૮ કિમી દૂર આવેલા રામપર (વેકરા) ગામના વાડી વિસ્તારમાં કેબલ ચોરી કરવા આવેલ શખ્સો પૈકી એક શખ્સ દિનેશ બાબુ કોળીને પકડતા ગૌવંશ હત્યા કેસની સાચી હકીકત સામે આવી હતી. જે આરોપીએ કરેલ કબુલાત પ્રમાણે એક પોલીસ કર્મીના કહેવાથી ચાર સખ્સો (૧.દિનેશ બાબુ કોળી, મામદ રમેશ કોળી, ભારત સુમાર કોળી તથા જયેશ બાબુ કોળી)એ ગૌવંશની હત્યા કરી હતી અને એ સંડોવાયેલ એક આરોપીના સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ વીડિયોમાં પોતે તથા અન્ય ત્રણ આરોપીઓ દ્વારા આ કૃત્ય કરાયું હોવાની કબુલાત આપતાં આ બનાવની સત્ય હકીકત સામે આવેલ છે અને બંને માલધારી યુવાનોને ફસાવવા માટે તેમના વાળામાં ગૌવંશના અવશેષો ફેંકી દેવાયા હતા. આ બનાવ સંદર્ભે દહીંસરા ગ્રામપંચાયત તથા તમામ ગ્રામજનો એ પણ તે બંને માલધારી યુવાનો નિર્દોષ હોવાની પોલીસ અધિક્ષક (પશ્ચિમ કચ્છ) સમક્ષ લેખિત રજૂઆત કરેલ છે. અમે ઇતિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ ટ્રસ્ટ પરિવાર નમ્ર વિનંતી કરીએ છીએ કે કચ્છની કોમી એકતા અને ભાઈચારાને તોડવાના પ્રયાસ કરનારાઓ વિરૂદ્ધ ન્યાયના હિતમાં કાર્યવાહી કરવા તથા ઉપરોક્ત બનાવની તટસ્થ તપાસ કરવા નમ્ર અરજ છે.

હાજી મોહમ્મદ આગરીયાએ વધુમાં ઉમેર્યું છે, કે આ સમગ્ર ઘટનાની સઘન, નિષ્પક્ષ અને સમયસર તપાસ કરવામાં આવે. નિર્દોષ માલધારી યુવાનોને તરત જ મુક્ત કરી તેમને પૂર્ણ ન્યાય અપાવવામાં આવે અને આવા કાવતરા પાછળના તત્વો સામે સખત અને નસિયત રૂપી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ પણ નિર્દોષ વ્યક્તિને ખોટી રીતે ફસાવવાની ઘટનાઓ ન બને. જેથી કચ્છની કોમી એકતા અને શાંતિ જળવાઈ રહેશે અને સમાજમાં વિશ્વાસનું વાતાવરણ મજબૂત થશે.

આ સમગ્ર બનાવને જોતાં પુરા બનાવની જીણવટ ભરી એક ઉચ્ચ અધિકારી દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તેમજ આપના સમયને મોબાઈલ લોકેશન તથા વાયરલ વીડિયોમાં જણાવેલ આરોપીઓની કોલ ડીટેલ મેળવી આખા બનાવની સત્યતા બહાર લાવી આ ગુનાને અંજામ આપનાર ગુનેગારોને સજા મળે તથા તે માલધારી યુવાનોના દુધારા પશુઓ ને કબજે કરી અને પાંજરાપોળમાં મૂકી દેવાયા છે તેમને માલધારી યુવાનોને પરત કરવામાં આવે તેવી નમ્ર અરજ છે.

'આ મોંઘા શિક્ષણ, ટ્રાફિક અને દારૂ-ડ્રગ્સથી હવે તો થાક્યા'

# સુરતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા પોસ્ટર વોર, જાહેર દીવાલો પર સૂત્રોચ્ચાર અને કમળ પર લાલ ચોકડી સાથેના પોસ્ટર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ અત્યારથી જ સંભળાવા લાગ્યા છે. ખાસ કરીને સુરત શહેરમાં રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. રવિવારે વહેલી સવારે સુરતના ડિંડોલી અને કતારગામ દરવાજા જેવા ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં ભાજપ વિરોધી પોસ્ટરો જોવા મળતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. આ પોસ્ટરોમાં જનતાને સ્પર્શતા પાયાના મુદ્દાઓને હથિયાર બનાવી શાસક પક્ષ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે.

સુરતના જે વિસ્તારોમાં આ પોસ્ટરો લાગ્યા છે તેમાં ડિંડોલી અને કતારગામ મુખ્ય છે. આ વિસ્તારોના મુખ્ય રસ્તાઓ, ટ્રાફિક સર્કલ, બ્રિજના પીલર અને જાહેર દિવાલો પર રાતોરાત અજાણ્યા લોકો દ્વારા પોસ્ટરો ચોંટાડી દેવામાં આવ્યા છે. સવારે જ્યારે લોકો નોકરી-ધંધા માટે નીકળ્યા ત્યારે આ પોસ્ટરો જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સોશિયલ મીડિયામાં પણ આ પોસ્ટરોના ફોટા અને વીડિયો વાયરલ થતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ પોસ્ટરોમાં કોઈ એક વ્યક્તિ કે પક્ષનું નામ લેવાને બદલે સીધા જ પ્રતિકાત્મક હુમલા કરવામાં આવ્યા છે. પોસ્ટરમાં મુખ્યત્વે પાંચ મુદ્દાઓને હાઈલાઈટ કરવામાં આવ્યા છે. સામાન્ય માણસના ખિસ્સા પર પડતા મારને વાચા આપતા લખાયું છે કે, "આ મોંઘવારીથી હવે તો થાક્યા." ખાનગી શાળાઓની વધતી ફી અને મોંઘા શિક્ષણ સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. સરકારી કચેરીઓમાં ચાલતા કથિત ભ્રષ્ટાચારને મુદ્દો બનાવવામાં આવ્યો છે. સુરતની વિકટ સમસ્યા બની ગયેલા ટ્રાફિક જામને કારણે લોકોની હાલાકીનો ઉલ્લેખ છે. શહેરમાં ચર્ચાઈ રહેલા દારૂ અને ડ્રગ્સના દૂષણ પર પણ કટાક્ષ કરવામાં આવ્યો છે. પોસ્ટરના અંતે લખવામાં આવ્યું છે કે, "આ મોંઘવારીથી હવે તો થાક્યા, આ મોંઘા શિક્ષણથી હવે તો થાક્યા, આ ભ્રષ્ટાચારથી હવે તો થાક્યા, આ ટ્રાફિક જામથી હવે તો થાક્યા." આ વાક્યો સીધી રીતે જનતાની વેદના હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ સમગ્ર વિવાદમાં સૌથી વધુ ચર્ચાસ્પદ બાબત એ છે કે, પોસ્ટરમાં ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી પ્રતીક 'કમળ' પર લાલ રંગથી ક્રોસ (ઠ)નું નિશાન મારવામાં આવ્યું છે. આ એક સ્પષ્ટ સંકેત છે કે આગામી ચૂંટણીમાં ભાજપને નકારવાની અપીલ કરવામાં આવી રહી છે. હજુ સુધી કોઈએ પણ આ પોસ્ટરો લગાવવાની જવાબદારી સ્વીકારી નથી.

# નવસારીમાં કેન્દ્રીય જલ શક્તિ મંત્રીના હસ્તે રૂા.૪૪.૬૫ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા) નવસારી, તા.૨૯

નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં નાગરિકોની સુખાકારી અને શહેરના માળખાગત વિકાસને વધુ વેગ આપવા માટે રવિવારે એક ભવ્ય લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય જલ શક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં નવસારીના નવતર વિકાસના કાર્યોનું રૂા.૪૪.૬૫ કરોડના ખર્ચે લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ પ્રસંગે નવસારી મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



આ કાર્યક્રમમાં વિશેષ રૂપે નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં નવનિર્મિત 'કાછીયાવાડી માઈનોર બ્રિજ (નાનો પુલ)'નું મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂા.૨.૮૪ કરોડના ખર્ચે તૈયાર થયેલો આ બ્રિજ સ્થાનિક નાગરિકોની ટ્રાફિકની સમસ્યા હલ કરવામાં અને અવરજવરને સરળ બનાવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ ઉપરાંત, શહેરમાં ટ્રાન્સપોર્ટેશન અને રોડ કનેક્ટિવિટીને વધુ મજબૂત કરવા SJMMSVY યોજના અંતર્ગત રૂા.૨૭.૪૮ કરોડના ખર્ચે કુલ ૮૯ નવા રોડ-રસ્તાઓના ડેવલપમેન્ટનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. સાથે જ, પાણી પુરવઠા વિભાગ હસ્તક પંપસેટ પેનલ અને કેબલ સપ્લાયની રૂા. ૨.૫૪ કરોડની કામગીરીનું પણ લોકાર્પણ કરાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં નવસારીના કલેક્ટર તથા નવસારી મહાનગરપાલિકાના વહીવટદારે નવસારી શહેરના વિકાસના કામોને બિરદાવી અને આગળ પણ સતત વિકાસને પંથે નવસારી શહેર રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

લોકાર્પણ અને ખાતમુહૂર્તની વિધિ સંપન્ન થયા બાદ, મંત્રી સી.આર. પાટીલે નવસારી મહાનગરપાલિકા (NMC) ટાઉન હોલ ખાતે નવસારીની જાહેર જનતાને સંબોધિત કરી હતી.

કાર્યક્રમના અંતિમ તબક્કામાં મહાનગરપાલિકાની આપાતકાલીન અને સફાઈ કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા મંત્રી દ્વારા ૪ વિવિધ પ્રકારના અત્યાધુનિક વાહનોને હરિ ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ વાહનોમાં ૧. GUDC દ્વારા ફાળવાયેલ વોટર કમ ફોમ ટેન્ડર (અદ્યતન ફાયર વાહન), ૨. નવસારીની જનતા માટે વોટર ટેન્કર, ૩. ભૂગર્ભ ગટરોની સફાઈ માટે જેટીંગ કમ ડીસીલ્ટીંગ મશીન અને ૪. ઈમરજન્સી ફર્સ્ટ રિસ્પોન્સ વ્હીકલ અને મિની ફાયર ટેન્ડર નો સમાવેશ થાય છે.

મધ્ય-પૂર્વની વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ દ.ગુજરાતના ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે બેઠક

# રાજ્યમાં શ્રમિકોને પાંચ કિ.ગ્રા.ના ગેસ સિલિન્ડર મળી રહે તે માટે વ્યવસ્થા

## કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા દરેક જિલ્લામાં ટુકડીઓ કાર્યરત

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૯

મધ્ય-પૂર્વમાં ઈસ્ટમાં ચાલી રહેલા યુધ્ધસંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરતના ICC સેન્ટર ખાતે સુરત તેમજ અંકલેશ્વર, વાપી, ભરૂચ સહિતની દક્ષિણ ગુજરાતના વિવિધ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે કામદારો, ગેસ સપ્લાયને લગતા પ્રશ્નો બાબતે ઉચ્ચતરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉદ્યોગ મંડળો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ગેસ સપ્લાય અને કારીગરોની વ્યવસ્થાઓ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં હાલમાં ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ પુરવઠાની સપ્લાય કરવામાં આવી રહી છે. જે સ્થળોએ પી.એન.જી. કનેકશનો હોય અને લોકો એલ.પી.જીનો ઉપયોગ કરતા હોય તેઓને ઝડપથી પી.એન.જી. કનેકશનો આપવા માટે ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓને જણાવાયું છે. આ ઉપરાંત ગેસ કંપનીની મેઈન લાઈનોની નજીકના સ્થળોને સત્વરે કનેકશનો પુરા પાડવા જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહે ભારત સરકારની ગાઈડલાઈન મુજબ હાલમાં એલ.પી.જી. ગેસ જથ્થાની ઘરેલુ, શૈક્ષણિક, હોસ્પિટલ, ઈન્ડસ્ટ્રિઝોને કરવામાં આવતી સપ્લાયની વિગતો રજૂ કરી હતી. બેઠકમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓએ પોતાની રજૂઆતો કરી હતી.બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, એમ.એસ.એમ.ઈ.ના કમિશનર કે.સી.સંપથ, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી તથા વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ મીડિયા પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરતા નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, અફવાઓને કારણે કારીગરોમાં ડર પેદા ન થાય તે માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ મંડળો દ્વારા ઈન્ડસ્ટ્રિયલ કિચન અને ભંડારાઓ દ્વારા શ્રમિકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે જે સરાહનીય છે. પાંડેસરા, વાપી, અંકલેશ્વર અને દહેજ જેવા વિસ્તારોની ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કારીગરો માટે રહેવા-જમવાની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા કારીગરો માટે પાંચ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક વાતો કે અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને કોઈપણ માહિતી સરકારી વિભાગ જોડે ટેલી કરવા જણાવ્યું હતું. લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજ્યા વિના ફોરવર્ડ કરનાર વિરૂધ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે તેમ તેમણે કહ્યું હતું.વધુમાં તેમણે કહ્યું હતું કે, કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા માટે દરેક જિલ્લામાં અલગ ટુકડીઓ બનાવવામાં આવી છે. જો કોઈ ગેસ બોટલ, પેટ્રોલ-ડીઝલ કે જીવન જરૂરિયાતની વસ્તુઓના કાળાબજાર કરશે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૧૮ જેટલા કોમ્યુનિટી કિચન (ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીન) કાર્યરત કરવામાં આવ્યા છે. ગુજરાત દેશનું રોલ મોડલ છે અને તમામ વેપારીઓ તથા ઈન્ડસ્ટ્રીઝ સરકાર સાથે મળીને પરિસ્થિતિને થાળે પાડવા માટે કામ કરી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ ખાતે ૩૫મો વાર્ષિકોત્સવ ઊજવાયો



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨૯

ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન ખરોડ ખાતે સંસ્થાના ૩૫માં શૈક્ષણિક વર્ષના વાર્ષિકોત્સવની ઉજવણી થઈ હતી. આ પ્રસંગે તાલીમાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે મુકેશભાઈ મહેતા (ફેક્ટરી મેનેજર, રશ્મિકા મિનરલ્સ એન્ડ કેમિકલ પ્રા.લિ.), સંસ્થાના સેક્રેટરી મહંમદભાઈ ભૈયાત તથા ટ્રસ્ટી ઈસ્માઈલભાઈ જોગિયાત, પબ્લિક સ્કૂલ ખરોડના આચાર્યા ડૉ. અંજલિ કુલશ્રેષ્ઠા સહિત શિક્ષકો તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ તાલીમાર્થીઓના શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રદર્શનને બિરદાવી સંસ્થાની પ્રગતિની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ સૈયદ આરિફભાઈ વજીફદાર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા બદલ શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

સાંસદ શક્તિસિંહ ગોહિલે ચિંતા વ્યક્ત કરી

# શ્વસન દવા વિભાગ દૂર કરાતા ટીબીના દર્દીઓને અસર થશે

અમદાવાદ, તા.૨૯

આજે રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ૨૦૨૩માં રાષ્ટ્રીય તબીબી આયોગે નવી એમબીબીએસ કોલેજો માટે નવા ધોરણો, યુજીએમએસઆર ૨૦૨૩ બહાર પાડ્યા.આમાં શ્વસન દવા, ટીબી અને છાતીને ફરજિયાત વિભાગોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. પરિણામે નવી મેડિકલ કોલેજોમાં શ્વસન દવા વિભાગ રાખવાની જરૂર રહેશે નહીં. એમબીબીએસ વિદ્યાર્થીઓને ટીબી અને અસ્થમા જેવા રોગો માટે પરીક્ષણો મળશે



નહીં.

આપણા દેશમાં ટીબીના દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે. આ વિભાગને દૂર કરવાથી ટીબી નાબૂદીના ધ્યયને નબળી પડે છે. તેથી સરકારે આ મુદ્દા પર ધ્યાન આપવું જોઈએ.

ખુશીનો પ્રસંગ શોકમાં ફેરવાયો

# મામાની દીકરીના લગ્નમાં લીંબડી આવેલા અમદાવાદના યુવકની હત્યા

## પોલીસે ગણતરીની કલાકોમાં હત્યારાની કરી ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૨૯

લીંબડીમાં મામાની દીકરીના લગ્નમાં આવેલા અમદાવાદના યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવતા ખુશીનો પ્રસંગ શોકમાં ગરકાવ થઈ ગયો છે. પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીએ અંગત અદાવતમાં યુવકની હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ હત્યાનો બીજો બનાવ સામે આવ્યો હતો. વઢવાણ તાલુકાના ફુલગ્રામમાં પુત્રવધૂએ સસરાની હત્યા કર્યાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં લીંબડીમાં યુવકની હત્યાનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદના રબારી કોલોની વિસ્તારમાં રહેતો ૨૭ વર્ષીય દીપક સોલંકી લીંબડી ઉટડીના પુલ પાસે આવેલા ખોડિયાર નગરમાં રહેતા કૌટુંબિક મામા જયંતિ છગનભાઈ ચાવડાની મામાની દીકરીના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવ્યો હતો. જમણવાર પતાવીને દીપક ગામમાં આંટો મારવા નીકળ્યો હતો, ત્યારે અમન ચાવડા નામના શખ્સે તેને આંતરીને ગળાના ભાગે છરીના જીવલેણ ઘા ઝીંકી દીધા હતા.

લોહીલુહાણ હાલતમાં દીપકને તાત્કાલિક લીંબડી સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર મેડિકલ કોલેજ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા જ ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. યુવાન પુત્રના મોતના સમાચાર મળતા જ પરિવાર પર આભ ફાટી પડયું હતું અને હોસ્પિટલ પરિસરમાં હૃદયદ્રાવક રોકકળના દૃશ્યો સર્જાયા હતા. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં આરોપી અમન ચાવડાની અટકાયત કરી લીધી છે. પ્રાથમિક તપાસમાં હત્યા પાછળ અંગત અદાવત હોવાનું બહાર આવ્યું છે.

# ખંભાતની કેમ્બે જનરલ હોસ્પિટલના માજી સેક્રેટરી દ્વારા કર્મચારીઓને છૂટા કરી ધમકી અપાતાં ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા) આણંદ તા.૨૯

આણંદ જિલ્લાના ખંભાતની કેમ્બે જનરલ હોસ્પિટલના માજી સેક્રેટરી દ્વારા કર્મચારીઓને છૂટા કરી ધમકીઓ આપ્યાનો બનાવ સામે આવતાં ચકચાર મચી છે. આ અંગે ખંભાત શહેર પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ મુજબ ખંભાતની ધ કેમ્બે જનરલ હોસ્પિટલમાં શેહુલભાઈ સુભાષચંદ્ર માસ્તર મેલ સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવે છે. ગત તારીખ ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૦ ના રોજ તેઓ દવાખાનામાં સહાયક મેલ સ્ટાફ તરીકે દાખલ થયા હતા. તેઓ કાયમી થતા સરકારી પગાર પંચની યોજના અમલમાં આવતા છઠ્ઠા પગાર પંચનો લાભ પણ મેળવી રહ્યાં છે. ધ કેમ્બે મેડિકલ રીલીફ સોસાયટીમાં યોગેશભાઈ બેચરભાઈ ઉપાધ્યાય સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતાં યોગેશભાઈએ ગત તારીખ ૧૫/૧/૨૦૨૨ ના રોજ પોતાના પદ ઉપરથી રાજીનામું આપી દીધું હતું. જે રિલીફ સોસાયટીના સભ્યોએ સ્વીકારી લીધું હતું. ત્યારબાદ યોગેશભાઈ વડોદરા વિભાગના સંયુક્ત ચેરિટી કમિશનર સમક્ષ જઈને રાજીનામું સ્વીકાર્યું તે બાબતે અપીલ કરી હતી..ત્યાંથી છેક કોર્ટ સુધી તેમને કોઈ મદદ મળી નહોતી અને હાલમાં વડોદરા ખાતે તેમની અરજી પેન્ડિંગમાં છે.તે દરમિયાન યોગેશભાઈ ઉપાધ્યાય સંસ્થામાં કોઈપણ પ્રકારનું હિત ધરાવતા ન હોવા છતાં એક આગવું ચેમ્બર બનાવી તેમ હાજર રહે છે અને સંચાલન પણ કરે છે. ગત તારીખ ૨૩/૭/૨૦૨૫ ના રોજ યોગેશભાઈએ સાતમા પગાર પંચનો લાભ લાગુ કરવા માટે હોસ્પિટલમાં આયા તરીકે ફરજ બજાવતા તૃપ્તિબેન અશ્વિનભાઈ વ્યાસને કર્મચારી દીઠ રૂપિયા ૩૫૦૦ જમા કરાવવા જણાવ્યું હતું. મોટાભાગના કર્મચારીઓએ નાણા જમા કરાવ્યા હતા. યોગેશભાઈએ હોસ્પિટલના તમામ કર્મચારીઓની મીટીંગ રાખી તમારે સાતમા પગાર પંચનો લાભ જોઈતો હોય તો પુરવણી બિલ ની રકમ જોઈતી હોય તો તમારા એકાઉન્ટમાં જે રકમ થાય તેના ૪૦% અને દર મહિને પગારના ૩૦ ટકા રકમ સંસ્થામાં થતું વાર્ષિક નુકસાન પુરવા માટે તમારે આપવા પડશે તેમ જણાવ્યું હતું. આ સાંભળીને તમામ કર્મચારીઓએ તેનો વિરોધ કર્યો હતો.ત્યારે તેમણે ચાર કર્મચારીઓને ફરજમાં બેદરકારીનો આરોપ નોકરીમાંથી કાઢી મૂક્યા હતા અને શેહુલભાઈને પણ જો તમે પૈસા આપશો નહીં અને કેસ પરત નહીં ખેંચો તો તમને પણ કાઢી મૂકવામાં આવશે તેવી ધમકીઓ આપી હતી અને પૈસાની માંગણી કરી હતી. જેથી, શેહુલભાઈ માસ્તરે આખરે ખંભાત શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે યોગેશ બેચરભાઈ ઉપાધ્યાય વિરુદ્ધ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

# જલાલપોરના વેસ્મા ગામે હોસ્પિટલમાં નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા) નવસારી, તા.૨૯

જલાલપોર તાલુકાના વેસ્મા ગામ ખાતે આવેલી અમૃતલાલ દેસાઈ જનરલ હોસ્પિટલમાં રવિવારે સર્વરોગ નિદાન અને સારવાર માટે વિશેષ મફત મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી વેસ્મા વિભાગ વૈદકીય રાહત મંડળ દ્વારા સંચાલિત આ કેમ્પનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારોના લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો રહ્યો હતો. આ કેમ્પ સવારે ૮:૦૦ વાગ્યાથી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી યોજાયો હતો, જેમાં જનરલ મેડિસિન, ઓર્થોપેડિક, કાન-નાક-ગળા (ENT), ચામડી અને જાતીય રોગ, સ્ત્રીરોગ, યુરોલોજી તથા બાળરોગ સહિતના વિવિધ વિભાગોના નિષ્ણાત ડોક્ટરો દ્વારા દર્દીઓનું નિદાન અને સારવાર કરવામાં આવી હતી. ઉપરાંત જરૂરી લેબોરેટરી તપાસની સુવિધા પણ ઉપલબ્ધ રાખવામાં આવી હતી. કેમ્પમાં તમામ સારવાર અને માર્ગદર્શન સંપૂર્ણપણે મફતમાં આપવામાં આવતા સ્થાનિક લોકોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. કુલ ૧૧૬ દર્દીઓએ કેમ્પમાં ભાગ લીધો હતો. આયોજકો દ્વારા વધુમાં વધુ લોકો આવી આરોગ્ય સેવાઓનો લાભ લે તેવી અપીલ પણ કરવામાં આવી હતી.

## હિંમતનગર : જિલ્લા વિકાસ અધિકારીને એવોર્ડ એનાયત કરાયો

હિંમતનગર, તા.૨૯

સાબરકાંઠા જિલ્લામાં લોકહિતને કેન્દ્રસ્થાને રાખી અમલમાં મુકાયેલા બે નવીન અને અસરકારક પ્રોજેક્ટને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત SKOCH Award પ્રાપ્ત થતાં જિલ્લામાં ગૌરવનો માહોલ છવાયો છે. તા.૨૮ માર્ચે નવી દિલ્હી ખાતે યોજાયેલ SKOCH National Governance Summit દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરાને આ એવોર્ડ વિશેષ સન્માન સાથે પ્રદાન કરવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરાના નેતૃત્વ હેઠળ અમલમાં મુકાયેલા આ બંને પ્રોજેક્ટ - "લાલન—પાલન પ્રોજેક્ટ" અને "જુવેનાઈલ ડાયાબિટીસ પ્રિવેન્શન પ્રોજેક્ટ" - આરોગ્ય અને સામાજિક કલ્યાણ ક્ષેત્રે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

ભરૂચ ખાતે

# ઈકરા ઈસ્લામી શૈક્ષણિક સંકુલમાં ઈનામ વિતરણ સમારોહ યોજાયો





(સંવાદદાતા દ્વારા) ભરૂચ,તા.૨૯

ખુશ્બુ પાર્ક ડુંગળી શેરપુરા રોડ ભરૂચ ખાતે ઈકરા ઈસ્લામી સંકુલમાં ભવ્ય વાર્ષિક ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુર્આન પાકની તિલાવતથી કરવામાં આવી. ત્યાર બાદ મહેમાનોનું સ્વાગત શાળાના આચાર્ય ઘોઘા અજહરૂદ્દીન દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને તેમની મહેનત તથા પ્રતિભાની પ્રશંસા કરવામાં આવી હતી. ગત વર્ષના તમામ ધોરણની પરીક્ષામાં ઉત્તમ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા. ઉપરાંત રમત-ગમત ક્ષેત્રે, સાંસ્કૃતિક પ્રવૃતિ અને આખા વર્ષ દરમ્યાન વિવિધ યોજાયેલ સ્પર્ધાઓમાં ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. શાળાના સંચાલક અને પ્રિન્સિપાલએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા અને તેમજ સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

# સહારા દરવાજા રેલવે ઓવરબ્રિજ પર કાદવ-કીચડ ઢોળાતા વાહન વ્યવહાર ઠપ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

સુરત શહેરમાં મોડી રાત્રે સૌથી વ્યસ્ત ગણાતા વિસ્તાર સહારા દરવાજા રેલ્વે ઓવરબ્રિજ પર ચાલુ ટ્રકમાંથી અચાનક મોટી માત્રામાં કાદવ અને કીચડ રસ્તા પર ઢોળાતા વાહનવ્યવહારના પૈડા થંભી ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, બ્રિજ પરથી પસાર થઈ રહેલી એક ટ્રકમાંથી કાદવ-કીચડનો મોટો જથ્થો રસ્તાની વચોવચ ઢોળાયો હતો. એવું માનવામાં આવે છે કે ટ્રકમાં ભરેલો કાદવ યોગ્ય રીતે ઢાંકવામાં આવ્યો ન હતો અથવા તો ટ્રકના પાછળના દરવાજામાં ખામી સર્જાવાને કારણે આ જથ્થો રસ્તા પર ફેલાઈ ગયો હતો. જોતજોતામાં બ્રિજનો એક મોટો હિસ્સો કાદવથી ખદબદવા લાગ્યો હતો. રસ્તો લપસણો બની જવાને કારણે વાહનચાલકો માટે ત્યાંથી પસાર થવું જોખમી બની ગયું હતું. કીચડ ઢોળાવાની ઘટના બાદ તરત જ વાહનોની ગતિ ધીમી પડી ગઈ હતી અને જોતજોતામાં રિંગ રોડ તથા વરાછા તરફ જતા માર્ગો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા બ્રિજની બંને બાજુએ બેરિકેડ્સ લગાવી દેવામાં આવ્યા હતા. મહાનગરપાલિકા દ્વારા જેસીબી મશીનો અને સફાઈ કામદારોની ફોજ ઉતારવામાં આવી હતી. રસ્તા પરથી કીચડના થર દૂર કરવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરાયું હતું. કીચડ દૂર કર્યા બાદ રસ્તો લપસણો ન રહે તે માટે ફાયર બ્રિગેડના ટેક્રરો બોલાવીને આખા બ્રિજને પાણીના જોરદાર ફુવારાથી ધોવામાં આવ્યો હતો.

# ગીર સોમનાથમાં ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્વક પૂર્ણ થઈ

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટેની ગુજકેટ પરીક્ષા–૨૦૨૬ની પરીક્ષાઓ યોજાઈ હતી. ગીર સોમનાથ જિલ્લા કક્ષાએ વેરાવળ કેન્દ્ર - ૨૩૩ ઉપર ૦૮ પરીક્ષા સ્થળો ઉપર કુલ ૧૬૭૧ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજકેટના તમામ પરીક્ષા સ્થળો પર પરીક્ષાઓ શાંત અને તટસ્થ રીતે લેવાય તે હેતુથી કલેક્ટર દ્વારા વર્ગ-૧/૨ના અધિકારીઓને ઓબ્ઝર્વર તરીકે નિયુકત કરવામાં આવેલા હતા. સુનિયોજીત વ્યવસ્થાઓ વચ્ચે ગીર સોમનાથ જિલ્લાની ગુજકેટની પરીક્ષા શાંત વાતાવરણમાં પૂર્ણ થઈ હતી.

# ઈઝરાયેલે દાવો કર્યો છે કે તેણે ઈરાનના મુખ્ય બેલિસ્ટિક મિસાઈલ યુનિટને તોડી પાડ્યું છે, કહે છે કે, તે 'તેના પ્રકારના ફક્ત બેમાંથી એક' હતું

(એજન્સી) તા.૨૯

ઈરાન પર કેન્દ્રિત વિકસિત સંઘર્ષ વધુ અસ્થિર તબક્કામાં પ્રવેશ્યો છે, જેમાં અનેક મોરચે લશ્કરી, રાજકીય અને આર્થિક દબાણ તીવ્ર બન્યું છે. અહેવાલો અનુસાર, પેન્ટાગોન ઈરાનની અંદર સંભવિત ભૂમિ કામગીરી માટે સક્રિયપણે તૈયારી કરી રહ્યું છે. આ યોજનાઓમાં મર્યાદિત-અવધિના મિશનનો સમાવેશ થાય છે, જેમાં સંપૂર્ણ પાયે આક્રમણને બદલે ખાસ કામગીરી દળો અને પરંપરાગત સૈનિકો દ્વારા દરોડાનો સમાવેશ થાય છે. વિચારણા હેઠળના વ્યૂહાત્મક લક્ષ્યોમાં ખાર્ગ આઈલેન્ડ, એક મહત્વપૂર્ણ તેલ નિકાસ કેન્દ્ર અને હોર્મુઝ સ્ટ્રેટ નજીકના દરિયાકાંઠાના વિસ્તારોનો સમાવેશ થાય છે, જે એક મુખ્ય વૈશ્વિક શિપિંગ માર્ગ છે. અદ્યતન આયોજન હોવા છતાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ જાળવી રાખ્યું છે કે વોશિંગ્ટન 'ભૂમિ સૈનિકો વિના અમારા બધા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરી શકે છે'.

રાજદ્વારી મોરચે, ઈરાની બે સંસ્થાઓને નષ્ટ કરનારા અહેવાલો બાદ ઈરાને એક કડક ચેતવણી જારી કરી છે, જેમાં મધ્ય પૂર્વમાં યુએસ સાથે જોડાયેલ યુનિવર્સિટીઓ સામે બદલો લેવાની ધમકી આપવામાં આવી છે. અલ્ટીમેટમ વોશિંગ્ટન તરફથી ઔપચારિક નિંદાની માંગ કરે છે, જે પહેલાથી જ તણાવગ્રસ્ત સંબંધોમાં વધુ બગાડનો સંકેત આપે છે.

પ્રોક્સી કલાકારો દ્વારા પ્રાદેશિક દુશ્મનાવટ પણ તીવ્ર બની છે. યમનમાં ઈરાન-સંલગ્ન હુથી દળોએ ઈઝરાયેલને નિશાન બનાવીને વારંવાર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે, સંવેદનશીલ લશ્કરી સ્થળો પર હુમલાનો દાવો કર્યો છે. બદલામાં, ઈઝરાયેલે તેની કામગીરીનો વિસ્તાર કર્યો છે, જેમાં યુદ્ધ વિમાનોએ બેરૂત પર ધ્વનિ અવરોધ તોડી નાખ્યો હોવાના અહેવાલ છે, જેના કારણે સમગ્ર લેબનોનમાં વ્યાપક ભય ફેલાયો છે. આ સંઘર્ષે ગંભીર માનવતાવાદી નુકસાન કર્યું છે, વિશ્વ આરોગ્ય સંગઠને લેબનોનમાં એક જ દિવસમાં નવ પેરામેડિક્સના મૃત્યુ અને આરોગ્યસંભાળ માળખાને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યાની જાણ કરી છે.

ઈરાકમાં, મોસુલમાં થયેલા હુમલામાં બે પોલીસ અધિકારીઓના મોત અને અન્ય ઘાયલ થયા બાદ હિંસા વધી છે, જેમાં સ્થાનિક અધિકારીઓએ યુએસ અને ઈઝરાયેલને દોષી ઠેરવ્યા છે. દરમિયાન, યુનાઈટેડ સ્ટેટ્સે નેચિરવાન બર્ઝાનીને નિશાન બનાવતા ડ્રોન હુમલાની નિંદા કરી છે, તેને ઈરાની સમર્થિત લશ્કરી જૂથોને જવાબદાર ઠેરવ્યા છે અને તેને ઈરાકની સાર્વભૌમત્વ પર હુમલો ગણાવ્યો છે.

ઈરાનના સંસદના સ્પીકર ગાલિબાફે કહ્યું કે દેશ સંભવિત યુએસ ભૂમિ હુમલા માટે તૈયાર છે અને યુએસ પ્રાદેશિક સાથીઓ સામે બદલો લેવાની ચેતવણી આપી છે. તેમણે વોશિંગ્ટન પર જાહેરમાં શાંતિ અને વાટાઘાટોની વાત કરવાનો આરોપ મૂક્યો જ્યારે ગુપ્ત રીતે ભૂમિ હુમલાની યોજના બનાવી રહ્યા છે.

બહેરીન અને યુએઈમાં એલ્યુમિનિયમ પ્લાન્ટને નિશાન બનાવતા ઈરાની મિસાઈલ અને ડ્રોન હુમલાઓ, કામદારોને ઘાયલ કર્યા અને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું. હોર્મુઝની સામુદ્રધુની નજીક ઈરાની બંદર શહેર પર યુએસ-ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા. ઉત્તરી તેહરાનમાં અનેક વિસ્ફોટો થયા, અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ધુમાડો નીકળ્યો. અલગથી, દક્ષિણ લેબનોન પર ઈઝરાયેલી હુમલામાં ત્રણ પત્રકારો અને નવ પેરામેડિક્સ માર્યા ગયા. દક્ષિણ લેબનોનમાં એક ઈઝરાયેલી સૈનિકનું મોત થયું, જેનાથી ૨ માર્ચથી ઈઝરાયેલી લશ્કરી જાનહાનિમાં કુલ પાંચ થયા.

યુનાઈટેડ સ્ટેટ્સે મધ્ય પૂર્વમાં વધારાના દળો તૈનાત કર્યા છે, જેમાં આશરે ૩,૫૦૦ કર્મચારીઓ સાથે યુએસએસ ત્રિપોલીનો સમાવેશ થાય છે. યમનના હુથીઓ મહિના સુધી ચાલેલા સંઘર્ષમાં જોડાયા છે, જેનાથી તેનો ભૌગોલિક વ્યાપ વધ્યો છે અને પ્રદેશમાં તણાવ વધ્યો છે.

એક સરહદી અધિકારીએ જણાવ્યું હતું કે, રવિવારે વહેલી સવારે ઈરાની બાજુ પર હવાઈ હુમલો થયા બાદ ઈરાનીઓ શાલમચા સરહદ દ્વારા દક્ષિણ ઈરાકમાં પ્રવેશ્યા, જેના કારણે વીજળીનો ટુંક સમય માટે કાપ મુકાયો અને વેપાર સ્થગિત થયો. એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, વીજળી પાછળથી પુનઃસ્થાપિત કરવામાં આવી હતી અને કામગીરી ફરી શરૂ કરવામાં આવી હતી, જો કે, ચાલુ યુદ્ધ દરમિયાન વિક્ષેપો વારંવાર બન્યા છે.

**ઈઝરાયેલે કહ્યું કે તેણે તેહરાનમાં મુખ્ય મિસાઈલ ઉત્પાદન સુવિધા પર હુમલો કર્યો**

ઈઝરાયેલી સૈન્યએ રવિવારે કહ્યું કે તેણે તેહરાનમાં એક મુખ્ય ઉત્પાદન સુવિધા પર રાતોરાત હુમલો કર્યો જેનો ઉપયોગ ઈરાનના સંરક્ષણ મંત્રાલય દ્વારા બેલિસ્ટિક મિસાઈલ માટે ઘટકો બનાવવા માટે કરવામાં આવતો હતો.

'ઈરાનમાં આ પ્રકારના બે સ્થળોમાંથી એક છે જ્યાં ઈઝરાયેલ રાજ્ય તરફ પ્રક્ષેપણ કરવા માટે સેટ કરાયેલ મિસાઈલોના એસેમ્બલી અને સંચાલન માટે મહત્વપૂર્ણ ઘટકો વિકસાવવામાં આવ્યા હતા,' સૈન્યએ જણાવ્યું.

આ હુમલાઓમાં બેલિસ્ટિક મિસાઈલ એન્જિન, ડ્રોન ઉત્પાદન, હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને મિસાઈલ સ્ટોરેજ સાથે જોડાયેલ સુવિધાઓને પણ નિશાન બનાવવામાં આવી હતી. ઈરાન તરફથી ચાલી રહેલા હુમલાઓ વચ્ચે બહેરીને તેના દરિયાકાંઠાનું રક્ષણ કરવા માટે 'આગળની સૂચના સુધી' દરિયાઈ પ્રતિબંધની જાહેરાત કરી છે.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, આ પ્રતિબંધ માછીમારી અને મનોરંજન જહાજો પર લાગુ પડે છે અને સ્થાનિક સમય મુજબ દરરોજ સાંજે ૬ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધી લાગુ કરવામાં આવશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, 'ઈરાની આક્રમકતા' અને નાગરિકો અને રહેવાસીઓની સલામતી માટે ઉભા થયેલા 'ગંભીર જોખમો' ને કારણે આ પગલાં લેવામાં આવ્યા છે.

તેણે 'તમામ દરિયાઈ મુસાફરોને તેમની સલામતી સુનિશ્ચિત કરવા અને કાનૂની જવાબદારી ટાળવા માટે દરિયાઈ પ્રતિબંધના સમયનું પાલન કરવા અને દરિયાકાંઠાની નજીક ન જવા' પણ વિનંતી કરી. દોહા-મુખ્ય મથક ધરાવતા ન્યૂઝ નેટવર્ક અલ અરેબી ટીવીએ તેહરાન ઓફિસ ધરાવતી ઈમારત પર હુમલાની ટીકા કરી હતી, કારણ કે ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન સામે હવાઈ અભિયાન ચાલુ રાખ્યું હતું. AFPને આપેલા નિવેદનમાં, ચેનલે કહ્યું કે તે 'નાગરિક વ્યાપારી ઈમારત પરના આ હુમલાની નિંદા કરે છે અને પુષ્ટિ આપે છે કે પત્રકારોને જોખમમાં મૂકવા અથવા તેમને લક્ષ્ય માનવા એ આંતરરાષ્ટ્રીય કાયદાની વિરૂદ્ધ છે'.

# 'બંગાળમાં કાયદો અને વ્યવસ્થાને નબળી પાડવાનો પ્રયાસ': મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાએ SIR પ્રક્રિયામાં મતદારોના નામ કાઢી નાખવાના મમતા બેનરજીના આરોપને સમર્થન આપ્યું

(એજન્સી) મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા હુસૈન દલવાઈએ રવિવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનું સમર્થન કર્યું, જેમણે ચૂંટણી પંચ પર મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં મતદારોના નામ કાઢી નાખવા માટે ભગવા પક્ષના ઈશારે કાર્ય કરવાનો આરોપ લગાવ્યો હતો. IANS સાથે વાત કરતા, દલવાઈએ કહ્યું કે જ્યાં પણ પ્રક્રિયા લાગુ કરવામાં આવી છે ત્યાં સમાન ચિંતાઓ નોંધાઈ છે, ઉમેર્યું કે પશ્ચિમ બંગાળમાં પરિસ્થિતિ વધુ ગંભીર લાગે છે, આરોપ લગાવ્યો




**કોંગ્રેસના નેતા હુસૈન દલવાઈએ મમતા બેનરજીના આરોપને સમર્થન આપ્યું કે, ચૂંટણી પંચ SIR કવાયત હેઠળ મતદારોના નામ કાઢી નાખવા માટે ભગવા પક્ષના ઈશારે કાર્ય કરી રહ્યું છે, 'મમતા બેનરજી દ્વારા કરવામાં આવેલા આરોપો સંપૂર્ણપણે સાચા છે,' દલવાઈએ કહ્યું; અમિત શાહે મમતા પર તેમના લઘુમતી મત બેંકને બચાવવા માટે SIRના મુદ્દાનું રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો**

કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને નબળી પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. શનિવારે, શાહે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ભાજપના પ્રચાર અભિયાનને વધુ તીવ્ર બનાવ્યું, ટીએમસી સરકાર વિરૂદ્ધ 'ચાર્જશીટ' બહાર પાડી અને ચૂંટણીને ફક્ત બંગાળ માટે જ નહીં, પરંતુ દેશની સુરક્ષા માટેની લડાઈ તરીકે રજૂ કરી. ચૂંટણી પંચના એસઆઈઆર કવાયતના વિરોધ બદલ સીએમ બેનરજી પર પ્રહાર કરતા શાહે તેમના પર ટીએમસીની 'લઘુમતી વોટ બેંક'ને બચાવવા માટે આક્રોશ પેદા કરવાનો આરોપ મૂક્યો. 'મતદાર યાદીઓનું વિશેષ સઘન સંશોધન (એસઆઈઆર) અન્ય રાજ્યોમાં પણ થયું છે, પરંતુ ક્યાંય તેને આવો મુદ્દો બનાવવામાં આવ્યો નથી. બંગાળમાં તેને ફક્ત એટલા માટે મુદ્દો બનાવવામાં આવ્યો છે કારણ કે મમતા બેનરજી તેમની વોટ બેંકનું રક્ષણ કરવા માંગે છે. ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓનો દુરુપયોગ કરવો એ બંગાળી સંસ્કૃતિનો ભાગ નથી,' શાહે કહ્યું.

# ચૂંટણી પહેલા વધુ બદલીઓ : બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા ECIએ ૮૩ BDO/AROની બદલીનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૨૯

ભારતીય ચૂંટણી પંચે આજે આગામી મહિને મુક્ત અને ન્યાયી વિધાનસભા ચૂંટણીઓ સુનિશ્ચિત કરવાના તેના ચાલુ પગલાંના ભાગરૂપે, મતદાન થનારા પશ્ચિમ બંગાળમાં ૮૩ બ્લોક ડેવલપમેન્ટ ઓફિસરો (BDO) અને સહાયક રિટર્નિંગ ઓફિસરો જે રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પણ છે. અધિકારી આ ચૂંટણી નંદીગ્રામ તેમજ ભવાનીપુર વિધાનસભા મતવિસ્તારથી લડી રહ્યા છે, જ્યાં તેઓ તૃણમૂલ કોંગ્રેસના મુખ્યમંત્રી મમતા બેનરજી સામે ચૂંટણી લડી રહ્યા છે. પૂર્વ મિદનાપુરમાં સૌથી વધુ બદલીઓ નોંધાઈ છે, જેમાં ૧૪ અધિકારીઓની બદલી કરવામાં હાવડા અને પશ્ચિમ બર્દવાન જિલ્લામાં એક-એક બીડીઓની બદલી કરવામાં આવી છે. ચૂંટણી કાર્યક્રમ જાહેર થયા પછી ચૂંટણી પંચ દ્વારા તબક્કાવાર વહીવટી સુધારાનો આ એક ભાગ છે. અગાઉના તબક્કામાં મુખ્ય સચિવ અને ગૃહ સચિવ જેવા ટોચના અમલદારો અને પોલીસ અધિકારીઓ, પોલીસ વહીવટમાં

**પૂર્વ મિદનાપુર જિલ્લાના રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ નંદીગ્રામ વિધાનસભા મતવિસ્તારમાં મુખ્ય ફેરફારો કરવામાં આવ્યા છે, આ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ હાલમાં સુવેન્દુ અધિકારી કરે છે, જે રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પણ છે**

(ARO)ની બદલીનો આદેશ આપ્યો છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય દ્વારા મુખ્ય સચિવ દુષ્યંત નારિયલાને મોકલવામાં આવેલા સત્તાવાર સંદેશાવ્યવહાર અનુસાર, આ ફેરબદલમાં અનેક જિલ્લાઓના અધિકારીઓનો સમાવેશ થાય છે. પૂર્વ મિદનાપુર જિલ્લાના રાજકીય રીતે મહત્વપૂર્ણ નંદીગ્રામ વિધાનસભા મતવિસ્તારમાં મુખ્ય ફેરફારો કરવામાં આવ્યા છે. આ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ હાલમાં સુવેન્દુ અધિકારી કરે છે, આવી છે. અસરગ્રસ્ત અન્ય જિલ્લાઓમાં દક્ષિણ ૨૪ પરગણા (૧૧), ઉત્તર ૨૪ પરગણા અને પૂર્વ બર્દવાન (સાત-સાત) અને માલદા અને બીરભૂમ (છ-છ)નો સમાવેશ થાય છે. ઉપરાંત, જલપાઈગુડી જિલ્લામાં ચાર બીડીઓ/એઆરઓ, કૂચ બિહાર જિલ્લામાં ત્રણ, નાદિયા જિલ્લામાં પાંચ, મુર્શિદાબાદ અને હુગલીમાં ચાર-ચાર, પશ્ચિમ મિદનાપુરમાં બે, બીરભૂમમાં છ, બાંકુરામાં ચાર, પુરુલિયામાં ત્રણ અને ઉત્તર દિનાજપુર, દક્ષિણ દિનાજપુર, ડિરેક્ટર જનરલો અને ડેપ્યુટી કમિશનરો સહિત વરિષ્ઠ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા સ્તરે પણ ફેરફાર કરવામાં આવ્યા હતા. વર્તમાન તબક્કામાં બીડીઓ અને એઆરઓ જેવા પાયાના સ્તરના અધિકારીઓને લક્ષ્ય બનાવવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલના રોજ બે તબક્કામાં યોજાશે. મતગણતરી ૪ મેના રોજ યોજાશે.

# 'ઈરાન સામે ઈઝરાયેલ અને અમેરિકાના યુદ્ધ તેમજ યુક્રેન પર રશિયાના યુદ્ધ માટે આપણે બધા ઊંચી કિંમત ચૂકવી રહ્યા છીએ' : પોલેન્ડના વડાપ્રધાન

(એજન્સી) તા.૨૯

પોલિશ વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કે શનિવારે ઈરાન અને યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષોના ગંભીર વૈશ્વિક પરિણામો પર પ્રકાશ પાડ્યો, ચેતવણી આપી કે વિશ્વ આ યુદ્ધો માટે ભારે કિંમત ચૂકવી રહ્યું છે. "આપણે બધા ઈઝરાયલ અને અમેરિકાના ઈરાન સામેના યુદ્ધ તેમજ યુક્રેન પર રશિયાના યુદ્ધ માટે ઊંચી કિંમત ચૂકવી રહ્યા છીએ. ફક્ત ગેસ સ્ટેશન પર જ નહીં," ટસ્કે X પર પોસ્ટ કરી. તેમણે ભાર મૂક્યો કે આ સંઘર્ષો વધતા બળતણના ખર્ચ ઉપરાંત દૂરગામી આર્થિક અને સુરક્ષા અસરો ધરાવે છે, જે વૈશ્વિક સ્થિરતા, બજારો અને રોજિંદા જીવનને અસર કરે છે. ટસ્કે ખાતરી આપી કે પોલેન્ડ સુરક્ષા બાબતો પર મજબૂત રાષ્ટ્રીય એકતા દ્વારા સમર્થિત મજબૂત છતાં જવાબદાર પગલાં દ્વારા કટોકટીનો સામનો કરી રહ્યું છે. યુએસ અને ઈઝરાયેલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન સામે હવાઈ હુમલો શરૂ કર્યો, જેના પરિણામે સુપ્રીમ લીડર અલી ખામેની સહિત ૧,૩૪૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા. જવાબમાં, ઈરાને ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલાઓ શરૂ કર્યા, તેમજ જોર્ડન, ઈરાક અને ગલ્ફ દેશોમાં યુએસ બેઝ ધરાવતા સ્થળો પર હુમલો કર્યો. આ હડતાળથી જાનહાનિ થઈ છે, માળખાગત સુવિધાઓને નુકસાન થયું છે, આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન ખોરવાઈ ગયું છે અને વૈશ્વિક ઉર્જા બજારોમાં અસ્થિરતા આવી છે.

# યુએસ-ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ : ઈરાને યુએસએસ અબ્રાહમ લિંકન પર હુમલાની ચેતવણી આપી, હોર્મુઝ સ્ટ્રેટ પર સંપૂર્ણ નિયંત્રણનો દાવો કર્યો

**યુનાઈટેડ સ્ટેટ્સે આ હુમલા માટે ઈરાન સમર્થિત લશ્કરોને દોષી ઠેરવ્યા, જ્યારે ઈરાને આરોપ લગાવ્યો કે તે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા હત્યા કરવાનો સંયુક્ત પ્રયાસ હતો**

(એજન્સી) તા.૨૯

૨૮ ફેબ્રુઆરી પછી અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ, જે ઝડપથી વધ્યો હતો, તે ઓછો થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યો નથી, સમગ્ર પશ્ચિમ એશિયામાં તણાવ વધી રહ્યો છે અને વ્યાપક પ્રાદેશિક યુદ્ધની આશંકા વધી રહી છે. શનિવારે કુર્દીસ્તાન પ્રદેશના પ્રમુખ નેચિરવાન બર્ઝાનીના નિવાસસ્થાનને લક્ષ્ય બનાવતા ડ્રોન હુમલાથી વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે નવો શબ્દયુદ્ધ શરૂ થયો છે. યુનાઈટેડ સ્ટેટ્સે આ હુમલા માટે ઈરાન સમર્થિત લશ્કરોને દોષી ઠેરવ્યા, જ્યારે ઈરાને આરોપ લગાવ્યો કે તે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા હત્યા કરવાનો સંયુક્ત પ્રયાસ હતો. યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાકી કુર્દીસ્તાન ક્ષેત્રના રાષ્ટ્રપતિના ખાનગી નિવાસસ્થાન પર હુમલાની નિંદા કરી છે. યુનાઈટેડ સ્ટેટ્સે હુમલા માટે ઈરાન સમર્થિત લશ્કરોને દોષી ઠેરવ્યા છે. 'યુનાઈટેડ સ્ટેટ્સ ઈરાકમાં ઈરાનના આતંકવાદી લશ્કરી જૂથ દ્વારા ઈરાકી કુર્દીસ્તાન પ્રદેશના પ્રમુખ નેચિરવાન બર્ઝાનીના ખાનગી નિવાસસ્થાન પર કરવામાં આવેલા ઘૃણાસ્પદ આતંકવાદી હુમલાઓની સ્પષ્ટ અને જોરદાર નિંદા કરે છે. ઈરાન અને તેના પ્રોક્સીઓ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી ઈરાકની સાર્વભૌમત્વ, સ્થિરતા અને એકતા પર સીધો હુમલો છે. અમે ઈરાકી કુર્દીસ્તાન પ્રદેશ અને સમગ્ર ઈરાકમાં ઈરાન અને તેના આતંકવાદી જૂથો દ્વારા કરવામાં આવેલા અંધાધૂંધ અને કાયર આતંકવાદી કૃત્યોને સ્પષ્ટપણે નકારી કાઢીએ છીએ,' નિવેદનમાં કહેવામાં આવ્યું છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે આ હુમલાની નિંદા કરી, તેને 'આતંકવાદનું સ્પષ્ટ કૃત્ય' ગણાવ્યું અને 'આક્રમક દુશ્મનો' પર તેનું આયોજન કરવાનો આરોપ મૂક્યો. પ્રેસ ટીવી દ્વારા અહેવાલ કરાયેલા એક નિવેદનમાં, IRGC એ જણાવ્યું હતું કે આ હુમલો 'કાયર હત્યાઓ'ના નમૂનાને પ્રતિબિંબિત કરે છે જેનો હેતુ પ્રદેશને અસ્થિર કરવા અને કુર્દીસ્તાન પ્રદેશ અને પડોશી દેશો વચ્ચેના સંબંધોને નુકસાન પહોંચાડવાનો છે.

# ઈરાન યુદ્ધને કારણે મેડિકલ ટુરિઝમમાં ૪૦ ટકાનો ઘટાડો

**પશ્ચિમ એશિયાથી આવતા દર્દીઓમાં ૭૫% ઘટાડો નોંધાયા બાદ, દેશની તેજીમાં રહેલી મુખ્ય હેલ્થકેર ચેઈન નવા બજારો તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ભારતના તેજીમાં રહેલા મેડિકલ ટુરિઝમ ક્ષેત્રને ભારે ફટકો પડ્યો છે. ઉદ્યોગ અહેવાલો દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય દર્દીઓની મુલાકાતોમાં ૩૦ થી ૪૦%નો ઘટાડો થયો છે અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર, મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક અને તેલંગાણા જેવા મુખ્ય મેડિકલ હબમાં મેડિકલ ટુરિઝમ-સંકળાયેલ આવકમાં પણ સમાન ઘટાડો થયો છે. ઉદ્યોગના આંતરિક સૂત્રો કહે છે કે છેલ્લા બે અઠવાડિયામાં, આ ઘટાડો ઝડપથી વધી રહ્યો છે અને વિદેશી દર્દીઓના પ્રવાહમાં ૫૦-૭૫%નો ઘટાડો થયો છે. કેટલીક હેલ્થકેર ચેઈનોએ પશ્ચિમ એશિયાથી આવતા દર્દીઓમાં ૭૫%નો ઘટાડો નોંધાવ્યો છે. "આનો અર્થ એ છે કે સમગ્ર ક્ષેત્રમાં માસિક આવકમાં ૧૫-૨૦% ઘટાડો થયો છે, કેટલીક સુવિધાઓમાં લગભગ ૩૫% ઘટાડો થયો છે. દિલ્હીની કેટલીક હોસ્પિટલોમાં મેડિકલ ટુરિઝમ સાથે જોડાયેલી આવકમાં ૩૦-૪૦%નો ઘટાડો થયો છે," સર્વિસીસ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ડિરેક્ટર જનરલ ડૉ. અભય સિંહાએ જણાવ્યું હતું, જે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા ભારતના સેવા ક્ષેત્ર માટે વૈશ્વિક વ્યવસાયિક તકોને સરળ બનાવવા માટે રચાયેલી સંસ્થા છે. ચાલુ યુદ્ધની લાંબા ગાળાની અસર અંગે ચિંતિત, ઘણી હોસ્પિટલ ચેન હવે નવા બજારો શોધી રહી છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે હોસ્પિટલો પશ્ચિમ એશિયાથી પોતાનું ધ્યાન ખસેડી રહી છે, જે આંતરરાષ્ટ્રીય દર્દી બજારનો ૧૮-૩૦% હિસ્સો ધરાવે છે, તે દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા (ઈન્ડોનેશિયા, શ્રીલંકા), આફ્રિકા (નાઈજીરીયા, કેન્યા અને મોરેશિયસ) અને મધ્ય એશિયા જેવા પ્રદેશો તરફ છે. નિષ્ણાતો માને છે કે ફ્લાઈટ રદ થવાથી પશ્ચિમ એશિયાના દર્દીઓ સૌથી વધુ પ્રભાવિત થયા છે અને જ્યારે કેટલાક ક્ષેત્રો હવાઈ મુસાફરી માટે ખુલ્યા છે, ત્યારે પણ હવાઈ ભાડામાં ૧૫-૨૫%નો વધારો થયો છે, જે ભારતના ઉદ્યોગને અસર કરે છે. વધુમાં, પ્લાસ્ટિક સર્જરી, વૃદ્ધાવસ્થા, ઓર્થોપેડિક્સ અને પ્રજનનક્ષમતા જેવા વૈકલ્પિક-પ્રક્રિયા વિભાગોમાં અસર અનુભવાઈ છે.

# તેહરાનની યુનિવર્સિટી પર બોમ્બમારો, ઈરાને ખાડી દેશોમાં જવાબી કાર્યવાહીની આપી ધમકી

(એજન્સી) તેહરાન, તા.૨૯

ઈરાનની રાજધાની તેહરાનમાં આવેલી પ્રતિષ્ઠિત 'ઈરાન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી' (IUST) પર શુક્રવારે વહેલી સવારે ઈઝરાયેલ દ્વારા હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો. ૨૭ માર્ચના રોજ સ્થાનિક સમય મુજબ રાત્રે ૨:૩૦ વાગ્યે થયેલા આ હુમલા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. આંતરરાષ્ટ્રીય માનવીય કાયદા મુજબ શૈક્ષણિક સંસ્થાઓ નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેઠળ આવે છે, જેને સૈન્ય હુમલાનું નિશાન બનાવી શકાય નહીં. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ આ હુમલા અંગે આકરી પ્રતિક્રિયા આપતા અમેરિકાને અલ્ટીમેટમ આપ્યું છે. IRGCએ માંગ કરી છે કે જો અમેરિકા આ ક્ષેત્રમાં તેની યુનિવર્સિટીઓને સુરક્ષિત રાખવા માંગતું હોય, તો તેણે સોમવારે (૩૦ માર્ચ) બપોરે ૧૨ વાગ્યા સુધીમાં આ બોમ્બમારાની સત્તાવાર નિંદા કરવી પડશે. જો તેમ નહીં કરવામાં આવે તો ખાડી દેશોમાં આવેલી અમેરિકન યુનિવર્સિટીઓના કેમ્પસ પર જવાબી હુમલા કરવાની ધમકી આપવામાં આવી છે. ઈરાને ચેતવણી આપી છે કે પશ્ચિમ એશિયાની બે યુનિવર્સિટીઓને તો ગમે તે સંજોગોમાં નષ્ટ કરવામાં આવશે. ઈરાનનો



દાવો છે કે ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ઈઝરાયેલ અને અમેરિકાએ ૬૦૦ શાળાઓ અને ૨૯૦ આરોગ્ય કેન્દ્રોને નિશાન બનાવ્યા છે. ઈરાની સત્તાવાળાઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે તેમણે અત્યાર સુધી માત્ર સૈન્ય ઠેકાણાઓ, રડાર સ્થાપનો અને વ્યૂહાત્મક માળખાઓ પર જ સચોટ હુમલા કર્યા છે અને ક્યારેય હોસ્પિટલ કે શાળાઓને નુકસાન પહોંચાડ્યું નથી. બીજી તરફ, અમેરિકી મીડિયા અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે આ યુનિવર્સિટીઓમાં IRGC સાથે જોડાયેલી મિસાઈલ અને ડ્રોન સંશોધન લેબોરેટરીઓ કાર્યરત હતી.

# ઈરાનનો દાવો છે કે, યુએસના AWACS વિમાનને નિશાન બનાવવામાં આવ્યું

(એજન્સી) તહેરાન, તા.૨૯

ઈરાને સાઉદી અરેબિયામાં યુએસ એરબેઝ પર બદલો લેવા માટે મિસાઈલ અને ડ્રોન હુમલા દરમિયાન યુએસ વિમાનને નોંધપાત્ર નુકસાન પહોંચાડવાનો દાવો કર્યો છે. અહેવાલો અનુસાર, આ હુમલા પ્રિન્સ સુલતાન એર બેઝ પર થયા હતા, જ્યાં હવે નાશ પામેલા E-3 AWACS કમાન્ડ અને કંટ્રોલ એરક્રાફ્ટ અન્ય યુએસ લશ્કરી સાધનો સાથે તૈનાત હતા. ઈરાનના પ્રેસ ટીવી દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ફોટામાં વિમાનના મુખ્ય ભાગને નુકસાન થયું છે, ફક્ત તેના આગળના અને પાછળના ભાગો અકબંધ છે. અહેવાલ છે કે હુમલામાં છ બેલિસ્ટિક મિસાઈલ અને ૨૯ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ઈરાને યુએસને ચેતવણી આપી છે : 'નર્કમાં આપનું સ્વાગત છે !' :** ઈરાને યુએસને કડક ચેતવણી આપી છે. જો યુએસ ઈરાનમાં સૈનિકો ઉતારવાની તૈયારી કરી રહ્યું છે, તો ઈરાન કહી રહ્યું છે, 'અમે તમારી રાહ જોઈ રહ્યા છીએ.' ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પર આ પોસ્ટ કરી, જેમાં તેહરાન ટાઈમ્સના ફ્રન્ટ પેજનો સ્ક્રીનશોટ શેર કરવામાં આવ્યો, જેનું શીર્ષક 'હેલમાં આપનું સ્વાગત છે'. અખબારે વધુમાં ચેતવણી આપી છે કે જો યુએસ સૈનિકો ઈરાની ધરતી પર પગ મૂકશે, તો તેઓ શબપેટીઓમાં પાછા ફરશે. મતલબ કે, તેઓ જીવતા પાછા નહીં ફરે. ઈરાની અધિકારીઓ કહે છે કે તેમની સેના સંપૂર્ણપણે તૈયાર છે અને કોઈપણ હુમલાનો સખત જવાબ આપશે. બંને દેશો વચ્ચે તણાવ ઝડપથી વધી રહ્યો છે.

**ઈરાને ગલ્ફ દેશોને ચેતવણી આપી છે : દુશ્મનોને યુદ્ધ કરવા ન દો :** ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને ગલ્ફ દેશોને કડક ચેતવણી આપતા કહ્યું છે કે જો તેઓ વિકાસ અને સુરક્ષા ઈચ્છતા હોય, તો તેમણે અમેરિકા અને ઈઝરાયેલ જેવા દુશ્મનોને તેમની ધરતી પરથી ઈરાન સામે યુદ્ધ કરવા ન દેવા જોઈએ. રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું છે, 'અમે ઘણી વાર કહ્યું છે કે ઈરાન પહેલા હુમલો કરતું નથી, પરંતુ જો આપણા માળખાગત સુવિધાઓ અથવા આર્થિક કેન્દ્રો પર હુમલો કરવામાં આવશે, તો અમે ખૂબ જ મજબૂત જવાબ આપીશું.' તેમણે પ્રદેશના દેશોને અપીલ કરી, 'જો તમે વિકાસ અને સુરક્ષા ઈચ્છતા હો, તો આપણા દુશ્મનોને તમારા પ્રદેશમાંથી યુદ્ધ કરવા ન દો.' ઈરાન અને અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે લગભગ એક મહિનાથી ચાલી રહેલા યુદ્ધ બાદ આ ચેતવણી આપવામાં આવી છે. ઈરાન કહે છે કે તે તેના પડોશીઓ સાથે કોઈ સંઘર્ષ ઈચ્છતો નથી, પરંતુ જો તેની જમીન અથવા હવાઈ ક્ષેત્રનો ઉપયોગ યુએસ-ઈઝરાયેલી હુમલાઓ માટે કરવામાં આવશે, તો આખો પ્રદેશ અસ્થિર થઈ જશે.

**ઈઝરાયેલ ઈરાનના નૌકા સંશોધન કેન્દ્ર પર હુમલો કરે છે :** ઈરાનમાં ભૂમિ લશ્કરી કાર્યવાહી માટે અમેરિકા તૈયારી કરી રહ્યું હતું ત્યારે તેહરાનમાં અનેક વિસ્ફોટો સંભળાયા હતા. ઈઝરાયલી સૈન્યએ કહ્યું કે તેણે ઈરાનના નૌકા શસ્ત્ર સંશોધન કેન્દ્ર પર હુમલો કર્યો છે. યમનના હુતી બળવાખોરોએ ઈઝરાયેલ તરફ મિસાઈલ છોડીને પશ્ચિમ એશિયાઈ સંઘર્ષમાં પ્રવેશવાની જાહેરાત કર્યા પછી તેહરાન પર આ નવા હુમલા કરવામાં આવ્યા છે. ઈરાનના યમનના સાથીઓ દ્વારા કરવામાં આવેલી આ દખલગીરી હવે લાલ સમુદ્રમાં શિપિંગને વિક્ષેપિત કરવાનો ભય છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે ઈરાનની અર્થવ્યવસ્થા પહેલાથી જ નોંધપાત્ર આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહી છે. આ નવી સમસ્યા તેને વધુ ખરાબ કરી શકે છે.

**ઈરાનના હોર્મોઝગન હુમલામાં પાંચ લોકોના મોત : રિપોર્ટ :** ફાર્સ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, હોર્મોઝગન પ્રાંતના બંદર-એ ખામીરમાં એક થાંભલા પર યુએસ-ઈઝરાયેલી હુમલામાં પાંચ લોકો માર્યા ગયા અને ચાર અન્ય ઘાયલ થયા. એજન્સીએ જણાવ્યું હતું કે આ હુમલામાં બે જહાજો અને એક વાહનને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના કારણે નુકસાન થયું હતું.

**પેન્ટાગોન ભૂમિ લશ્કરી કાર્યવાહીની તૈયારી કરી રહ્યું છે :** યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ, પેન્ટાગોન, ઈરાનમાં ભૂમિ લશ્કરી કાર્યવાહીની યોજના બનાવી રહ્યું છે જે ઘણા અઠવાડિયા સુધી ચાલી શકે છે. આમાં ખાર્ગ ટાપુ અને હોર્મોઝ સ્ટ્રેટ નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાં દરોડાનો સમાવેશ થઈ શકે છે. જો કે, વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હજુ સુધી કોઈપણ સૈનિકોની તૈનાતીને અધિકૃત કરી નથી.

વોશિંગ્ટન પોસ્ટે, અનામી અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો કે કોઈપણ ભૂમિ કાર્યવાહી સંપૂર્ણ પાયે આક્રમણ નહીં હોય. તેના બદલે, ખાસ કમાન્ડો દળો અને સામાન્ય પાયદળ દ્વારા નાના દરોડા પાડવામાં આવશે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ શુક્રવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે યુએસ ભૂમિ સૈનિકો વિના તેના બધા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરી શકે છે, પરંતુ ધ પોસ્ટે અહેવાલ આપ્યો કે આયોજન ખૂબ આગળ છે. પોસ્ટ અનુસાર, એક અધિકારીએ કહ્યું, 'આ છેલ્લી ઘડીની યોજના નથી.'

**કુવૈત મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો જવાબ આપી રહ્યું છે**

કુવૈતની સેનાએ રવિવારે કહ્યું કે તે દુશ્મન મિસાઈલ અને ડ્રોન ધમકીઓનો જવાબ આપી રહી છે. કુવૈત સશસ્ત્ર દળોના જનરલ સ્ટાફે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'અમે પુષ્ટિ કરીએ છીએ કે કોઈપણ વિસ્ફોટ દુશ્મનના લક્ષ્યોને અટકાવતી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓનું પરિણામ છે.' આ ઘટના શનિવારે કુવૈત આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ડ્રોન હુમલા પછી આવી છે. દેશની નાગરિક ઉડ્ડયન સત્તામંડળને ટાંકીને, રાજ્ય સમાચાર એજન્સી KUNAએ અહેવાલ આપ્યો છે કે હુમલાઓએ એરપોર્ટની રડાર સિસ્ટમને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું હતું, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. સત્તામંડળના પ્રવક્તાએ પાછળથી કહ્યું કે આ હુમલાઓ ઈરાન, તેના સાથીઓ અને તેના દ્વારા સમર્થિત સશસ્ત્ર જૂથો દ્વારા કરવામાં આવ્યા હતા.

**લેબનોનમાં ઈઝરાયેલી હુમલામાં ત્રણ પત્રકારોના મોત :** દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલી હવાઈ હુમલો ઈઝરાયેલ અને હિઝબુલ્લા વચ્ચેના તાજેતરના યુદ્ધનું રિપોર્ટિંગ કરતી વખતે ઈઝરાયેલ-હિઝબુલ્લા સંઘર્ષમાં ત્રણ પત્રકારો માર્યા ગયા હતા, એમ તેમના ટીવી ચેનલો અનુસાર. હિઝબુલ્લાહના અલ-મનાર ટીવીએ અહેવાલ આપ્યો હતો કે તેના લાંબા સમયથી સંવાદદાતા અલી શોએબનું શનિવારે દક્ષિણ લેબનોનમાં મૃત્યુ થયું હતું. ઈઝરાયલી સૈન્યએ કહ્યું હતું કે તેણે શોએબને નિશાન બનાવ્યો હતો અને કોઈ પુરાવા આપ્યા વિના તેના પર હિઝબુલ્લાહ ગુપ્તચર એજન્ટ હોવાનો આરોપ લગાવ્યો હતો.

### વડાપ્રધાન મોદીના ગુજરાત પ્રવાસમાં વિકાસ કાર્યોની શ્રૃંખલા !

# સાણંદમાં સેમિકન્ડક્ટર OSATનું ઉદ્‌ઘાટન ૩૮,૦૦૦ કરતાં વધુ આવાસોનું કરશે લોકાર્પણ

### ‘‘રાણી કી વાવ, વડનગર અને બાલારામ’’માં વિવિધ પ્રવાસન પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૯

વડાપ્રધાન મોદીના પ્રવાસ દરમ્યાન એક પછી એક શ્રેણીબદ્ધ વિકાસ કાર્યોની યાદી વધતી જઈ રહી છે વડાપ્રધાન સાણંદમાં સેમીકન્ડક્ટર OSAT પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવા સાથે ૩૮,૦૦૦થી વધુ આવાસોનું લોકાર્પણ કરશે અને પ્રવાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત પણ કરશે. ઘરવિહોણા અને કાચા મકાનો ધરાવતા પરિવારોને જીવન આપવા માટેની કેન્દ્ર સરકારની મહત્ત્વકાંક્ષી યોજના એવી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અન્વયે નવનિર્મિત ૩૮,૯૪૯ આવાસાનો રાજ્યવ્યાપી લોકાર્પણ આગામી તા.૩૧ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે. અંદાજે રૂા.૬૫૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ આવાસો ગરીબ પરિવારોના જીવનમાં નવો સૂરજ લાવશે. રાજ્યમાં ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં સૌથી વધુ ૧,૨૦,૩૮૧ આવાસોનું નિર્માણ કરીને લાભાર્થીઓને રૂા.૧૦૩૭.૮૪ કરોડની સહાય તેમજ ૧૦૦ ટકા રાજ્ય ફાળા હેઠળ રૂા.૪૭૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. PMAY-G હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારના ૬૦:૪૦ના હિસ્સા સાથે લાભાર્થીને કુલ રૂા.૧.૨૦ લાખની તબક્કાવાર સહાય આપવામાં આવે છે. રૂફ-કાસ્ટ લેવલે ૧૦૦ ટકા રાજ્ય ફાળા હેઠળ રૂા.૫૦ હજારની વધારાની સહાય આપવામાં આવે છે. વધુમાં પ્રથમ હપ્તો મળ્યાના ૬ માસમાં આવાસ પૂર્ણ કરનારને રૂા.૨૦ હજારની પ્રોત્સાહક સહાય અને મહિલા સભ્યોની સુવિધા માટે બાથરૂમ બાંધકામ માટે વધારાના રૂા.૫ હજારની સહાય આપવામાં આવે છે. વધુમાં લાભાર્થીઓને મનરેગા હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે રૂા.૨૫,૯૨૦ અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ શૌચાલય માટે રૂા.૧૨ હજારની સહાય પણ મળવાપાત્ર છે.

આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ રાજ્યમાં વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૪-૨૫ સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ ૮,૩૮,૩૯૬ આવાસનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો, જે પૈકી ૮,૨૯,૨૨૧ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૬,૯૨,૫૫૪ પરિવારોએ પોતાના સપનાના ઘરનું નિર્માણ પૂર્ણ કર્યું છે. જેમાં કુલ રૂા.૯,૦૮૩.૬૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદી વાવ-થરાદની મુલાકાત દરમિયાન ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વધુ નવી ઊંચાઈ પર લઈ જવા રાણી કી વાવ, વડનગર અને બાલારામમાં કુલ રૂા.૬૭ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરશે. આ મુલાકાત વિશેષ એટલા માટે છે કારણ કે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬ને ‘ગુજરાત પ્રવાસન વર્ષ’ તરીકે જાહેર કર્યું છે, જેનો ઉદ્દેશ્ય ગુજરાતને સ્થાનિક અને વૈશ્વિક સ્તરે પ્રવાસનનું શ્રેષ્ઠ સ્થળ બનાવવાનો છે. પાટણ ખાતે આવેલી અને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ધરાવતી ‘રાણી કી વાવ’ હવે પ્રવાસીઓ માટે એક નવું આકર્ષણ બનશે. અહીં આશરે રૂા.૧૮ કરોડના ખર્ચે અત્યાધુનિક લાઈટ એન્ડ સાઉન્ડ શો તથા પ્રોજેક્શન મેપિંગ વિકસાવવામાં આવ્યું છે. આ સાથે ઐતિહાસિક નગરી વડનગર જ્યાં ઈતિહાસ માત્ર પુસ્તકોના પાનાઓમાં જ સીમિત નથી પરંતુ દરેક શેરીઓમાં જીવંત અનુભવાય છે, ત્યાં પણ વિકાસની નવી લહેર જોવા મળી રહી છે. વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે અંદાજિત રૂા.૨૫ કરોડના ખર્ચે વોટર સ્ક્રીન પ્રોજેક્શન શો વિકસાવવામાં આવ્યો છે. આ પ્રદર્શન આપણા પૂર્વજોની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને એન્જિનિયરિંગ કુશળતાનો એક ગૌરવપૂર્ણ અનુભવ પૂરો પાડશે. આ પ્રકલ્પોનું વડાપ્રધાનના હસ્તે વાવ- થરાદથી ઈ-લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લામાં આવેલું બાલારામ પ્રાચીન ઈતિહાસ, આધ્યાત્મિકતા અને કુદરતી સૌંદર્યનું અનોખું સંગમ છે. અહીં તથા નજીક આવેલા વિશ્વેશ્વર મહાદેવ સ્થળોના સર્વાંગી વિકાસ માટે આશરે રૂા.૨૫ કરોડના ખર્ચે વિવિધ સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. ઘાટ, ફૂડ કિયોસ્ક, પાર્કિંગ, પ્રવેશ દ્વાર, માર્ગ વ્યવસ્થા, ગઝીબો અને અન્ય જરૂરી સુવિધાઓના વિકાસથી આ વિસ્તારને એક સંકલિત આધ્યાત્મિક અને પ્રાકૃતિક પ્રવાસન ગંતવ્ય તરીકે વિકસાવવામાં આવશે.

૩૧ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાણંદમાં કેન્સ (Kaynes) સેમિકોનની OSAT સુવિધાનો પ્રારંભ કરાવશે. ભારતના સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત આ પ્રોજેક્ટને કેન્દ્રીય કેબિનેટ દ્વારા ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪માં મંજૂરી આપવામાં આવી હતી. રૂા.૩૩૦૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ શરૂ થવાથી સાણંદમાં સમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે. રાજ્યમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસ માટે ખૂબ ઝડપથી કામગીરી થઈ રહી છે. માઈક્રોન પ્લાન્ટ પ્રારંભ બાદ કેન્સ સેમિકોનની OSAT સુવિધા શરૂ થવાથી સ્થાનિક આર્થિક વિકાસને વધુ વેગ મળશે. OSAT એટલે કે આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી ટેસ્ટ પ્લાન્ટમાં ચીપનું ટેસ્ટિંગ અને પેકેજિંગ કરીને તેને માર્કેટમાં પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. એક અંદાજ અનુસાર ૩૧ માર્ચે શરૂ થનાર આ પ્લાન્ટમાં દિવસની ૬૦ લાખ ચિપ્સ બનશે. ખૂબ જ ટૂંકા સમયગાળામાં સાણંદના ઔદ્યોગિક વિકાસમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે. માઈક્રોન ટેક્નોલોજી, કેન્સ સેમિકોન સાથે સીજી સેમિ દ્વારા પણ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવી રહ્યો છે. એક સમયે ઓટોમોબાઈલ હબ તરીકે જાણીતું સાણંદ હવે ભારતના પ્રથમ ચિપ પેકેજિંગ ક્લસ્ટર અને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે. તાઈવાનમાં સિંશુ શહેર અને દક્ષિણ કોરિયાના ગ્યોંગી શહેરની જેમ ભારતમાં સેમિકન્ડક્ટર હબ તરીકે સાણંદનો વિકાસ થઈ રહ્યો છે.

### છેલ્લા લાંબા સમયથી રાહ જોતા ભરતીના ઉમેદવારોને રાહત

# રાજ્યમાં PSIની ભરતી પરીક્ષા અંગેના કોલલેટર ૧૩ એપ્રિલે થશે જાહેર

### બપોરે બે વાગ્યાથી લેટર ડાઉનલોડ કરી શકાશે : ૧૯મીએ પરીક્ષા

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં છેલ્લા લાંબા સમયથી ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પીએસઆઈની જગ્યા ભરવા જાહેરાત આપી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. અગાઉની જાહેરાતની ભરતી પ્રક્રિયામાં પણ ખાસ્સો વિલંબ થયા બાદ આ વખતે પણ સમય લંબાતા યુવાનોમાં નારાજગી પણ જોવા મળી રહી છે. ત્યારે હવે બોર્ડ દ્વારા કરાયેલી જાહેરાત તેઓ માટે રાહતપૂર્ણ છે.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSI (પોલીસ સબ ઈન્સ્પેક્ટર) કેડરની ભરતી માટે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જાહેરખબર ક્રમાંક GPRB/202526/1 મુજબ આવનારી લેખિત પરીક્ષા અંગે મહત્વની માહિતી જાહેર કરાઈ છે. પો.સ.ઈ. કેડરની પેપર-૧ અને પેપર-૨ની લેખિત પરીક્ષા તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬, રવિવારના રોજ યોજાનાર છે. પરીક્ષા માટેના કોલલેટર ઉમેદવારો ૧૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી સત્તાવાર વેબસાઈટ ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે કે, તેઓ સમયસર પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી લે અને તેમાં દર્શાવેલ સૂચનાઓનું પાલન કરે. કોલલેટર વગર પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં એમ બોર્ડ દ્વારા જાહેર કરાયું છે.

જાહેર કરાયેલ સૂચના મુજબ આ ઉપરાંત ઉમેદવારોને પરીક્ષા દિવસ પહેલા પોતાનું પરીક્ષા કેન્દ્ર, સમય અને જરૂરી દસ્તાવેજોની પુષ્ટિ કરી લેવા પણ સૂચના આપવામાં આવી છે. ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે બોર્ડ દ્વારા તમામ માહિતી ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ઉમેદવારોને સત્તાવાર વેબસાઈટ પર જ વિશ્વાસ રાખવા અને અફવાઓથી દૂર રહેવા પણ અપીલ કરવામાં આવી છે.

આમ હવે આગામી સમયમાં જ ભરતી બોર્ડ દ્વારા પો.સ.ઈ. ભરતી પ્રક્રિયામાં કંઈક અંશે વેગ આવે તેમ હાલ પૂરતું તો જણાઈ રહ્યું છે. બોર્ડની જારી કરાયેલી આ સૂચનાઓએ લઈને રાહ જોતા યુવાનામાં રાહતની લાગણી છવાઈ જવા પામી છે.

# ખાખી પર હુમલો કરનારા ટોળા સામે તંત્રની લાલ આંખ : ૧૭થી વધુની ધરપકડ, મુખ્ય બુટલેગર ફરાર

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૯

અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને ખુલ્લો પડકાર આપી પોલીસકર્મીને માર મારવાના ચોંકાવનારા બનાવથી સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચ્યો હતો ત્યારે આ મામલે તંત્રએ આરોપીઓ સામે લાલ આંખ કરી છે. અમદાવાદ ગ્રામ્યના નળ સરોવર પોલીસ મથક હેઠળ આવતા ધરજી ગામે દારૂના દરોડા દરમિયાન પોલીસ ટીમ પર થયેલા હિંસક હુમલાની ઘટના બાદ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી ૧૭થી વધુ લોકોની ધરપકડ કરી છે, જોકે મુખ્ય બુટલેગર હજુ પણ પોલીસ પકડથી દૂર છે.

#### પોલીસ જવાનો દ્વારા ધરજી ગામે મેગા કોમ્બિંગ

પ્રાપ્ત માહિતી અનુસાર, ઘટનાની ગંભીરતાને જોતા અમદાવાદ રૂરલ પોલીસ દ્વારા વિરમગામ ડિવિઝનમાં છેલ્લા બે દિવસથી સર્ચ ઓપરેશન અને કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. DySP તપનસિંહ ડોડિયાના માર્ગદર્શન હેઠળ અંદાજે ૬૦ જેટલા પોલીસ કર્મચારીઓના કાફલાએ ધરજી ગામ અને આસપાસના વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન હુમલામાં સંડોવાયેલા અને પોલીસની ફરજમાં રુકાવટ ઊભી કરનાર ૧૭થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. નળ સરોવર પોલીસને બાતમી મળી હતી કે ધરજી ગામે મોટા પાયે દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે. જ્યારે પોલીસની ટીમ ત્યાં પહોંચી ત્યારે સ્થાનિક પઢાર જ્ઞાતિના લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. ઉશ્કેરાયેલા ૧૦૦થી વધુ લોકોના ટોળાએ પોલીસ કર્મચારીઓ પર હુમલો કરી તેને નીચે પાડી દીધા હતા અને રસ્તા પર દોડાવી-દોડાવીને માર માર્યો હતો. આ હિંસક ઘટના બાદ પોલીસે કડક વલણ અપનાવી ૧૦૦થી વધુ શખ્સો સામે રાયોટિંગનો ગુનો નોંધ્યો હતો. વધુ આરોપીઓને શોધવા માટે હ્યુમન ઈન્ટેલિજન્સ અને સીસીટીવીની મદદ લેવામાં આવી રહી છે આ મામલે DySP તપનસિંહ ડોડિયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, ’પ્રાથમિક પૂછપરછમાં કોઈ પૂર્વયોજિત કાવતરું કે ખાસ ઈરાદો જણાયો નથી. દરોડા દરમિયાન અચાનક ટોળું ભેગું થઈ ગયું હતું અને ઉશ્કેરાટમાં આ હુમલો થયો હતો. પકડાયેલા આરોપીઓ ગામના જ પઢાર જ્ઞાતિના લોકો છે અને તેમનો કોઈ અગાઉનો ગુનાહિત ઈતિહાસ નથી. જો કે, મુખ્ય બુટલેગર અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો છે, જેને પકડવા માટે વધુ તપાસ શરૂ છે.’

### કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુએ ભાવનગરમાં મુંબઈની નવી ફ્લાઈટને ફ્લેગ ઓફ કરાવ્યું

# અમદાવાદના ચર્ચાસ્પદ પ્લેન ક્રેશ અંગેનો રિપોર્ટ ટૂંક સમયમાં આવશે : રાજકોટમાં કાર્ગો ટર્મિનલ

● ભારત દુનિયાનું ત્રીજું સૌથી મોટું ડોમેસ્ટિક એવિએશન માર્કેટ બની ગયું છે : નાયડુ

● રાજકોટમાં ઉડાન યાત્રી કાફેનું કર્યું ઉદ્‌ઘાટન : ગલ્ફથી ૫ લાખ લોકો પરત લવાયા : મંત્રી

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, ભાવનગર, તા.૨૯

આજે ૨૯ માર્ચના કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એક સાથે દેશના ૫૭ એરપોર્ટ પર અલગ-અલગ સુવિધાઓનું વર્ચ્યુઅલ લોકાર્પણ સાથે રાજકોટનાં ઉડાન યાત્રી કાફેનું ઉદ્‌ઘાટન કર્યું છે. સવારે ભાવનગર ખાતે ઈન્ડિગોની નવી મુંબઈની ફ્લાઈટને ફ્લેગ ઓફ કરાવ્યા બાદ તેઓ રાજકોટ એરપોર્ટ પર પહોંચ્યાં હતાં. ઉડાન યાત્રી કાફે ખુલવાથી હવે એરપોર્ટ પર મુસાફરોને રૂા.૧૦માં ચા અને રૂ.૨૦માં કોફી મળી રહેશે.

આ દરમિયાન રામમોહન નાયડુએ મહત્વના મુદ્દાઓને લઈ કહ્યું કે, રાજકોટમાં વહેલી તકે ઈન્ટરનેશનલ ફ્લાઈટ, એર કાર્ગો ટર્મિનલ શરૂ થશે. દેશમાં ૧૦૦ નવા એરપોર્ટ, ૨૦૦ હેલિપેડ બનશે. યુદ્ધ વચ્ચે ગલ્ફ દેશોમાંથી ૫ લાખ લોકોને ભારત પરત લાવ્યા છે. એર ઈન્ડિયા પ્લેન ક્રેશનો તપાસ રિપોર્ટ ટૂંક સમયમાં જાહેર થશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ કિંજરાપુએ જણાવ્યુ હતુ કે, રાજકોટ સહિત દેશના ૫૭ એરપોર્ટ ઉપર અલગ-અલગ નાગરિક સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. દેશમાં ૧૧ એરપોર્ટ પર ઉડાન કાફે, ૮ જગ્યાએ DG યાત્રા, ૫૦ જગ્યાએ વાઈફાઈ ફેસેલિટિ, ૧૧ અવસર આઉટલેટ, ૧૦ કિડ્ઝ પ્લે ઝોન, ૧૬ ફ્લાયબ્રેરિઝ અને ૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્કનું પણ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટથી વર્ચ્યુઅલી લોકાર્પણ કરાયું છે.


(તસવીર : ફેઝલ કાઝી, ભાવનગર)

રાજકોટથી કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ કિંજરાપુએ દેશના ૫૭ એરપોર્ટ અલગ-અલગ સુવિધાઓનું લોકાર્પણ કર્યું. વધુમાં ઉમેર્યું કે, રાજકોટમાં શરૂ થયેલા ઉડાન કાફેથી રૂ.૧૦માં ચા, રૂા.૨૦માં કોફી અને સમોસા મળશે. કેન્દ્ર સરકાર દ્વારા એવિએશન વિભાગ માટે રૂા.૨૯૦૦૦ કરોડની મંજૂરી મળી ચૂકી છે. આગામી ૧૦ વર્ષમાં ૧૦૦ નવા એરપોર્ટનું નિર્માણ કરવામાં આવશે અને ૨૦૦ હેલિપેડ બનાવવામાં આવશે, જે નોર્થ ઈસ્ટમાં બનશે. આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, ગલ્ફ યુદ્ધને લીધે સિવિલ એવિએશનને અસર પહોંચી છે. ભારતમાં ઘણા લોકો ગલ્ફ દેશમાં રહે છે અથવા ત્યાંથી કનેક્ટેડ દેશમાં રહે છે. એર સ્પેસ બંધ થઈ તેની અસર જોવા મળી હતી. અમે અન્ય દેશમાંથી હવાઈ રૂટ માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. અત્યાર સુધીમાં ૫ લાખથી વધુ લોકોને ઓપરેશન મારફત ગલ્ફ દેશોમાંથી ભારત પરત લાવ્યા છીએ. જ્યારે અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશને લઈ મહત્વનું નિવેદન સામે આવ્યુ છે. વિમાન દુર્ઘટનાને લીધે ૯ મહિના જેવો સમય થઈ ગયો છે. સમગ્ર દુર્ઘટનામાં યોગ્ય રીતે તપાસ ચાલુ છે. ટૂંક સમયમાં દુર્ઘટનાનો રિપોર્ટ આવશે તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, રાજકોટમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ થાય તે માટેની લાંબા સમયથી ડિમાન્ડ છે. ઈમિગ્રેશનની પ્રક્રિયામાં ધ્યાન આપીને વહેલી તકે અહીં ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થાય તે માટેના પ્રયાસો છે. આ સાથે જ અહીં જૂના ટર્મિનલ ઉપર કાર્ગો ટર્મિનલનું નિર્માણ કરવામાં આવશે. આ દરમિયાન રાજયસભા સાંસદ રામ મોકરિયાએ વહેલી તકે ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવા માટે ડિમાન્ડ મુકી હતી. જ્યારે લોકસભા સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ કાર્ગો સર્વિસની ડિમાન્ડ મૂકી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ લોકસભા સાંસદ પુરૂષોત્તમ રૂપાલા, રાજયસભા સાંસદ રામ મોકરિયા, રાજયસભા સાંસદ કેસરીદેવસિંહ ઝાલા તેમજ વાંકાનેરના ધારાસભ્ય જિતેન્દ્ર સોમાણી ઉપસ્થિત રહ્યા હતા. જે બાદ કેન્દ્રીય મંત્રી એરપોર્ટ ટર્મિનલની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. કેન્દ્રીય મંત્રી રામ મોહન નાયડુ સાથે સિવિલ એવિએશનના સેક્રેટરી સમીરકુમાર સિન્હા અને એરપોર્ટ ઓથોરિટીના ચેરમેન વિપિનકુમાર પણ રાજકોટ આવી પહોંચ્યા હતા. ભાવનગર એરપોર્ટ ખાતેથી તા.૨૯ માર્ચ ૨૦૨૬થી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે સીધી ફ્લાઈટ સેવાનો પ્રારંભ કરાવતાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ ભાવનગર એરપોર્ટ ખાતે ઉપસ્થિત રહીને આ પ્રથમ ફ્લાઈટને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ તકે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે આજરોજ ભાવનગરથી નવી મુંબઈ વિમાની સેવાનો પ્રારંભ થઈ રહ્યો છે જે બદલ ભાવનગરની જનતાને અભિનંદન. વધુમાં તેમણે કહ્યું કે ભાવનગરથી નવી મુંબઈની કનેક્ટિવિટી એ માત્ર લોકલ કનેક્ટિવિટી નથી પરંતુ આ એર કનેક્ટિવિટીથી ભાવનગર દેશ અને દુનિયા સાથે જોડાઈ રહ્યું છે. પ્રવાસન ક્ષેત્રને મોટો ફાયદો થશે.

અલંગથી ઓળખ ધરાવતા ભાવનગરના લોકો જહાજને જેટલો પ્રેમ કરે છે તેટલો જ પ્રેમ અને સન્માન હવાઈ જહાજને પણ આપે છે તે જાણી ઘણો આનંદ થયો તેમ કહેતા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ તેમના અભિવાદન બદલ ભાવનગરની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો. વધુમાં મંત્રીએ જણાવ્યું કે વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા હવાઈ ક્ષેત્રના વિકાસની ભૂમિકા ઘણી જ મહત્વની બની રહી છે. ભારત સરકાર દ્વારા નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં હરણફાળ પ્રગતિ થઈ રહી છે. સરકારની ઉડાન યોજના એક ક્રાંતિકારી યોજના છે જેની પ્રેરણા વિશ્વના અન્ય દેશો પણ લઈ રહ્યા છે. ઉડાન યોજનાની સફળતાને ધ્યાને લઈ આવનાર ૧૦ વર્ષોમાં ઉડાન યોજના માટે ૨૮ હજાર કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આવનાર ૧૦ વર્ષમાં દેશમાં વધુમાં તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે વિમાન પ્રવાસ એ લક્ઝરી ગણાતો હતો મધ્યમ વર્ગની કલ્પનામાં પણ નહોતો. જે હવે ઉડાન યોજના બાદ વિમાન પ્રવાસ માત્ર ખાસ વ્યક્તિઓ માટેનો ના રહેતા આમ જનતા માટેનો થઈ ગયો છે.

### ગુજકેટ માટે નોંધાયેલા ૧.૩૬ લાખ વિદ્યાર્થીઓમાંથી પરીક્ષામાં ૧.૩૨ લાખ વિદ્યાર્થી હાજર

# ગુજકેટ સરળ રહેતા વિદ્યાર્થીઓને હાશકારો; અમુક પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ અટવાઈ ગયા

### કેમેસ્ટ્રીમાં પ્રશ્નો ટ્વિસ્ટ કરાયા, ફિઝિક્સ પુસ્તક આધારિત, ગણિત એવરેજ અને બાયોલોજીમાં અમુક પ્રશ્નો અઘરા રહ્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯

રાજ્યની ઈનજેરી - ફાર્મસી કોલેજોમાં પ્રવેશ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટ લેવામાં આવી હતી. ગુજકેટમાં ચારેય પ્રશ્નપત્ર પ્રમાણમાં સરળ રહ્યા હતા, પરંતુ બાયોલોજીના પેપર વિદ્યાર્થીઓની કસોટી કરી હતી. કેમેસ્ટ્રીમાં પ્રશ્નો ટ્વિસ્ટ કરાયા હતા, જ્યારે ફિઝીક્સનું પેપર પુસ્તક આધારીત સરળ રહ્યું હતું. બાયોલોજીમાં અમુક પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ અટવાયા હતા. જ્યારે ગણિતનું પેપર એવરેજથી સરળ પ્રકારનું રહ્યું હતું.

ડિગ્રી ઈજનેરી અને ફાર્મસી કોલેજોમાં પ્રવેશ માટે ગુજકેટ રવિવારના રોજ લેવામાં આવી હતી. જેમાં પ્રથમ સેશનમાં કેમેસ્ટ્રી અને ફિઝીક્સના પેપરમાં નોંધાયેલા ૧૩૬૧૦૦ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષામાં ૧૩૨૪૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે બીજા સેશનમાં બાયોલોજીમાં ૭૭૬૦૭ વિદ્યાર્થીઓ પૈકી ૭૫૫૧૪ વિદ્યાર્થી હાજર રહ્યા હતા. જ્યારે છેલ્લા સેશનમાં ગણિતમાં ૫૮૯૨૪ વિદ્યાર્થીઓમાંથી ૫૭૧૫૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ગુજકેટની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. સવારે ૯-૩૦ વાગ્યે શરૂ થયેલી ગુજકેટ ચાર તબક્કામાં સાંજે ૫ વાગ્યે પૂર્ણ થઈ હતી. તમામ પેપર પ્રમાણમાં સરળ રહેતા વિદ્યાર્થીઓને રાહત થઈ હતી. હવે બોર્ડ દ્વારા આગામી દિવસોમાં ગુજકેટની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરશે. ગુજકેટમાં કેમેસ્ટ્રીનું પેપર પુસ્તક આધારીત રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો સરળ અને જલદી સોલ્વ થાય તે પ્રકારના હતા. પેપરમાં ૪ પ્રશ્નો જ પુસ્તકના કોર્નરમાંથી પુછવામાં આવ્યા હતા. જ્યારે ફિઝીક્સનું પેપર ખુબ જ સરળ રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો પુસ્તકમાંથી જ પૂછવામાં આવ્યા હતા અને ફોર્મ્યુલા આધારીત જ પ્રશ્નો પૂછાયા હોવાથી વિદ્યાર્થીઓને પેપર સરળ લાગ્યું હતું. બાયોલોજીનું પેપર મધ્યમ પ્રકારનું કહી શકાય તેવું હતું. પેપરમાં ૩-૪ જેટલા પ્રશ્નો એવા હતા કે તે હોંશિયાર વિદ્યાર્થીઓને પણ અઘરા લાગ્યા હતા. ગણિતનું પેપર એકંદરે એવરેજથી સરળ કહી શકાય તે પ્રકારનું હતું. પેપરમાં NCERT લેવલના ૨૦ જેટલા MCQ જોવા મળ્યા છે. સમગ્ર પેપર પુસ્તક આધારીત પૂછાયું હતું.

### શેરબજારમાં ૨૦ ટકા રિટર્નની લાલચમાં યુવાને લાખો રૂપિયા ગુમાવ્યા

# SEBIના બોગસ સર્ટિફિકેટ બતાવી ઠગોએ યુવકને રૂા.૨.૪૯ કરોડનો આભાસી નફો બતાવ્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯

રાજયમાં સાયબર છેતરપિંડીના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. ઓનલાઈન ટ્રાન્ઝેક્શન, ડિજિટલ પેમેન્ટ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ વધતા ઠગો નવી-નવી રીતોથી લોકોને ટાર્ગેટ કરી રહ્યા છે. બીજી બાજુ રાજયમાં ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરમાં વેજલપુર વિસ્તારમાં રહેતા અને એક જાણીતી ફાર્મા કંપનીમાં સીનિયર એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતા ૩૫ વર્ષીય યુવક સાથે ૨૨ લાખ રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ઠગોએ SEBIના નકલી સર્ટિફિકેટ બતાવી યુવકને વિશ્વાસમાં લીધો હતો. કેસની વિગત મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ અમદાવાદમાં સ્થાયી થયેલા સચિન કાકડેના મોબાઈલ પર ગત ફેબ્રુઆરી

#### નકલી એપ્લિકેશન અને દસ્તાવેજોનો ખેલ

૨૦૨૬માં એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં ‘F5 Indian Stock Market Investor Discussion Group’માં જોડાવાની લિંક હતી. આ ગ્રૂપમાં જોડાયા બાદ જતીન શર્મા નામના એડમિને પોતાની ઓળખ ‘વેલ્થ અલાયન્સ ગ્રૂપ’ના મેમ્બર તરીકે આપી શેરબજારમાં ટિપ્સ આપવાનું શરૂ કર્યું હતું. ઠગે સચિનભાઈને વધુ નફો કમાવવા માટે ‘FARLY LLP' નામની એક શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. યુવકને શંકા ન જાય તે માટે ઠગોએ SEBI (સેબી) અને ‘U.S. Securities and Exchange Commission’ના સિક્કાવાળા નકલી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સ મોકલી આપ્યા હતા. આ હાઈ-ટેક ડોક્યુમેન્ટ્સ જોઈને સચિનભાઈ વિશ્વાસમાં આવી ગયા હતા અને રોકાણ શરૂ કર્યું હતું. સચિનભાઈએ શરૂઆતમાં કરેલા રોકાણ પર એપ્લિકેશનમાં ૧૦થી ૨૦ ટકા પ્રોફિટ દેખાડવામાં આવતો હતો. આ જોઈ તેમણે અલગ-અલગ બેંક ખાતાઓ દ્વારા કુલ ૨૨ લાખ રૂપિયાનું રોકાણ કરી દીધું. થોડા સમય બાદ તેમના ટ્રેડિંગ એકાઉન્ટમાં ૨.૪૯ કરોડ રૂપિયાનો તોતિંગ નફો દેખાવા લાગ્યો હતો. જોકે, જ્યારે તેમણે આ રકમ ઉપાડવાનો પ્રયત્ન કર્યો, ત્યારે ઠગોએ ટેક્સના નામે વધુ ૩૦,૭૪,૮૬૧ રૂપિયાની માંગણી કરી હતી. આ સમયે સચિનભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. પોતાની મહેનતના ૨૨ લાખ રૂપિયા ગુમાવ્યા બાદ સચિન કાકડેએ તાત્કાલિક અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી જે બેંક ખાતાઓમાં રકમ ટ્રાન્સફર થઈ છે તેની વિગતો મેળવી ઠગો સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.


રોઝા મુબારક



માહે રમઝાન શરીફના ૩૦ રોઝા રાખવા બદલ ખૂબ ખૂબ મુબારક

ઘાંચી મિસ્કાત ફાતેમા રીઝવાન અહેમદ
ઉંમર ૮ વર્ષ

શુભેચ્છક
એપેક્ષ બેકરી, ધોળકા
રાઝ હિના મહેંદી કોન, ધોળકા


For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com